# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

12 MARCH, 2026 THURSDAY

પેજ 2

મનની શાંતિ માટે ભૂલને ભૂલતા શીખવું જ પડેઃ એક આંતરયાત્રા

પેજ 3

પાલડીમાં ટ્રાવેલ્સની ઓફિસમાં પાર્સલમાં બ્લાસ્ટ : FSL અને પોલીસે તપાસ હાથ ધરી

પેજ 7

ચોરી કેસમાં એક વર્ષથી નાસતો ફરતો આરોપી ધોળકાથી ઝડપાયો

પેજ 5

ડાંગનું ગૌરવઃ રાષ્ટ્રપતિના હસ્તે વઘઈના શ્રીમતી સંગીતાબેન દેશમુખનું બહુમાન

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 353 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### ટેન્કોમાં લાગી આગ; સુલ્તાને ઈરાની રાષ્ટ્રપતિને ફોન કરી નારાજગી વ્યક્ત કરી

# ઓમાનના સલાલાહ પોર્ટમાં ઓઈલ સ્ટોરેજ પર ડ્રોન હુમલો

### ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન રશિયા અને પાકિસ્તાનના નેતાઓ સાથે ફોન પર વાતચીત દરમિયાન કહ્યું કે ઈરાન વાતચીત ફરીથી શરૂ કરવા માટે તૈયાર થઈ શકે છે

• ઓમાન

ઓમાનના દક્ષિણી શહેર સલાલાહના બંદરગાહ પર ઓઈલ સ્ટોરેજ ટેન્કો પર ડ્રોન હુમલો થયો છે. ઓમાન સરકારી મીડિયા મુજબ ડ્રોન હુમલા બાદ પોર્ટની ફ્યુઅલ સ્ટોરેજ ટેન્કોમાં આગ લાગી ગઈ છે, જોકે કોઈના જાનહાનિના સમાચાર નથી.આ હુમલા પાછળ કોનો હાથ છે, તે હજુ સ્પષ્ટ નથી. સમુદ્રી સુરક્ષા કંપની એમ્બ્રેએ જણાવ્યું કે આ ઘટનામાં પોર્ટ પર હાજર કોઈ વ્યાપારી જહાજને નુકસાન થયું નથી.

ઘટના બાદ ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક અલ-સઈદે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન સાથે ફોન પર વાત કરી અને ઓમાની વિસ્તાર પર થઈ રહેલા હુમલાઓ પર નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે ઓમાન પોતાની સુરક્ષા અને સ્થિરતા જાળવી રાખવા માટે તમામ જરૂરી પગલાં લેશે. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ સંબંધિત અપડેટ્સ માટે નીચેના બ્લોગ વાંચો

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન રશિયા અને પાકિસ્તાનના નેતાઓ સાથે ફોન પર વાતચીત દરમિયાન કહ્યું કે ઈરાન વાતચીત ફરીથી શરૂ કરવા માટે તૈયાર થઈ શકે છે. જોકે ઈરાને આ માટે ત્રણ શરતો રાખી છે. જેમાં ઈરાનના સાર્વભૌમ અધિકાર, નુકસાનનું વળતર અને ભવિષ્યમાં આવા હુમલા ન થવાની ગેરંટી સામેલ છે. ઈરાન હવે બીજી તરફથી જવાબની રાહ જોઈ રહ્યું છે.લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે ઈઝરાયલના હુમલામાં બાલબેક જિલ્લાના શાઅત કસ્બામાં ઓછામાં ઓછા 8 લોકોના મોત થયા છે. હુમલામાં 3 લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. બીજી તરફ બેરૂતના દક્ષિણી ઉપનગરોમાં થયેલા હુમલાઓમાં ઓછામાં ઓછા 17 લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હિઝબુલ્લાહે કહ્યું છે કે તેણે ઈઝરાયલના અનેક સૈન્ય મથકો પર



રોકેટ છોડ્યા છે. સંગઠનનું કહેવું છે કે આ હુમલો લેબનોન પર ઈઝરાયલના હુમલાના જવાબમાં કરવામાં આવ્યો હતો. અમિયાદ અને સેમસન સૈન્ય મથકોની સાથે-સાથે ઈઝરાયલી સેનાના ઉત્તરી કમાન મુખ્યાલય અને સફદ પાસેના એન જૈતિમ મથકને નિશાન બનાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત હાઈફા શહેરમાં નૌસેનિક મથક અને કાર્મેલ વાયુસેના મથક પર પણ મિસાઈલો છોડવામાં આવી હતી.એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ ગુરુવારે મિડલ ઈસ્ટ માટે અને ત્યાંથી કુલ 58 ફલાઈટ્સનું સંચાલન કરશે. આમાં રૂટિન અને સ્પેશિયલ એમ બંને પ્રકારની ફલાઈટ્સનો સમાવેશ થાય છે. મુંબઈ અને કોઝિકોડથી સાઉદી અરેબિયાના રિયાધ માટે વિશેષ ફલાઈટ્સ પણ ચલાવવામાં આવશે, જ્યારે જેદ્દાહ અને મસ્કત માટે નિયમિત સેવાઓ ચાલુ રહેશે.આ ઉપરાંત સંયુક્ત આરબ અમીરાત (UAE) અને સાઉદી અરેબિયા માટે આશરે 40 વધારાની ફલાઈટ્સ પણ ચલાવવામાં આવશે. એરલાઈન્સે મુસાફરોને સલાહ આપી છે કે જેમની ફલાઈટ્સ પ્રભાવિત થઈ છે, તેઓ કોઈ પણ વધારાના શુલ્ક વિના તેમની મુસાફરીની તારીખ બદલી શકે છે અથવા પૂરા પૈસા પાછા મેળવી શકે છે.કતારમાં વધતા તણાવ વચ્ચે 500થી વધુ ભારતીયોને સુરક્ષિત બહાર કાઢીને ભારત મોકલવામાં આવ્યા છે. આ લોકો કતાર એરવેઝની ફલાઈટ્સ દ્વારા નવી દિલ્હી અને અન્ય શહેરોમાં પહોંચ્યા.કતારમાં ભારતીય દૂતાવાસે ત્યાં રહી રહેલા ભારતીયોને સાવધ રહેવા અને કોઈ શંકાસ્પદ વસ્તુ કે કાટમાળ પાસે ન જવાની સલાહ આપી છે. દૂતાવાસે મદદ માટે હેલ્પલાઈન પણ જાહેર કરી છે.બેરૂત સ્થિત ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર લેબનોનથી 177 ભારતીય નાગરિકોનો પ્રથમ સમૂહ વિશેષ વિમાન દ્વારા નવી દિલ્હી મોકલવામાં આવ્યો. આ ફલાઈટ તેમના એમ્પ્લોયર (નિયોક્તા) દ્વારા આયોજિત કરવામાં આવી હતી. આ દરમિયાન નૂર રહેમાન શેખે બેરૂત-રફીક હરીરી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તમામ મુસાફરોને વિદાય આપી. ભારતીય દૂતાવાસે કહ્યું કે તે લેબનોનમાં હાજર ભારતીય નાગરિકોની શક્ય તેટલી તમામ મદદ માટે પ્રતિબદ્ધ છે.ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકાની સૈન્ય કાર્યવાહીથી ઈરાનની સેનાને મોટું નુકસાન થયું છે અને તેની નૌસેના તથા વાયુસેના નબળી પડી ગઈ છે.

### ઈરાન યુદ્ધ વચ્ચે સપ્લાય બંધ થયા બાદ નિર્ણય

## રશિયા પાસેથી 3 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ ખરીદશે ભારત:રિલાયન્સ-IOCએ બુકિંગ કર્યું

• નવી દિલ્હી

ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ રૂટ બંધ થઈ ગયો છે. આવી સ્થિતિમાં, ક્રૂડ ઓઈલનો પુરવઠો બંધ થયા પછી, ભારત લગભગ 3 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ રશિયા પાસેથી ખરીદશે. આ દાવો બ્લૂમબર્ગના રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં જણાવાયું છે કે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવી કંપનીઓએ રશિયા સાથે તેલના કરાર કર્યા છે. તાજેતરમાં અમેરિકાએ દરિયામાં ફસાયેલા રશિયન તેલના શિપમેન્ટ ખરીદવા માટે ભારતને 30 દિવસ (3 એપ્રિલ સુધી)ની છૂટ આપવાનો દાવો કર્યો હતો.

જોકે, આ અંગે ભારતીય અધિકારીઓ કહી ચૂક્યા છે કે ભારત તેલ ખરીદવા માટે કોઈ પણ દેશની પરવાનગી પર નિર્ભર નથી.

કાર્ગો શિપ રશિયાથી ક્રૂડ ઓઈલ ટેન્કરોમાં ભરીને એશિયન દેશોની આસપાસ વેઈટિંગ મોડમાં ઊભા છે. રિપોર્ટ અનુસાર, અમેરિકા અને ઈઝરાયલના ઈરાન પરના હુમલાઓ પછી 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' દ્વારા થતી તેલની સપ્લાય પ્રભાવિત થઈ છે. આવી સ્થિતિમાં, ભારતીય રિફાઈનર્સે તે રશિયન જહાજોને સુરક્ષિત કર્યા છે જેઓ પહેલાથી જ એશિયન સમુદ્રમાં હાજર હતા, પરંતુ તેમને ખરીદદારો મળી રહ્યા ન હતા.વેપારીઓનું કહેવું છે કે ઈન્ડિયન ઓઈલે લગભગ 1 કરોડ બેરલ અને રિલાયન્સે પણ ઓછામાં ઓછું 1 કરોડ બેરલ તેલ ખરીદ્યું છે. બાકીનું તેલ અન્ય ભારતીય રિફાઈનિંગ કંપનીઓએ લીધું છે. શિપિંગ ડેટા પરથી જાણવા મળ્યું છે કે રશિયન જહાજો 'માયલો' અને 'સારા' જેવા ઘણા મોટા તેલ ટેન્કરો, જેઓ અગાઉ સિંગાપોર તરફ જઈ રહ્યા હતા, તેમણે હવે ભારતના બંદરો તરફ પોતાનો રસ્તો વાળ્યો છે. અમેરિકી છૂટ મળ્યાના તરત જ આ જહાજોના ગંતવ્ય સ્થાન બદલી દેવામાં આવ્યા. રશિયાએ આ વખતે યુરાલ્સ, ESPO અને વરાન્ડે જેવા ગ્રેડનું તેલ ઓફર કર્યું છે.છેલ્લા કેટલાક મહિનામાં ભારતે રશિયા પાસેથી તેલની ખરીદી ઘટાડી દીધી હતી અને તેની જગ્યાએ સાઉદી અરેબિયા અને ઈરાક પાસેથી વધુ તેલ લેવાનું શરૂ કર્યું હતું. આંકડાઓ અનુસાર, ફેબ્રુઆરીમાં રશિયા પાસેથી આયાત ઘટીને દરરોજ 10.6 લાખ બેરલ રહી ગઈ હતી, જે 2024ના મધ્યમાં દરરોજ 20 લાખ બેરલથી વધુ હતી.

## 133 મુસાફરોના જીવ માંડ બચ્યા!:એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટનું લેન્ડિંગ દરમિયાન પૈડું નીકળી ગયું

• બેંગકોક

થાઈલેન્ડમાં એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ બુધવારે બપોરે લેન્ડિંગ દરમિયાન અકસ્માતનો ભોગ બની. વિમાન રનવે પર ઉતરતા જ તેનું નોઝ ગિયર તૂટી ગયું અને આગળનું પૈડું અલગ થઈ ગયું. આ ફ્લાઈટ હૈદરાબાદથી ફુકેટ જઈ રહી હતી.થાઈ અખબાર ધ નેશન અનુસાર, ઘટના બાદ થોડા સમય માટે રનવે બંધ કરવો પડ્યો હતો, જોકે વિમાનમાં સવાર તમામ 133 મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા અને કોઈના ઘાયલ થવાના સમાચાર નથી. આ ફ્લાઈટ નિર્ધારિત સમય પહેલા ફુકેટ પહોંચી ગઈ હતી. વિમાનનો નિર્ધારિત લેન્ડિંગનો સમય સવારે 11:40 હતો, પરંતુ તે 11:24 વાગ્યે જ ઉતરી ગયું. કહેવામાં આવી રહ્યું છે કે વિમાનનું લેન્ડિંગ ખૂબ ઝડપી થયું, જેના કારણે તેના આગળના લેન્ડિંગ ગિયરને નુકસાન થયું. પૈડું અલગ થઈ જવાને કારણે વિમાનને તરત રનવે પરથી હટાવી શકાયું નહીં. રનવે પર સફેદ પાવડર પણ દેખાઈ રહ્યો છે, જેને સામાન્ય રીતે એરપોર્ટની રેસ્ક્યુ ટીમ સુરક્ષા માટે છાંટે છે, જેથી જો ઈંધણ લીક થાય તો આગ લાગવાનું જોખમ ઓછું કરી શકાય. રનવે પર સફેદ પાવડર પણ દેખાઈ રહ્યો છે, જેને સામાન્ય એરપોર્ટ અધિકારીઓએ પરિસ્થિતિને ઝડપથી કાબૂમાં લીધી. વિમાનમાં સાત ક્રૂ સભ્યો, 131 મુસાફરો અને બે બાળકો સવાર હતા. આ ઘટના પછી, ફુકેટ ઈન્ટરનેશનલ એરપોર્ટે રનવેને અસ્થાયી રૂપે બંધ કરી દીધો જેથી વિમાનને હટાવી શકાય અને રનવેની સુરક્ષા તપાસ કરી શકાય. એરપોર્ટ અનુસાર, એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ AXB938 હૈદરાબાદથી ફુકેટ આવી હતી.

### ઓઈલ સપ્લાય ઠપ થશે એવું વિચાર્યું નહોતું

## ટ્રમ્પ પાસે યુદ્ધ સમાપ્ત કરવાનો કોઈ પ્લાન નથી ઈરાનની તાકાતનો ખોટો અંદાજ લગાવ્યો

• વોશિંગ્ટન ડીસી

18 ફેબ્રુઆરીના રોજ જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એ નક્કી કરી રહ્યા હતા કે ઈરાન પર હુમલો કરવો કે નહીં, ત્યારે ઊર્જા મંત્રી ક્રિસ રાઈટે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેમને એ ચિંતા નહોતી કે જો યુદ્ધ થશે તો મિડલ ઈસ્ટમાંથી ઓઈલના પુરવઠા પર અસર પડશે કે ઓઈલના બજારમાં મોટી ગડબડ થશે.રાઈટે કહ્યું હતું કે ગયા વર્ષે જૂનમાં જ્યારે ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાન પર હુમલા કર્યા હતા, ત્યારે પણ ઓઈલ બજાર પર વધારે અસર પડી નહોતી. તેમના મતે તે સમયે ઓઈલની કિંમત થોડી વધી હતી, પરંતુ જલ્દી જ ફરી નીચે આવી ગઈ હતી.ટ્રમ્પના અન્ય સલાહકારો પણ અંગત રીતે આવા જ મત ધરાવતા હતા. તેમનું માનવું હતું કે ચેતવણીઓ અતિશયોક્તિપૂર્ણ રીતે આપવામાં આવી રહી છે અને ઈરાન કદાચ જ આ વખતે ઓઈલ લઈ જનારા દરિયાઈ માર્ગોને બંધ કરશે, જેમાંથી દુનિયાનો લગભગ 20 ટકા ઓઈલ પુરવઠો પસાર થાય છે.પરંતુ તાજેતરના દિવસોમાં આ આકલન ખોટું સાબિત થતું દેખાયું. ઈરાને ધમકી આપી કે તે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા ઓઈલના ટેન્કરો પર હુમલો કરી શકે છે. આ એ જ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે જેમાંથી પસાર થઈને ફારસની ખાડીમાંથી નીકળતા તમામ જહાજો પસાર થાય છે.

ઈરાનની આ ધમકીઓ બાદ ખાડી ક્ષેત્રમાં વ્યાવસાયિક જહાજોની અવરજવર લગભગ અટકી ગઈ છે. આ કારણે ઓઈલની કિંમતો એક સમયે 110 ડોલર પ્રતિ બેરલને સ્પર્શી ગઈ હતી. ટ્રમ્પ પ્રશાસન હવે આર્થિક સંકટને કાબૂમાં કરવાના રસ્તાઓ શોધવામાં લાગી ગયું છે. આ સંકટને કારણે અમેરિકામાં પેટ્રોલની કિંમતો પણ વધી ગઈ છે. આ ઘટના એ પણ દર્શાવે છે કે ટ્રમ્પ અને તેમના સલાહકારોએ ખોટો અંદાજ લગાવ્યો હતો કે ઈરાન આ યુદ્ધ પર કેવી પ્રતિક્રિયા આપશે. ઈરાન આ સંઘર્ષને પોતાના અસ્તિત્વ સાથે જોડાયેલો ખતરો માની રહ્યું છે.ગયા વર્ષે જૂનમાં થયેલા 12 દિવસના યુદ્ધની સરખામણીમાં આ વખતે ઈરાને ક્યાંય વધુ આક્રમક પ્રતિક્રિયા આપી છે. તેણે અમેરિકાના સૈન્ય ઠેકાણાઓ, મિડલ ઈસ્ટના ઘણા આરબ દેશોના શહેરો અને ઈઝરાયેલના વસ્તીવાળા વિસ્તારો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે.આ હુમલાઓને કારણે અમેરિકી અધિકારીઓને ઘણા પ્લાન તરત બદલવા પડ્યા.

## ઈઝરાયલના ઈરાન સાથેના યુદ્ધને કારણે દેશભરમાં LPGની અછત, એજન્સીની બહાર લાંબી લાઈન

### UP-બિહારમાં પોલીસ સુરક્ષામાં સિલિન્ડર વહેંચાઈ રહ્યા છે, રાજસ્થાનમાં કાળાબજારી શરૂ

• નવી દિલ્હી

અમેરિકા-ઈઝરાયલના ઈરાન સાથેના યુદ્ધને કારણે દેશભરમાં LPGની અછત સર્જાઈ રહી છે. ગેસ સિલિન્ડર લેવા માટે એજન્સીઓ પર લાંબી લાઈનો લાગી છે.દિલ્હી, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સહિત ઘણા રાજ્યોએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના સપ્લાય પર પ્રતિબંધ મૂકતા હોટલો અને રેસ્ટોરન્ટમાં ભોજન બની શકતું નથી.

કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો સપ્લાય ઠપ થવાથી સૌથી મોટો સંકટ હોટલ-રેસ્ટોરન્ટ પર છે. જ્યારે ઘરેલું રસોઈ ગેસ લેવા માટે ગેસ એજન્સીઓની બહાર લાંબી લાઈન લાગી છે.જે ઘરોમાં લગ્ન છે, તેઓ તણાવમાં છે. એકલા ભોપાલમાં જ 20 દિવસમાં એક હજારથી વધુ લગ્નો છે. કેટરર્સનું કહેવું છે કે આ ઈમરજન્સી જેવી સ્થિતિ છે.ઉત્તર પ્રદેશમાં બુકિંગના 4 થી 5 દિવસ પછી પણ સિલિન્ડર મળી રહ્યા નથી. ગેસ એજન્સીઓની બહાર લાઈનો લાગવા માંડી છે. ગોરખપુર-સિદ્ધાર્થનગરમાં પોલીસ સુરક્ષામાં સિલિન્ડરનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. એજન્સીઓ પર વહેલી સવારે 3 વાગ્યાથી જ લોકો લાઈન લગાવવા પહોંચી રહ્યા છે. કલાકો સુધી રાહ જોઈ રહ્યા છે, પરંતુ સિલિન્ડર મળી રહ્યા નથી. કારણ- સિલિન્ડર ઓછા છે અને લેનારાઓની સંખ્યા વધુ છેઅહીં પણ 2 દિવસથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરનું બુકિંગ બંધ છે. આ કારણે હોટલ, રેસ્ટોરન્ટ પર અસર પડી છે. ઘરેલું ગેસને લઈને પણ રાજ્યના ઘણા જિલ્લાઓમાં લોકોની લાંબી લાઈન જોવા મળી.ગોપાલગંજ, ખગડિયા, ઔરંગાબાદ, પટના સહિત ઘણા જિલ્લાઓમાં લોકો સવારથી જ ગેસ એજન્સી પહોંચવા લાગ્યા. ઘણી એજન્સીઓમાં તાળા લટકેલા છે. કોઈ કર્મચારી પણ અહીં હાજર નથી. કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો સપ્લાય સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. આવી સ્થિતિમાં, અલગ-અલગ એજન્સીઓ નિર્ધારિત કિંમત કરતાં વધુ ભાવે સિલિન્ડરની કાળાબજારી કરી રહી છે. જયપુરમાં 1911 રૂપિયામાં મળતો સિલિન્ડર 2500 રૂપિયા સુધીમાં વેચાઈ રહ્યો છે.

### ચાંદી 1,886 ઘટીને 2.69 લાખ/કિલો પર આવી

## સોનું 505 વધીને 1.60 લાખ પર પહોંચ્યું આ વર્ષે કિંમતમાં 27 હજારનો વધારો

• નવી દિલ્હી

સોનામાં નજીવો વધારો અને ચાંદીમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 505 રૂપિયા વધીને 1.61 લાખ પર પહોંચી ગયું છે. આ પહેલા મંગળવારે તેની કિંમત 1.60 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.જ્યારે, એક કિલો ચાંદી 1,886 રૂપિયા ઘટીને 2.69 લાખ પર પહોંચી ગઈ છે. આ પહેલા મંગળવારે તેની કિંમત 2.71 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ કંપની UBS અનુસાર સોનાની માગમાં તેજી યથાવત છે. 2025માં વિશ્વભરની કેન્દ્રીય બેંકોએ 863 ટન સોનું ખરીદ્યું હતું. હવે અનુમાન છે કે 2026માં આ ખરીદી વધીને 950 ટન સુધી પહોંચી શકે છે. આ સાથે, ગોલ્ડ ETF (ETF) માં રોકાણ પણ વધીને 825 ટન થવાની અપેક્ષા છે.UBSને પૂરો વિશ્વાસ છે કે 2026 માં સોનાની કિંમતો વધુ ઉપર જશે. રિપોર્ટ અનુસાર, વર્ષના મધ્ય સુધીમાં સોનું 6,200 ડોલર પ્રતિ ઔંસના ઊંચા સ્તરને સ્પર્શી શકે છે. જો રૂપિયાના હિસાબે વાત કરીએ તો સોનાનો ભાવ 1.80 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

## રસ્તામાં ખાડો આવતા એમ્બ્યુલન્સને ઝટકો લાગ્યો ને મહિલાનો શ્વાસ પાછો આવ્યા

### અંતિમ સંસ્કારની તૈયારી વચ્ચે મહિલાએ શ્વાસ લીધો:ડોક્ટરે બ્રેઇન ડેડ જાહેર કરી

• પીલીભીત

ઉત્તર પ્રદેશના પીલીભીતની એક મહિલાને બરેલીના ડોકટરોએ બ્રેઈન ડેડ જાહેર કરી દીધી. પરિજનોને મહિલાને ઘરે લઈ જવા માટે કહ્યું. ઘરે પણ મહિલાના અંતિમ સંસ્કારની તૈયારીઓ થવા લાગી. પતિ મહિલાને એમ્બ્યુલન્સથી લઈને ઘરે પાછો ફરવા લાગ્યો. બરેલી-હરિદ્વાર નેશનલ હાઈવે-74 પર અચાનક એમ્બ્યુલન્સના રસ્તામાં એક ખાડો આવી ગયો. આના કારણે એમ્બ્યુલન્સમાં જોરદાર ઝટકો લાગ્યો. આના કારણે મહિલાના શરીરમાં હલચલ થઈ અને તે શ્વાસ લેવા લાગી. આ જોઈને ઘરના સભ્યો ગભરાઈ ગયા અને તેને તરત જ બીજી હોસ્પિટલમાં દાખલ કરાવી. 13 દિવસની સારવાર કરાવ્યા પછી હવે મહિલા સ્વસ્થ થઈને ઘરે પાછી ફરી છે.મહિલા 22 ફેબ્રુઆરીના રોજ ઘરકામ કરતી વખતે અચાનક બેહોશ થઈ ગઈ હતી. ત્યારે તેને બરેલીની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. ત્યાં બે દિવસ સુધી તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી. ડોકટરોએ શરીરમાં કોઈ પ્રતિક્રિયા ન મળતા તેને બ્રેઈન ડેડ જાહેર કરી દીધી હતી. આ મામલો શહેર કોતવાલી પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. કુલદીપ શુક્લા (55) શહેર કોતવાલીમાં પોતાના પરિવાર સાથે રહે છે. 22 ફેબ્રુઆરીની સાંજે તેમની પત્ની વિનીતા શુક્લા (50) ઘરના કામ દરમિયાન અચાનક બેહોશ થઈને પડી ગઈ. વિનીતા પીલીભીત કોર્ટમાં વરિષ્ઠ સહાયક છે. તેમને તરત જ બરેલીની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.2 દિવસ સુધી વેન્ટિલેટર પર રહ્યા હોવા છતાં વિનીતાના શરીરમાં કોઈ હલચલ ન થઈ. તેમની આંખોની કીકીઓ ફેલાઈ ગઈ. ડોકટરોએ તેમને 'બ્રેઈન ડેડ' જેવી સ્થિતિ જણાવતા ઘરે લઈ જવાની સલાહ આપી. પતિ કુલદીપે પણ ભારે હૃદયે વિનીતાને એમ્બ્યુલન્સમાં રાખી અને પીલીભીત રવાના થઈ ગયા.કુલદીપ કુમાર શુક્લા જણાવે છે- 24 ફેબ્રુઆરીએ અમે ઘરે પાછા ફરી રહ્યા હતા. ત્યારે બરેલી હરિદ્વાર નેશનલ હાઈવે પર અચાનક એમ્બ્યુલન્સમાં ખાડાને કારણે ઝટકો લાગ્યો. ઝટકો લાગતા જ વિનીતાના શરીરમાં હલચલ થવા લાગી અને તેમના શ્વાસ ચાલવા લાગ્યા.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

અજમેર શરીફમાં કોમી એકતાના દર્શન

# ૨૦મા રોજાએ ૧૧,૦૦૦થી વધુ -મુસ્લિમ શ્રદ્ધાળુઓએ સાથે ઈફતાર કરી ધન્યતા અનુભવી

• ફકીરા ખત્રી ડભોઈ

અજમેર શરીફમાં કોમી એકતાના દર્શન: ૨૦મા રોજાએ ૧૧,૦૦૦થી વધુ -મુસ્લિમ શ્રદ્ધાળુઓએ એકસાથે ઈફતાર કરી ધન્યતા અનુભવી હતી રાજસ્થાનના અજમેરમાં આવેલી વિશ્વપ્રસિદ્ધ ખ્વાજા ગરીબ નવાજની દરગાહ હંમેશાથી કોમી એકતા અને ભાઈચારાનું પ્રતીક રહી છે. પવિત્ર રમઝાન માસ દરમિયાન અહીં શ્રધધા અને સેવાના અનોખા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ગઈકાલે ૨૦મા રોજાના અવસરે દરગાહ પરિસરમાં એક ભવ્ય ઈફતાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલીને એકસાથે રોજો ખોલ્યો હતો.

ભવ્ય આયોજન અને વ્યવસ્થા દરગાહ કમિટી અને ખાદિમ સમુદાય દ્વારા આ વિશાળ ઈફતારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સાંજ પડતાની સાથે જ દરગાહની અંદર અને આસપાસના વિસ્તારોમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી પડી હતી. ઈફતારમાં ઉપસ્થિત તમામ લોકો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં વિવિધ પ્રકારના તાજા ફળો ઠંડું પાણી અને શરબત ખજૂર અને અન્ય ખાદ્ય સામગ્રી કોમી એકતાનું અનોખું ઉદાહરણ આ આયોજનની સૌથી મોટી વિશેષતા એ હતી કે અહીં માત્ર મુસ્લિમ બિરાદરો શ્રદ્ધાળુઓ પણ સામેલ થયા હતા.૧૧,૦૦૦થી વધુ લોકોએ એકસાથે પંગતમાં બેસીને ઈફતાર કરી 'અનેકતામાં એકતા'નો સંદેશ સમગ્ર દેશમાં ફેલાવ્યો હતો ગુજરાત સહિત સમગ્ર ભારતથી ઉમટતા શ્રદ્ધાળુઓ ખ્વાજા ગરીબ નવાજની દરગાહ પ્રત્યે લોકોની અતૂટ આસ્થા છે. રમઝાન માસમાં અહીં ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી અને ઉત્તર પ્રદેશ સહિત દેશના ખૂણેખૂણેથી હજારોની સંખ્યામાં ઝાયરીનો (શ્રદ્ધાળુઓ) આવે છે. માન્યતા છે કે દરગાહ શરીફમાં રોજો ખોલવાનું વિશેષ ધાર્મિક મહત્વ છે, તેથી સાંજ સમયે અહીં શ્રદ્ધાળુઓનો મહેરામણ ઉમટી પડે છે.સ્થાનિક કમિટીના જણાવ્યા અનુસાર, દરરોજ આવતા શ્રદ્ધાળુઓ માટે ઈફતારની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવે છે જેથી કોઈ પણ વ્યક્તિ ભૂખ્યું ન રહે અને શાંતિપૂર્ણ રીતે બંદગી કરી શકે

# સાયન્સ સિટી પાસે એક બિલ્ડિંગના પાર્કિંગમાં ભીષણ આગ, 10થી વધુ કાર ખાખ

• અમદાવાદ

અમદાવાદના સાયન્સ સિટી રોડ પર આવેલા કીયા ગાડીના શો રૂમના પાર્કિંગમાં આજે(11 માર્ચ) અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ આગ બિલ્ડિંગના પાર્કિંગ વિસ્તારમાં લાગી હતી, જેના કારણે ત્યાં પાર્ક કરેલા વાહનો જોતજોતામાં આગની લપેટમાં આવી ગયા હતા. કાળા ધુમાડાના ગોટા દૂર-દૂર સુધી જોવા મળતા સ્થાનિક લોકોમાં ફાળ પડી હતી. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ત્રણ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, આ દુર્ઘટનામાં 10થી વધુ કાર બળીને ખાખ થઈ ગઈ છે.

સાહિત્યકાર

માનવ જીવન એ અનુભવોનું એક વિશાળ ભાથું છે

# મનની શાંતિ માટે ભૂલને ભૂલતા શીખવું જ પડે: એક આંતરયાત્રા

• લેખક અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

માનવ જીવન એ અનુભવોનું એક વિશાળ ભાથું છે. આ યાત્રામાં આપણે અનેક લોકોને મળીએ છીએ, અનેક ઘટનાઓનો સાક્ષી બનીએ છીએ અને ઘણી બધી યાદોને હૃદયમાં સ્થાન આપીએ છીએ. પરંતુ, આ બધી યાદો સુખદ હોતી નથી. કેટલીક યાદો એવી હોય છે જે આપણને અંદરથી કોરી ખાય છે, જે આપણી ઊંઘ હરામ કરી દે છે અને આપણી આંતરિક શાંતિને છીનવી લે છે. આ અશાંતિનું મુખ્ય કારણ છે - 'ભૂલ'. કાં તો એ ભૂલ આપણી પોતાની હોય છે, અથવા તો કોઈ બીજાએ આપણી સાથે કરેલી ભૂલ હોય છે.

મનની શાંતિ મેળવવી હોય તો એક મંત્ર જીવનમાં ઉતારવો જ પડે: 'ભૂલને ભૂલતા શીખવું જ પડે.'

૧. ભૂલનો ભાર: મન પરની ભારે શીલા

આપણે ઘણીવાર જોયું હશે કે જ્યારે આપણે કોઈ વજનદાર વસ્તુ માથા પર ઊંચકીએ છીએ, ત્યારે થોડી વાર પછી આપણી ડોક અને ખભા દુખવા લાગે છે. આપણે તરત જ એ ભાર નીચે ઉતારવા ઈચ્છીએ છીએ. પરંતુ વિચાર કરો, વર્ષો જૂની ભૂલોનો ભાર આપણે આપણા મન પર લઈને ફરીએ છીએ, તેનું શું?

ભૂતકાળમાં કરેલી કોઈ ભૂલનો પસ્તાવો કે કોઈએ આપણી સાથે કરેલા અન્યાયનો ક્રોધ - આ બંને વસ્તુઓ મન માટે ઝેર સમાન છે. જ્યાં સુધી આ ભાર નીચે નહીં ઉતારો, ત્યાં સુધી મન હળવું ફૂલ જેવું નહીં બને. મનની શાંતિ એ કોઈ બહારથી મળતી વસ્તુ નથી, એ તો અંદર રહેલી અશાંતિને દૂર કરવાથી મળતું પરિણામ છે.

૨. પોતાની ભૂલને ભૂલવી: સ્વ-ક્ષમાનો માર્ગ

ઘણીવાર આપણે બીજાને તો માફ કરી દઈએ છીએ, પણ પોતાની જાતને માફ કરી શકતા નથી. 'મેં આવું કેમ કર્યું?', 'મારી એક ભૂલને કારણે બધું બગડી ગયું', 'હું કેટલો મૂર્ખ હતો!' -આવા વિચારો આપણને આત્મગ્લાનિ (Guilt) માં ધકેલી દે છે.

સમજવાની વાત એ છે કે:માણસ



માત્ર ભૂલને પાત્ર છે. જો ભૂલ ન થાય તો એ ભગવાન બની જાય.

ભૂલ એ શીખવાની પ્રક્રિયાનો એક ભાગ છે. જેણે ક્યારેય ભૂલ નથી કરી, તેણે ક્યારેય નવું કરવાનો પ્રયાસ જ નથી કર્યો.

ભૂતકાળને બદલી શકાતો નથી, પણ વર્તમાનને સુધારી શકાય છે.

પોતાની ભૂલને ભૂલવી એટલે એ ભૂલમાંથી મળેલો બોધપાઠ યાદ રાખવો, પણ એની પીડાને છોડી દેવી. જ્યારે તમે તમારી જાતને માફ કરો છો, ત્યારે તમે તમારી જાતને ફરીથી જીવવાની એક તક આપો છો.

૩. બીજાની ભૂલને ભૂલવી: ક્ષમા એ વીરતાનું આભૂષણ

કદાચ પોતાની ભૂલને માફ કરવી સહેલી છે, પણ બીજાની ભૂલને ભૂલવી ખૂબ અઘરી છે. કોઈએ આપણું અપમાન કર્યું હોય, આપણો વિશ્વાસ તોડ્યો હોય કે આપણને છેતર્યા હોય, ત્યારે આપણું મન બદલાની ભાવનાથી ભરાઈ જાય છે. આપણને લાગે છે કે જો આપણે એને માફ કરી દઈશું, તો એની જીત થશે.

પરંતુ હકીકત એ છે કે, જ્યારે તમે કોઈની ભૂલને પકડી રાખો છો, ત્યારે તમે એ વ્યક્તિને તમારા મન પર રાજ કરવા દો છો. તમારું રિમોટ કંટ્રોલ એના હાથમાં જતું રહે છે. ક્ષમા એ સામા પાત્ર પર ઉપકાર નથી, પણ તમારી પોતાની શાંતિ માટે લીધેલો નિર્ણય છે.

જેમ ઘા પર પાટો બાંધવાથી લોહી વહેતું અટકે છે, તેમ ક્ષમા આપવાથી હૃદયમાંથી વહેતી પીડા અટકે છે. ભૂલી જવું એ કમજોરી નથી, પણ માનસિક મજબૂતી છે.

૪. વિસ્મૃતિ અને શાંતિ વચ્ચેનો સંબંધ

આપણી સ્મૃતિ શક્તિ આપણને જીવવામાં મદદ કરે છે, પણ આપણી 'વિસ્મૃતિ શક્તિ' આપણને સુખેથી જીવવામાં મદદ કરે છે. જો કુદરતે આપણને ભૂલવાની શક્તિ ન આપી હોત, તો માણસ દુ:ખના ભાર નીચે ક્યારનોય દબાઈ ગયો હોત.

મનની શાંતિ માટે 'Filter' લગાવવું જરૂરી છે. જે સારું છે તેને અંદર આવવા દો, જે ખરાબ છે તેને બહાર કાઢો. ભૂતકાળની ભૂલો એ એક એવો કચરો છે જે જો લાંબો સમય મનમાં રહેશે તો દુર્ગંધ મારશે. એ કચરાને દરરોજ સાફ કરતા રહેવું જોઈએ.

૫. કેવી રીતે ભૂલતા શીખવું?

આ પ્રક્રિયા રાતોરાત સફળ થતી નથી, તે માટે અભ્યાસ જોઈએ:

સ્વીકાર (Acceptance): જે થઈ ગયું તે થઈ ગયું. સ્વીકારો કે ભૂલ થઈ છે. નિષ્કર્ષ (Learning): એ ભૂલમાંથી શું શીખ્યા? બસ એટલું જ યાદ રાખો. વર્તમાનમાં જીવો (Present Moment): આજની ક્ષણ સુંદર છે. જૂની વાતો યાદ કરીને આજની સુંદરતાને ન બગાડો.

ગાંજાનો જથ્થો હેરાફેરી કરનાર ઓરીસ્સા રાજ્યના બે શખ્સોને દબોચી લીધા છે

# ઓલપાડના દેલાડ ગામ પાસેથી બાઈક ઉપર રૂ.૧.૮૭ લાખની કિંમત નો ગાંજાનો જથ્થો હેરાફેરી કરનાર ઓરીસ્સાના બે શખ્સો ઝડપાયા

પોલીસે ૩.૭૪૫ કિલોગ્રામ વજનના ગાંજા સાથે કુલ રૂ.૨,૪૭,૭૩૦ નો મુદ્દામાલ કબજે લઈ બે આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા

• ઓલપાડ,તા.૧૧

ગાંજાના વેપલા ના હબ તરીકે ઉપસી આવેલ ઓલપાડ તાલુકાના દેલાડ ગામ પાસેથી પોલીસે બાઈક ઉપર રૂ.૧,૮૭,૨૫૦ ની કિંમતનો ૩.૭૪૫ કિલોગ્રામ .પોલીસે આ ગુનામાં કુલ રૂ.૨,૪૭,૭૩૦ નો મુદ્દામાલ કબજે લઈ અન્ય બે આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

ગત મંગળવાર, તા.૧૦ ના રોજ ઓલપાડ પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી,તે સમયે અ.હે.કો.અશોક ગણપતને બાતમી મળી હતી કે,એક કાળા કલરની સ્પ્લેન્ડર મો.સા.નં: જીજે-૦૫,એન. આર-૭૦૯૮ ઉપર બે અજાણ્યા ઈસમો ગોથાણ રેલ્વે સ્ટેશનથી વજસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના



જથ્થા સાથે ઉમરા રેલ્વે બ્રીજ થઈ દેલાડ ગામ તરફ આવનાર છે અને આ ઈસમો ગાંજાના જથ્થાની હેરાફેરી કરી તેનું વેચાણ કરનાર છે.જે બાતમીના પગલે પોલીસ ટીમે દેલાડ ગામની સીમના રોડ ઉપર પાસે વોચ ગોઠવી તપાસ કરતા ઉમરા રેલ્વે બ્રીજથી દેલાડ ગામની ધર્મનંદન સોસાયટી તરફ જતા ત્રણ રસ્તા પાસેના રોડ ઉપર મો.સા. હંકારી આવેલા બે ઈસમોને આંતરી તપાસ કરી હતી. જે તપાસ દરમ્યાન તેઓ પાસેથી પાસ પરમીટ વિનાનો માદક પદાર્થ ગાંજાનો ૩.૭૪૫ કિલોગ્રામ જથ્થો, જેની કિંમત રૂ. ૧,૮૭,૨૫૦ મળી આવતા પોલીસે બંન્નેને દબોચી લીધા હતાં.પોલીસે બંન્ને આરોપીઓના નામ સરનામાંની પૂછપરછ કરતા બંન્ને મુળ ઓરીસ્સા રાજ્યના ગંજામ જિલ્લાના વતની પૈકી દિપકમંજ કિશોરદાસ સ્વાઈન (ઉ.વ.૨૦)હાલ રહે-૩૦૨,શ્રી હરી રેસીડેન્સી,સાયણ તથા દિપક કાર્તિક નાયક(ઉ.વ.૨૨)હાલ રહે-૪૦૨, વ્રજભુમિ રેસીડેન્સી,રાંદલ માતાના મંદિર પાછળ,સાયણ હોવાની કબુલાત કરી હતી.પોલીસે આરોપીઓ પાસેથી ગાંજાના જથ્થા સાથે અંગઝડતીથી મળેલ મોબાઈલ ફોન નંગ-૦૨,જેની કિંમત રૂ.૨૦,૦૦૦, રોકડા રૂ.૪૮૦,મો. સા.નં.જીજે-૦૫,એન.આર-૭૦૯૮, જેની કિંમત રૂ. ૪૦,૦૦૦ મળી કુલ રૂ.૨,૪૭,૭૩૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસની કડક પૂછપરછમાં બંન્નેએ કહ્યું કે,આ ગાંજાનો જથ્થો આલોક નાયક હાલ રહે: ૪૦૩,વ્રજભુમિ રેસીડેન્સી રાંદલ માતાના મંદિર પાછળ,સાયણને વેચાણ માટે આપવાનો હતો અને આ જથ્થો ગોથાણ રેલ્વે સ્ટેશન નજીક ટ્રેનમાં આવેલ ઓરીસ્સા રાજ્યનો એક અજાણ્યો ઈસમે ફેંકી આપી ગયો હતો.જેથી પોલીસે બંન્ને આરોપીઓને વોન્ટેડ જાહેર કરી ચારે આરોપીઓ વિરૂધ્ધ એન.ડી. પી.એસ. ગુનાની વિવિધ કલમો મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથે ધરી છે.

# જેતપુરમાં વિરાશક્તિ નગરમાંથી ગાંજાના જથ્થા સાથે અરમાન નાઈની ધરપકડ

૧૯૭ ગ્રામ ગાંજો, પ્લાસ્ટિકની કોથળીઓ, ચલમ સહિત ૧૯.૮૫૦નો મુદ્દામાલ જપ્ત

• સુરેશ ભાલીયા જેતપુર,

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં નશાના કારોબારીઓ સામે પોલીસે કડક કાર્યવાહી કરી છે. જેતપુર સિટી પોલીસે બાતમીના આધારે ધોરાજી રોડ પર આવેલી વિરાશક્તિનગર સોસાયટીના એક રહેણાંક મકાનમાં દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન અરમાન અલ્તાફભાઈ નાઈ (ઉંમર ૨૧) ને વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસે વિરા શક્તિ સોસાયટીના એપાર્ટમેન્ટના બ્લોક નંબર B-3 માંથી કુલ રૂ. 19,850ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં ૧૯૭ ગ્રામ ગાંજો, ગાંજાના પેકિંગ માટે વપરાતી ૨૪૦ નાની-મોટી પ્લાસ્ટિકની કોથળીઓ, નશો કરવા માટેની બે ચલમો, માદક પદાર્થનું વજન કરવા માટેનો એક ડિજિટલ સ્કેલ, વિવો કંપનીનો મોબાઈલ ફોન, લાઈટ બિલ અને આધાર કાર્ડની ઝેરોક્ષ



નકલનો સમાવેશ થાય છે. પોલીસની તપાસ દરમિયાન સ્થળ પર જ FSL (ફૉરેન્સિક સાયન્સ લેબોરેટરી) ના અધિકારીને બોલાવીને માદક પદાર્થનું પ્રાથમિક પરીક્ષણ કરાયું હતું. જેમાં તે ગાંજો હોવાનું પુષ્ટિ થતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જેતપુર સિટી પોલીસે આરોપી અરમાન અલ્તાફભાઈ નાઈ વિરુદ્ધ NDPS એક્ટની કલમ ૮(સી), ૨૦-બી, (૨-એ) મુજબ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે. પકડાયેલ આરોપી અરમાન અલ્તાફભાઈ નાઈ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેની સામે અગાઉ જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન, રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશન અને વડિયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સહિત કુલ ૪ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.હાલમાં જેતપુર સિટી પોલીસ આ માદક પદાર્થનો જથ્થો તે ક્યાંથી લાવ્યો હતો અને કોને વેચવાનો હતો તે દિશામાં વધુ તપાસ કરી રહી છે. આ સફળ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.પરમાર તથા એ.એસ.આઈ. રવજીભાઈ હાપલીયા તથા રાજાભાઈ વકાતર પોલીસ હેડ કોન્સ. નીલેષભાઈ ડાંગર તથા સાગરભાઈ મકવાણા તથા પોલીસ કોન્સ. અમીતભાઈ સિધ્ધપરા તથા વિરેન્દ્રસિંહ રાઠોડ તથા લાખુભા રાઠોડ તથા ભગીરથસિંહ જાડેજા તથા લાલાજીભાઈ ગોબરભાઈ તથા હાર્દિકભાઈ ભીંભા તથા જૈવિકભાઈ લીંબાણી સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# વસ્ત્રાલમાંથી MD ડ્રગ્સની હેરાફેરી કરતા દાણીલીમડાના બે શખ્સો ઝડપાયા

• અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાંચને મળેલી ચોક્કસ બાતમીના આધારે વસ્ત્રાલ રિંગ રોડ પર આવેલા નૈયા કોમર્શિયલ કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન ડ્રગ્સની હેરાફેરી કરી રહેલા બે યુવકો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. ધરપકડ કરવામાં આવેલા આરોપીઓમાં આકીફ શેખ અને અજીમુદ્દીન ઉર્ફે ભુરો (બંને રહે. દાણીલીમડા, અમદાવાદ) નો સમાવેશ થાય છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ બંને શખ્સો લાંબા સમયથી ડ્રગ્સ નેટવર્ક સાથે સંકળાયેલા હતા અને છૂટક વેચાણ કે હેરાફેરીનું કામ કરતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી અંદાજે 77,000 ની કિંમતનું એમડી (MD) ડ્રગ્સ જપ્ત કર્યું છે. ક્રાઈમ બ્રાંચે ડ્રગ્સના જથ્થા સાથે મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓ કબજે કરીને આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ



હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ નેટવર્કમાં અન્ય કોણ સામેલ છે તેની પણ કડક પૂછપરછ કરવામાં આવી રહી છે.

# નવી કારોબારી સમિતિ રચાય ત્યાં સુધી વહીવટ પ્રાંત અધિકારી સંભાળશે




• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરપાલિકાની મુદત પૂર્ણ:પ્રાંત અધિકારી વડોદરા ગ્રામ્ય વહીવટદાર તરીકે નિયુક્ત નવી કારોબારી સમિતિ રચાય ત્યાં સુધી વહીવટ પ્રાંત અધિકારી સંભાળશે ગુજરાત રાજ્યની કુલ 71 નગરપાલિકાઓની મુદત માર્ચ 2026 દરમિયાન પૂર્ણ થવા જઈ રહી છે. તેમાં ડભોઈ નગરપાલિકાની મુદત 15 માર્ચે પૂર્ણ થવાને કારણે રાજ્યના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ દ્વારા વહીવટદારની નિમણૂંક કરવામાં આવી છે.ઉલ્લેખનીય કે વહીવટદાર તરીકે નિયુક્ત સરકારે નવી કારોબારી અધિકારી નીતિગત નવાસમિતિ રચાય ત્યાં સુધી ડભોઈ નગરપાલિકાના વહીવટ માટે પ્રાંત અધિકારી વડોદરા ગ્રામ્યને વહીવટદાર તરીકે નિયુક્ત કર્યા છે નિર્ણયો લઈ શકતા નથી, પરંતુ નગરપાલિકાના દૈનિક વહીવટી કાર્યો સંભાળવાની જવાબદારી રહેશે.

ડભોઈ પંથકમાં કાળઝાળ ગરમી

# ગરીબ બાળકો માટે નર્મદાની કેનાલો બની 'કુદરતી સ્વિમિંગ પૂલ ડભોઈ માર્ચ મહિનો શરૂ

• ફકીરા ખત્રી ડભોઈ

ગરીબ બાળકો માટે નર્મદાની કેનાલો બની 'કુદરતી સ્વિમિંગ પૂલ ડભોઈ માર્ચ મહિનો શરૂ થતાની સાથે જ સમગ્ર ગુજરાત સહિત ડભોઈ તાલુકામાં ગરમીનો પારો આસમાને પહોંચ્યો છે. શહેરોમાં સંપન્ન લોકો ગરમીથી બચવા એસી, કુલર અને મોંઘા સ્વિમિંગ પૂલનો સહારો લેતા હોય છે ત્યારે ડભોઈના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ગરીબ પરિવારોના બાળકો માટે નર્મદાની કેનાલો જ 'સ્વિમિંગ પૂલ' બની ગઈ છે મોંઘા સ્વિમિંગ પૂલ વિરુદ્ધ કુદરતી કેનાલ મોટા શહેરોમાં લોકો લાખો રૂપિયા ખર્ચીને સ્વિમિંગ પૂલ બનાવડાવે છે અથવા ક્લબમાં જઈને મોંઘી ફી ભરીને નહાવા જતા હોય છે.



તેની સામે ડભોઈ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કુદરતી સંસાધનો જ મધ્યમ અને ગરીબ વર્ગ માટે ઠંડક મેળવવાનું એકમાત્ર સાધન બન્યા છે. પસાર થતી નર્મદાની મુખ્ય અને પેટા કેનાલોમાં બપોરના સમયે નાના ભૂલકાઓથી લઈને યુવાનો સુધીના લોકો ડૂબકી લગાવતા જોવા મળે છેપતરાના મકાનો અને એસીના અભાવે કેનાલનો આશરો

ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગના ગરીબ પરિવારો પતરાવાળા કાચા કે અર્ધ-પાકા મકાનોમાં રહે છે. બપોરના સમયે સૂર્યનારાયણ પ્રકોપ વરસાવે ત્યારે આ પતરા તપવાને કારણે ઘરમાં રહેવું અશક્ય બની જાય છે.આ પરિવારો પાસે એસી કે મોંઘા એર-કુલરની સુવિધા હોતી નથી ગરમીથી બચવા અને શરીરને ઠંડક આપવા માટે બાળકો બપોરે ૧૨ થી ૪ ના સમયગાળામાં કેનાલો, નદીઓ કે સ્થાનિક તળાવોમાં નહાવા પહોંચી જાય છેનિખાલસ આનંદ અને મોજ

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, કે નાલના વહેતા પાણીમાં નહાવાનો આનંદ આ બાળકો માટે કોઈ વૈભવી રિ સોર્ટથી ઓછો નથી. એકસાથે ટોળેટોળા વળીને કેનાલમાં કૂદકા મારતા આ બાળકો ગરમીને ભૂલીને સ્વિમિંગ પૂલ જેવી જ મજા માણે છે. જોકે, વહીવટી તંત્ર દ્વારા ઊંડા પાણીમાં ન જવા અને સુરક્ષા જાળવવા માટે અવારનવાર સૂચનાઓ પણ આપવામાં આવતી હોય છે.

# પાલડીમાં ટ્રાવેલ્સની ઓફિસમાં પાર્સલમાં બ્લાસ્ટ : FSL અને પોલીસે તપાસ હાથ ધરી

• અમદાવાદ

અમદાવાદના પાલડીમાં આજરોજ ફાલ્કન ટ્રાવેલ્સની ઓફિસમાં એક અજાણ્યા પાર્સલમાં જોરદાર ધડાકો થયો હોવાની ઘટના સામે આવી છે. અહીં એકાએક થયેલા આ વિસ્ફોટના અવાજથી આસપાસના લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને ઓફિસમાં હાજર કર્મચારીઓ જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા. સદનસીબે, આ ગંભીર ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાનિ થઈ નથી. પાલડીમાં ટ્રાવેલ્સની ઓફિસમાં બ્લાસ્ટ થતા અફરાતફરીનો માહોલ



આ ધડાકાને લીધે ટ્રાવેલ્સની ઓફિસના ફર્નિચરના લોચા વળી ગયા હતા અને બહાર લાગેલું સાઈન બોર્ડ પણ તૂટી પડ્યું હતું. ઓફિસની અંદર રહેલા સાધનોને પણ નુકસાન પહોંચ્યું છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી તપાસ હાથ ધરી હતી. વિસ્ફોટનું કારણ જાણવા માટે FSLની ટીમની મદદ લેવામાં આવી રહી છે. આ પાર્સલ કોના દ્વારા મોકલવામાં આવ્યું હતું અને તેમાં કયા પ્રકારનું વિસ્ફોટક કે કેમિકલ હતું, તે દિશામાં પોલીસ અત્યારે ઝીણવટભરી તપાસ કરી રહી છે. આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસીને પાર્સલ લાવનાર શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

# આહવા પોલીસ સ્ટેશનના અપહરણના આરોપીને ગણતરીના કલાકોમાં દબોચ્યો, સગીરાનું સુરક્ષિત રેસ્ક્યુ

• આહવા,

ડાંગ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ગુનાખોરી ડામવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પૂજા યાદવ દ્વારા અપાયેલી કડક સૂચનાઓને પગલે, ડાંગ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને મોટી સફળતા સાંપડી છે. આહવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ સગીરાના અપહરણના સંવેદનશીલ ગુનાનો ભેદ ઉકેલી પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડી ભોગ બનનાર સગીરાને સુરક્ષિત મુક્ત કરાવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તારીખ ૦૫/૦૩/૨૦૨૬ ના રોજ આહવા પોલીસ સ્ટેશનમાં ૧૭ વર્ષની એક સગીરાના અપહરણ અંગેની ફરિયાદ નોંધાઈ હતી.

**બાંધકામ સાઈટ બપોરે બંધ** ગરમીથી બચવા માટે શહેરના તમામ બાગ-બગીચાઓ હવે સવારે 6થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવશે

# 70 ટ્રાફિક સિગ્નલ બપોરે 12થી 4 સુધી બંધ રહેશે, પારો 41 ડિગ્રીને પાર થતાં હીટ એક્શન પ્લાન અમલી

## અમદાવાદમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ ગરમીનો પારો 41થી 42 ડિગ્રી સુધી પહોંચી ગયો છે

• અમદાવાદ

અમદાવાદમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ ગરમીનો પારો 41થી 42 ડિગ્રી સુધી પહોંચી ગયો છે. આ આકરી ગરમીમાં વાહનચાલકોને રાહત આપવા માટે શહેરના 70 મુખ્ય ટ્રાફિક સિગ્નલો બપોરે 12થી 4 વાગ્યા દરમિયાન બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જે ચાર રસ્તાઓ પર ટ્રાફિક વધુ હોવાથી સિગ્નલ ચાલુ રાખવા અનિવાર્ય છે, ત્યાં CREDAI અને અન્ય સંસ્થાઓના સહયોગથી 24 જેટલા સ્થળોએ ગ્રીન નેટ લગાવવામાં આવશે, જેથી લોકોને સીધા તડકાથી બચાવી શકાય.

શહેરીજનોની સુવિધા માટે આરોગ્ય વિભાગ દ્વારા સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના સહયોગથી હાલમાં 350 પાણીની પરબો શરૂ કરાઈ છે, જેની સંખ્યા આગામી દિવસોમાં વધારીને 1,000 થી વધુ કરવામાં આવશે. આ ઉપરાંત, AMTS અને BRTS બસ સ્ટેન્ડ પર પણ પીવાના પાણીની વ્યવસ્થા કરાશે. ગરમીથી બચવા માટે શહેરના તમામ બાગ-બગીચાઓ હવે સવારે 6થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવશે, જેથી લોકો ઠંડકનો આશરો લઈ શકે.બપોરના સમયે આકરા તડકાથી બચવા માટે બાંધકામ સાઈટો પર કામ કરતા શ્રમિકો માટે બપોરે 1થી 4 વાગ્યા સુધી કામ બંધ રાખવાની સૂચના અપાઈ છે. ખાસ કરીને ઓરેન્જ અને રેડ એલર્ટ દરમિયાન આ નિયમનું કડક પાલન કરવાનું રહેશે. આ સાથે જ આંગણવાડી, શાળાઓ અને સફાઈ કામદારોના કામના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે, જેથી તેઓ હીટવેવની સીધી અસરમાં ન આવે.AMCના આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને ગરમીથી બચવા માટે ખાસ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિને અચાનક ચક્કર આવે, ઉલટી થાય કે અતિશય માથાનો દુખાવો જેવી સમસ્યા જણાય, તો વિલંબ કર્યા વગર નજીકના UHC અથવા સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવાયું છે. ગરમીના આ દિવસોમાં બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું અને મહત્તમ પાણી પીવું હિતાવહ છે. શહેરના તમામ UHC/CHC પર ઓ.આર.એસ. સેન્ટર શરૂ કરાયા. સામાજિક સંસ્થાઓ/ બિલ્ડર્સ દ્વારા શહેરમાં 350થી વધુ પાણીની પરબો શરૂ કરાઈ. શારદાબેન, SVP, LG, VS હોસ્પિટલ તેમજ CHCમાં હીટ રિલેટેડ ઈનલેસના દર્દીઓ માટે



અલાયદી વ્યવસ્થા કરાઈ. તમામ બગીચાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા કરાઈ. ટ્રાફિક પોલીસ સાથે સંકલન કરી 70 ટ્રાફિક સિગ્નલ બપોરના સમયે બંધ કરાયા. તમામ આંગણવાડીઓ પર ORS પેકેટની વ્યવસ્થા કરાઈ. તમામ BRTS સ્ટેન્ડ અને AMTS ડેપો પર પીવાના પાણીની વ્યવસ્થા કરાઈ.પ્રભાત ચોક, ઉમિયા હોલ, સિલ્વર સ્ટાર, ભાગવત કોમ્પ્લેક્સ, સુભાષ ચોક, ગુરુકુળ ત્રણ રસ્તા, એન.એફ.ડી સર્કલ, સૂરધારા સર્કલ, દાદા સાહેબના પગલાં, વિજય ચાર રસ્તા, કોર્મસ છ રસ્તા, સેન્ટ ઝેવિયર્સ, વાઘ બકરી ટી લોન્જ, ગુલબાઈ ટેકરા, દર્પણ છ રસ્તા, ભીમજીપુરા, સ્ટેડિયમ સર્કલ, સ્વસ્તિક ચાર રસ્તા, સરદાર પટેલ બાવલા, સમર્પણ સર્કલ, સીજી રોડ બોડીલાઈન, અંકુર ચાર રસ્તા, ખોડિયાર મંદિર, ઈન્કમ ટેક્સ સર્કલ, નવરંગપુરા, કાલુપુર સર્કલ, ગેલક્સી ચાર રસ્તા, કૃષ્ણનગર ચાર રસ્તા, નોબલ ટી ત્રણ રસ્તા, રખિયાલ ચાર રસ્તા, અજીત મિલ ચાર રસ્તા, શ્યામ શિખર ચાર રસ્તા, ગરીબનગર ચાર રસ્તા, ખોડિયાર નગર ચાર રસ્તા, કાંગારૂ સર્કલ (ખોખરા), ગોવિંદવાડી ચાર રસ્તા, હીરાભાઈ ટાવર ચાર રસ્તા, અવકાર હોલ, જવાહર ચોક, ભૈરવનાથ ચાર રસ્તા, વૈકુંઠધામ મંદિર ચાર રસ્તા, પીરકમલ ચાર રસ્તા, ફૂટબોલ ગ્રાઉન્ડ ચાર રસ્તા, પુષ્પકુંજ ચાર રસ્તા, કાગડાપીઠ ટી, ભૂલાભાઈ ચાર રસ્તા, ચાંદખેડા ચાર રસ્તા, જનપથ ટી, અચેર ચાર રસ્તા, વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ, ગોદરેજ ગાર્ડન સિટી, ONGC કટ ચાર રસ્તા, વિસત સર્કલ, દધિચી બ્રિજ સર્કલ, શાહપુર ચાર રસ્તા, ટાઉન હોલ પાંચ રસ્તા, વલ્લભ સદન રિવર ફ્રન્ટ, હરિહર આનંદ સકલ રિવરફ્રન્ટ, નહેરુ બ્રિજ રસ્તા, એક્સાઈઝ ચોકી, જોધપુર ચાર રસ્તા, સ્ટાર બજાર, જાજરમાન ચાર રસ્તા, ગોતા ચાર રસ્તા, થલતેજ ચાર રસ્તા, બાગબાન ચાર રસ્તા, બજરંગ ચાર રસ્તા, સિલ્વર રેસિડેન્સી ચાર રસ્તા, સાણંદ સર્કલ અને ગિરીશ ચાર રસ્તા

મેઘાણીઃ મેઘાવી રંગ કસુંબલ સર્જક

# કસુંબીનો રંગ ક્યાં,કેવી રીતે લાગે તેનો ટેસ્ટ કરવો હોય તો તમારે મેઘાણીના શબ્દોને ટેરવા અડાડવા પડે!

**તખુભાઈ સાંડસુર**

## ગાથાઓને સાહિત્યના ઐતિહાસિક નભમંડળમાં પ્રકાશિત કરવાનું કામ કોઈ કરી શક્યું ન હોત

ઝવેરચંદ કાળીદાસ મેઘાણી એટલે કાઠીયાવાડનો કંઠમાળ થઈને વ્યક્તિત્વને નહીં પરંતુ વ્યક્તિત્વથી શોભિત એવો કંઠમાળ. કસુંબીનો રંગ ક્યાં,કેવી રીતે લાગે તેનો ટેસ્ટ કરવો હોય તો તમારે મેઘાણીના શબ્દોને ટેરવા અડાડવા પડે! કાઠીયાવાડના શોર્ય કે ફનાગીરી જવામર્દી, 56 ની છાતીના ઝગમગતા પાત્રોનો પરિચય જરૂર થઈ જાય.એમ કહીએ કે મેઘાણીની કલમ કદાચ ન હોત તો એવા અનેક રેખાચિત્રો, ઘટનાઓ અને ગાથાઓને સાહિત્યના ઐતિહાસિક નભમંડળમાં પ્રકાશિત કરવાનું કામ કોઈ કરી શક્યું ન હોત.તે રીતે સૌરાષ્ટ્રની એ ધીંગીધરાનો પરિચય યુગો સુધી અંધકારમાં જ ઢબુરાયેલો પડ્યો રહેત. 'કસુંબીના રંગ 'જેવી કાવ્ય ધારાઓ આપીને તેમણે આપણાં આઝાદીના ઈતિહાસને લખવાનું અને તેથી રાષ્ટ્રસેવાનું જે કાર્ય કર્યું છે તે બેનમૂન છે.'રક્ત ટપકતી સો સો ઝોળી' જેવી આઝાદીના રક્ત રંજિત ઈતિહાસ સાથે જોડાયેલી રચનાઓ તેમનાં દ્વારા મળે છે. તેઓ આઝાદી માટેની જે ધંખના ધરાવે છે તે તેમની કલમમાંથી નિતરતી દેખાય છે.ઋતુ ગીતોની વાત હોય કે પછી 'ચારણ કન્યા' જેવી શોર્ય અને ખુમારીથી ભરેલા ગીરના લોકોનો આલેખ હોય બધાંમાં ઝવેરચંદ અલગ રીતે ઉપસી આવે છે.જો કે ઈતિહાસવિદ્ ડો. પ્રદ્યુમનભાઈ ખાચર જણાવે છે કે ઝવેરચંદ મેઘાણીએ પોતાના એક આત્મકથાનાત્મકમાં કહ્યું છે કે કેટલીક વાર્તાઓ,ઘટનાઓ તેમણે તેમના મિત્ર હડાળા દરબાર શ્રી વાજસુર વાળા પાસેથી સાંભળીને નોંધી છે. એ જ રીતે દરબાર શ્રી બાવાવાળા પાસેથી પણ તેમણે સંત સાહિત્ય પૈકીનું ઘણું ટપકાવ્યું છે.પણ તેનું નિરૂપણ કરવાનું શ્રેય જે રીતે મેઘાણી સાહેબે કર્યું તે પ્રશંશાપાત્ર નહીં પરંતુ સન્માનનીય છે. મેઘાણી સાહેબના કુલ 47 થી વધારે પુસ્તકોમાં 13 નવલકથાઓ છે.તેમાં 'સત્યની શોધ 'અને 'બીડેલા દ્વાર 'જેવી નવલકથાઓ અમેરિકન લેખક સિન્કલરના 'સેમ્યુઅલ ધ સિકર 'અને 'લવ્ઝ પિલગ્રીવેજ' જેવી કૃતિઓના આધારે લખાયેલી હોવાનું વિવેચકોએ કહ્યું છે.તેનો અર્થ એ થયો કે તેઓ વિશ્વ સાહિત્ય સાથે પણ જોડાયેલાં રહ્યાં છે. સંસ્કૃત અને અંગ્રેજીમાં સ્નાતક થયેલાં અને 17 ઓગસ્ટ 97 થી 9 મી માર્ચ 1947 સુધીની માત્ર 50 વર્ષની જીવન સફરમાં એવું કેટલું કરી ગયા કે આપણાં સૌની આંખો પહોળી કરી દેનારી તે ઐતિહાસિક ઘટનાઓ છે.વ્યક્તિ કેટલું જીવે છે તેના કરતાં કેટલું કરીને જાય છે તે ખૂબ મહત્વનું છે.મેઘાણી સાહેબે ગુજરાતી સાહિત્ય માટે જે કર્યું છે તે એક ગૌરવપૂર્ણ ઈતિહાસ બનીને રહી જશે!પૂજ્ય મોરારિબાપુની કથા મેઘાણી સાહિત્યની ઈર્દગીર્દ ગવાઈ રહી છે.ત્યારે થાય કે બાપુ શા માટે આ સાહિત્યકારને અંજલી આપે છે?! કારણ કે તેમના શરીરમાં એક આઝાદી માટેનો ફિરસ્તો જીવતો હતો અને બાપુ પણ રાષ્ટ્રપ્રેમના અભિન્ન રંગોથી લિપ્ત છે. શોર્ય અને ગૌરવ એ મેઘાણીજીના જીવનના પર્યાય હતાં અને બાપુએ પણ આ બંને સદગુણોને હંમેશા મુટ્ઠીમાં રાખીને જીવવાનો પ્રયત્ન કર્યો છે. ગરીબ અને વંચિત માટેની પીડા એ મેઘાણીએ પોતે અનુભવી હોય તે રીતે પોતાની કલમમાંથી કાગળ પર ઉતારી છે.બાપુ પણ આ જ વાણી આ જ પીડાને આજ દર્દને વાણીથી મુખર કરી રહ્યાં છે. આ બધી જ સામ્યતા બાપુને મેઘાણી માટે મનોરથ કરવા પ્રેરતી રહી છે.કુલ 972 રામકથાઓમાંથી અનેક કથાઓ એવી હોય છે કે જેમાં બાપુએ મેઘાણીના એ ગીત વ્યાસપીઠના પ્રાંગણમાં રમતાં મુક્યા હોય. આ તકે,આજના આ અવસરે મેઘાણીજીની પુણ્યતિથિએ અને વ્યાસપીઠના મેઘાણી અનુગ્રહ માટે પૂ.બાપુને પણ શત શત વંદન.

# ડભોઈ શહેર રખડતા ઢોરોનો આતંક મહુડી ભાગોળ પાસે બે આખલાઓ વચ્ચે એક કલાક સુધી જંગ

## વાહનચાલકોમાં ભારે ગભરાટ નગરપાલિકાની કામગીરી માત્ર કાગળ પર?

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેર રખડતા ઢોરોનો આતંક મહુડી ભાગોળ પાસે બે આખલાઓ વચ્ચે એક કલાક સુધી જંગ, વાહનચાલકોમાં ભારે ગભરાટ નગરપાલિકાની કામગીરી માત્ર કાગળ પર? પતરાવાળી હોટલ પાસે આખલાઓએ મચાવ્યો ભારે ઉત્પાત; અનેક વાહનોને નુકસાન ડભોઈ શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, જેના કારણે નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. આજે સાંજના સમયે શહેરના વ્યસ્ત ગણાતા મહુડી ભાગોળ બહાર, રાણાની હોટલ પાસે બે આખલાઓ વચ્ચે સર્જાયેલા ભયાનક યુદ્ધને કારણે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.એક કલાક સુધી ચાલ્યું આખલા-યુદ્ધ પ્રાપ્ત વિગતો અનુસાર, મહુડી ભાગોળ વિસ્તારમાં અચાનક બે આખલાઓ સામસામે આવી ગયા હતા અને એકબીજા સાથે શીંગડા ભેરવી યુદ્ધે ચઢ્યા હતા. આ જંગ સતત એક કલાક સુધી ચાલ્યો હતો. રસ્તાની



વચ્ચે જ આખલાઓ બાખડતા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ થંભી ગયા હતા. લોકોમાં એટલો ગભરાટ હતો કે કોઈ નજીક જવાની હિંમત કરી શકતું નહોતું.વાહનો અને લારીઓને નુકસાનઆખલાઓના આ આતંકમાં રોડ પર પાર્ક ક રેલી કેટલીક બાઈકો અને લારીઓને ભારે નુકસાન પહોંચ્યું છે. આખલાઓ લડતા-લડતા વાહનો પર પડતા વાહનો ના ફુરચા નીકળી ગયા હતા. સ્થાનિ ક લોકોએ ભેગા મળીને આખલાઓને છૂટા પાડવા માટે લાકડીઓ અ ને પાણીનો મારો ચલાવ્યો હતો, પરંતુ લાંબા સમય સુધી આખલાઓ કાબૂમાં આવ્યા નહોતા. ડભોઈ નગરપાલિકા દ્વારા અગાઉ ઢોર પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી, પરંતુ સ્થાનિકોના આક્ષેપ મુજબ આ કામગીરી માત્ર એક-બે દિવસનો દેખાડો બનીને રહી ગઈ છેશહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં રખડતા ઢોરોનો જમાવડો જોવા મળે છે પાલિકા તંત્ર કોઈ મોટી જાનહાનીની રાહ જોઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

# EQDC ખાતે આધુનિક લેબોરેટરી અને તાલીમ કેન્દ્ર ખુલ્લાં મુકાયાં

## પરીક્ષણ માટે અન્ય જગ્યાએ નિર્ભર રહેવું નહી પડે અને સ્થાનિક સ્તરે જ કામગીરી પૂર્ણ કરી શકશે

• ગાંધીનગર

ગાંધીનગરના ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ક્વોલિટી ડેવલોપમેન્ટ સેન્ટર (EQDC) ખાતે ઉર્જા લેબોરેટરી, તાલીમ કેન્દ્ર અને કોન્ફરન્સ રૂમ જેવી આધુનિક સુવિધાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઉદ્યોગ રાજ્ય મંત્રી ડો. જયરામભાઈ ગામિત દ્વારા આ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જેનાથી સ્થાનિક ઉદ્યોગોને તેમના ઉત્પાદનોના પરીક્ષણ માટે હવે ઘર આંગણે જ સુવિધા મળશે.

આ નવી પહેલથી ખાસ કરીને નાના ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ્સને ટેકનિકલ માર્ગદર્શન અને ગુણવત્તા ચકાસણીમાં મોટી મદદ મળશે. ગાંધીનગરમાં કાર્યરત EQDC ખાતે રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા નવી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. મંત્રી ડો. જયરામભાઈ ગામિતે ઉર્જા લેબોરેટરીનું નિરીક્ષણ કરી તેની કાર્યપદ્ધતિ વિશે જાણકારી મેળવી હતી. આ કેન્દ્ર શરૂ થવાથી ગુજરાતમાં ઉર્જા ક્ષેત્રે સંશોધન અને નવી ટેકનોલોજીના વિકાસને વેગ મળશે. આ નવી પ્રયોગશાળામાં ટ્રાન્સફોર્મર, એનર્જી મીટર, કેબલ્સ અને અન્ય ઈલેક્ટ્રિકલ ઉપકરણોના ટેસ્ટિંગ માટે આધુનિક સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે.

આ સુવિધાને કારણે ઉદ્યોગોએ હવે પરીક્ષણ માટે અન્ય જગ્યાએ નિર્ભર રહેવું નહીં પડે અને સ્થાનિક સ્તરે જ કામગીરી પૂર્ણ કરી શકશે. સાથે જ તૈયાર કરાયેલું નવું તાલીમ કેન્દ્ર એન્જિનિયરો, ટેકનિશિયનો અને વિદ્યાર્થીઓ માટે કૌશલ્ય વિકાસનું માધ્યમ બનશે. અહીં ઉર્જા વ્યવસ્થાપન અને રિન્યૂએબલ એનર્જી જેવા વિષયો પર તાલીમ આપવામાં આવશે. આ પ્રસંગે અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, ઉદ્યોગ કમિશનર સ્વરૂપ પી. અને વિભાગના અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેન્દ્રથી ઉદ્યોગોને ઘર આંગણે જ પરીક્ષણની સુવિધા મળશે.

# વડગામમાં મહારાણા પ્રતાપ સેવા ગ્રુપ દ્વારા ચક્લીઘર અને પાણી ના કુંડાનું વિતરણ કરાયું



તાલુકા મથક વડગામ ખાતે મહારાણા પ્રતાપ સેવા ગ્રુપ બનાસકાંઠા દ્વારા મારું પણ એક ઘર હોય કાર્યક્રમ અંતર્ગત લુપ્ત થઈ રહેલ ચકલી ને બચાવવાંનુ અભિયાન સતત 5 વર્ષ થી ચલાવવામાં આવે છે.અને સાથે કાળજાળ ગરમી માં અબોલ જીવ ને સરળતા થી પાણી મળી રહે તેવો એક પ્રયાસ કરી રહેલ ટીમ ગુજરાત ના વિવિધ સ્થળે 20,000 ચક્લીઘર અને 20,000 પાણી ના કુંડાનું વિતરણ નો શુભારંભ ' વડગામ ' તાલુકા મથકેથી કરવામાં આવ્યો હતો. વડગામ ખાતે 1500 ચક્લીઘર અને 1500 પાણી ના કુંડા નું વિતરણ કરવા માં આવ્યું હતું. આ કાર્યક્રમ માં દરેક સમાજ ના અગ્રણીઓ હાજર રહ્યા હતા. અમારી સાથે 401 મેમ્બર્સ ની ટીમ છે કુંડા અને ચકલી ઘર વિતરણ ના કાર્યક્રમ ની વડગામ થી શરૂઆત કરી છે. દાંતા, અમીરગઢ, ડીસા, દાંતીવાડા,થરાદ, સિદ્ધપુર, પાટણ, ખેરાલુ, અહમદાવાદ જેવા ગુજરાત ના વિવિધ સ્થળે ચક્લીઘર અને કુંડા વિતરણ ના કાર્યક્રમ કરી લોકો માં લુપ્ત થતી ચકલી બચાવવાં નો એક નાનકડો પ્રયાસ કરવા માં આવી રહ્યો છે.

ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન (AIPEF) ના આહવાન પર યોજાયેલા આ વિરોધ

# કેન્દ્ર સરકારના પ્રસ્તાવિત વીજળી (સુધારા) બિલના વિરોધમાં વીજ કર્મચારીઓ અને ઈજનેરોએ પ્રદર્શન

• ગાંધીનગર

કેન્દ્ર સરકારના પ્રસ્તાવિત વીજળી (સુધારા) બિલના વિરોધમાં વીજ કર્મચારીઓ અને ઈજનેરોએ પ્રદર્શન કર્યું છે. ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન (AIPEF) ના આહવાન પર યોજાયેલા આ વિરોધમાં કર્મચારીઓએ આ બિલને ખેડૂત અને ગ્રાહક વિરોધી ગણાવ્યું છે. ગુજરાતમાં પણ હજારો ઈજનેરો અને કર્મચારીઓએ વીજ કચેરીઓ સામે સૂત્રોચ્ચાર કરીને ખાનગીકરણની નીતિનો ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન પાસે ફરી એકવાર વિરોધ નોંધાવ્યો છે. દેશના વિવિધ ભાગોમાં પાવર પ્લાન્ટ્સ અને વિતરણ કચેરીઓ પર વીજ કર્મચારીઓ એકઠા થયા



હતા. આ વિરોધ પ્રદર્શન દ્વારા માગ કરવામાં આવી છે કે પ્રસ્તાવિત કાયદાથી જાહેર વીજ ક્ષેત્ર નબળું પડશે. આ બિલના કારણે વીજ વિતરણ વ્યવસ્થામાં ખાનગી કંપનીઓનો પ્રવેશ વધશે, જેની અસર સામાન્ય જનતા પર પડશે. બિલની જોગવાઈઓ મુજબ ક્રોસ-સબસિડીમાં ફેરફાર થવાથી ખેડૂતો માટે વીજળીના દરો વધી શકે છે.

ખેતી માટે મળતી રાહત છીનવાઈ જવાની ભીતિ વચ્ચે ખેડૂત સંગઠનો પણ આ બાબતે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. ખાનગી કંપનીઓ માત્ર નફો આપતા વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરશે, જ્યારે સરકારી વીજ કંપનીઓની આર્થિક સ્થિતિ કથળી શકે છે. આ કાયદાથી વીજ ક્ષેત્રમાં કાર્યરત કર્મચારીઓની સુરક્ષા અને સેવાની શરતો પર પણ અસર થવાની શક્યતા છે.

# યાત્રાધામ અંબાજીમાં વિદેશી દારૂનાં અડ્ડાઓ પર કયા પોલીસ કર્મચારીઓ ના આશીર્વાદ

## દારૂનું વેચાણ થાય છયાત્રાધામ અંબાજીમાં બુટલેગરો બેફામ બન્યા છે



અંબાજી પોલીસ સ્ટેશનના ઘણા એવા પોલીસ કર્મચારીઓ ના આશીર્વાદ હેઠળ જ દારૂનું વેચાણ થાય છયાત્રાધામ અંબાજીમાં બુટલેગરો બેફામ બન્યા છે ત્યારે અંબાજી પોલીસ ઉપર ઉઠી રહ્યા છે સવાલો ત્યારે અંબાજી પોલીસ સ્ટેશનના થોડા જ અંતરમાં વિદેશી દારૂનું વેચાણ ફરીથી ચાલુ થતાં અંબાજીના બુટલેગરો પોલીસને પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે ત્યારે યાત્રાધામ અંબાજીમાં દારૂનું વેચાણ ઘણા એવા પોલીસ ક્રમીઓના આશીર્વાદના હેઠળ ચાલતું હોય છે ત્યારે અંબાજીમાં ઘણા એવા પોલીસ કર્મીઓ છે તે પોલીસ કર્મીઓની બદલી થતી જ નથી બનાસકાંઠાના ત્રણ ત્રણ એસપી અને અંબાજી પોલીસ સ્ટેશનના પાંચ પાંચ પીઆઈ પીએસઆઈ બદલાયા પરંતુ અંબાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જયેશ જોશી જેવા ઘણા એવા પોલીસ કર્મીઓ છે તે પોલીસ ક્રમીઓની બદલી કરવામાં આવતી જ નથી ત્યારે વર્ષોથી અડીંગો જમાવી બેઠેલા પોલીસ કર્મચારીઓના કારણે અંબાજી માં દારૂનું ધૂમ વેચાણ થતું હોય છે ત્યારે યાત્રા અંબાજીમાં વર્ષોથી અડીંગો જમાવી બેઠેલા પોલીસ કર્મચારીઓની બદલી કેમ ન થઈ શકે યાત્રાધામ અંબાજીમાં દારૂ જેવી પ્રવૃત્તિઓનો કાયમ માટે નું નિરાકરણ કરવા વર્ષોથી અંબાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાતા ઘણા એવા પોલીસ કર્મીઓના કારણે અંબાજીમા દારૂ ખુલ્લેઆમ વેચાણ થાય છે ત્યારે બનાસકાંઠા એસપી વરસી થી અંબાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ ની તાત્કાલિક બદલી કરે તો યાત્રાધામ અંબાજીમાં દારૂ બંધ થાય તેમાં કોઈ નવાઈ નથી

# અમદાવાદ ચિત્રોત્સવ માર્ચ - 2026 નું આયોજન કરવામાં આવ્યું હતું . તેમાં મેં પણ ભાગ લીધો હતો

અમદાવાદ ચિત્રોત્સવ માર્ચ - 2026 નું આયોજન કરવામાં આવ્યું હતું . તેમાં મેં પણ ભાગ લીધો હતો . અને મને જણાવતા ખૂબજ ખુશી થાય છે કે મારા ‘ નર્તન આરાધના ‘ પેઈન્ટિંગને ‘ બેસ્ટ આર્ટ વર્ક ‘ નો એવોર્ડ મળ્યો છે .. મારા આ નર્તન આરાધના પેઈન્ટિંગ માં ભક્તનો જ એક પ્રકાર છે . ભગવાનની આરાધનામાં પણ સંગીત ભળે એટલે મન ની સાથે તન પણ નૃત્યત થવા લાગે છે અને એકતારાના સૂર સાથે ભક્તિમાં એવા એકાકાર થઈ જાય છે કે પછી એને દુનીયાદારીનું કોઈ ભાન રહેતું નથી .મારા આ એક્રેલિક કલરથી પેપર પર બનાવેલ પેઈન્ટિંગમાં મેં ભક્તિસંગીતમાં લીન થઈ ગયેલ એક ભક્તને દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે ..

**મુશ્કેલીમાં મુકાયા** | નજીકના દિવસોમાં સ્થિતિ ગંભીર બનવાના એંધાણ

# કંપનીઓએ કોમર્શિયલ ગેસનો સપ્લાય બંધ કરતા હોટલ-રેસ્ટોરન્ટના વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા

## સપ્લાય રાબેતા મુજબ નહીં થાય, તો એકમોને તાળા મારવાની નોબત આવી શકે

• ગાંધીનગર

રાજ્યનાપાટનગરગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરના સપ્લાયમાં મોટો વિક્ષેપ સર્જાયો છે. ઓઈલ કંપનીઓ દ્વારા ઉપરથી જ કોમર્શિયલ ગેસનો પુરવઠો મર્યાદિત અથવા બંધ કરી દેવામાં આવતા શહેરના વેપારીઓ અને ખાસ કરીને હોટલ-રેસ્ટોરન્ટ માલિકોની હાલત કફોડી બની ગઈ છે. ગાંધીનગરના ધમધમતા એવા ઈન્ફોસિટી કોમર્શિયલ વિસ્તારમાં આ સમસ્યાની સૌથી વધુ અસર જોવા મળી રહી છે. સેંકડો આઈટી પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ જે હોટલો પર નિર્ભર છે, તે હોટલો હવે બંધ થવાના આરે આવી ગઈ છે. પુરતા પ્રમાણમાં ગેસ સિલિન્ડર ન મળવાને કારણે અનેક વેપારીઓએ પોતાના રસોડા મર્યાદિત સમય માટે ચાલુ રાખવાની ફરજ પડી રહી છે. જો આગામી દિવસોમાં સપ્લાય રાબેતા મુજબ નહીં થાય, તો અનેક એકમોને



તાળા મારવાની નોબત આવી શકે તેમ છે. સપ્લાય ચેઈનમાં અવરોધ ને ગ્રાહકોને સિલિન્ડરની તકલીફ

શહેરની વિવિધ ગેસ એજન્સીઓના માલિકો પણ આ સ્થિતિથી ત્રસ્ત છે. એજન્સી સંચાલકોના જણાવ્યા અનુસાર, પાછળથી જ સપ્લાય ચેઈનમાં અવરોધ હોવાને કારણે તેઓ ગ્રાહકોને સિલિન્ડર પહોંચાડી શકતા નથી. દિવસભર સેંકડો ગ્રાહકોના ફોન અને રૂબરૂ મુલાકાતોથી એજન્સી માલિકો જવાબો આપીને થાકી ગયા છે.

એક તરફ કોમર્શિયલ ગેસનો પુરવઠો ખોરવાયો છે, તો બીજી તરફ ડોમેસ્ટિક ગેસ માટે પણ સરકારના નવા આદેશોની ચર્ચા છે. હવે ગ્રાહકોએ 25 દિવસ પછી જ નવું બુકિંગ કરવાનું રહેશે તેવા નિયમોને કારણે સામાન્ય જનતામાં પણ ફફડાટ છે. જોકે, એજન્સીઓ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઘરેલું વપરાશના ગેસમાં પેનિક કરવાની જરૂર નથી, પરંતુ કોમર્શિયલ ક્ષેત્રે હાલમાં વેઈટ એન્ડ વોચની સ્થિતિ છે. હાલ તો ગાંધીનગરના વેપારીઓ સરકાર અને ગેસ કંપનીઓ સમક્ષ વહેલી તકે સપ્લાય પૂર્વવત કરવાની માંગ કરી રહ્યા છે, જેથી હજારો લોકોની રોજીરોટી પર સંકટ ન આવે.

આ અંગે દર્શનભાઈ રામી, મારુતિ નંદન ભારત ગેસ એજન્સી માલિકે, ગેસ સિલિન્ડરની અછત બાબતે જણાવ્યું કે ડોમેસ્ટિક સિલેન્ડરના સપ્લાયમાં કોઈપણ પ્રકારના પેનિક કરવાની જરૂર નથી, તે સપ્લાય રેગ્યુલર મળી રહેશે. કોમર્શિયલ ગેસના બાટલા માટે કંપની તરફથી હાલ પૂરતું સપ્લાય બંધ કરવામાં આવેલ છે. આગળની કંપની તરફથી જે નિર્ણય લેવાશે તે ગ્રાહકોને અપડેટ આપતા રહીશું. હાલ પૂરતું કોમર્શિયલ બાટલાનું વેચાણ બંધ છે.

સરકારના આદેશ મુજબ 25 દિવસ પછી બોટલ બુકિંગ થશે સરકારના આદેશ પ્રમાણે ગ્રાહકોએ 25 દિવસ પછી ગેસ બુકિંગ કરવાનું રહેશે. એના માટે 25 દિવસ પછી જ બાટલાની ડિલિવરી મળશે. માટે એમાં પેનિક કરવાની જરૂર નથી અને સરકારના નિયમ મુજબ પહેલા 21 દિવસમાં બાટલો બુક કરવામાં આવતો હતો, પણ સરકારના આદેશ મુજબ 25 દિવસ પછી હવે બુકિંગ થશે. તો એ પ્રમાણે કરવા માટે ગ્રાહકોને નમ્ર વિનંતી છે.

## ખેડૂતો અને વેપારીઓ બંનેની નજર હવે એક જ બાબત પર છે

# બટાટા પકવતા ખેડૂતો પર સંકટ ઈરાન-ઈઝરાયલ યુદ્ધની અસર બનાસકાંઠાના ખેડૂતો સુધી પહોંચી

**ઈરાન-ઈઝરાયલ યુદ્ધ** | ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે બનાસકાંઠાના ખેડૂતો પર પણ જોવા મળી રહી છે

ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે બનાસકાંઠાના ખેડૂતો પર પણ જોવા મળી રહી છે. બનાસકાંઠામાં મોટા પ્રમાણમાં થતો બટાટાનો પાક સામાન્ય રીતે ખાડી દેશોમાં નિકાસ થતો હોય છે. પરંતુ હાલ યુદ્ધના કારણે નિકાસ અટકી ગઈ છે. જેના કારણે બજારમાં બટાટાના ભાવ તળિયે બેસી ગયા છે. હાલ સ્થિતિ એવી છે કે બટાટાના ભાવ સો રૂપિયાની અંદર પહોંચી ગયા છે. પરિણામે ખેડૂતોને પોતાની મજૂરી પણ ન મળતી હોવાની પરિસ્થિતિ સર્જાઈ છે અને ખેડૂતો સાથે સાથે વેપારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા છે. બનાસકાંઠા જિલ્લો બટાટાના ઉત્પાદનમાં રાજ્યમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ વર્ષે પણ જિલ્લામાં મોટા પ્રમાણમાં બટાટાનું ઉત્પાદન થયું છે. ખેડૂતોને આશા હતી કે ઉત્પાદન



સારું હોવાથી નિકાસ પણ સારી થશે અને સારા ભાવ મળશે. ખાસ કરીને બનાસકાંઠાનો બટાટો ખાડી દેશોમાં મોટી માત્રામાં નિકાસ થતો હોય છે. પરંતુ હાલ ખાડી દેશોમાં સર્જાયેલી યુદ્ધ જેવી પરિસ્થિતિના કારણે નિકાસ પર અસર પડી છે.નિકાસ અટકતા સ્થાનિક બજારમાં બટાટાની આવક વધી ગઈ છે અને માંગ ઓછી હોવાથી ભાવ તળિયે પહોંચી ગયા છે. હાલ બટાટાના ભાવ સો રૂપિયાની અંદર આવી ગયા છે. જેના કારણે ખેડૂતોને પોતાની મજૂરી અને ઉત્પાદન ખર્ચ પણ મળતો નથી. મહેનતથી ઉગાડેલો પાક સસ્તા ભાવે વેચવાનો વારો આવતા ખેડૂતોમાં ચિંતા વધી છે આ પરિસ્થિતિ માત્ર ખેડૂતો પૂરતી મર્યાદિત નથી. કોલ્ડ સ્ટોરેજમાં બટાટાનો સંગ્રહ કરનાર વેપારીઓ પણ ચિંતામાં મુકાયા છે. વેપારીઓએ મોટા પ્રમાણમાં બટાટાની ખરીદી કરી સંગ્રહ કર્યો છે, પરંતુ બજારમાં ભાવ ઘટતા તેમને પણ નુકસાન થવાની ભીતિ છે. વેપારીઓનું કહેવું છે કે જો યુદ્ધ લાંબું ચાલશે અને નિકાસ શરૂ નહીં થાય તો વેપારીઓને પણ ભારે નુકસાન વેઠવું પડશે.

ખેડૂતો અને વેપારીઓ બંનેની નજર હવે એક જ બાબત પર છે ખાડી દેશોમાંની પરિસ્થિતિ ક્યારે સામાન્ય બને અને બટાટાની નિકાસ ફરી શરૂ થાય. કારણ કે નિકાસ શરૂ થશે તો જ બજારમાં માંગ વધશે અને બટાટાના ભાવ સુધરવાની આશા જીવંત રહેશે. ત્યાં સુધી બનાસકાંઠાના ખેડૂતો અને વેપારીઓ માટે આ સ્થિતિ ચિંતાજનક બની રહી છે

# ગરમીના પ્રકોપમાં ખોખરાનો નવો નકોર રોડ પીગળ્યો, વાહનચાલકો પરેશાન

## ડામર પીગળતા રોડ પરથી પસાર થતા રાહદારીઓના ચંપલ રોડ પર ચોંટી રહ્યા છે

• અમદાવાદ

કાળઝાળ ગરમી માટે જાણીતા અમદાવાદ શહેરમાં આ વર્ષે માર્ચ માસના પ્રથમ પખવાડિયામાં જ સૂર્યદેવતાએ આકરો મિજાજ દેખાડવાનું શરૂ કરી દીધું છે. શહેરમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર પહોંચતા જ તેની સીધી અસર જનજીવનની સાથે શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ જોવા મળી રહી છે. પૂર્વ અમદાવાદના ખોખરા વિસ્તારમાં ગત જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં બનેલો નવો રોડ ગરમીના કારણે પીગળવા લાગતા કોર્પોરેશનની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે. ખોખરા વોર્ડમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં સુભાષ ચોક ચાર રસ્તાથી હાટકેશ્વર શનિ મહારાજ મંદિર સુધીના આશરે પોણો કિલોમીટરના માર્ગ પર હજુ બે મહિના પહેલા જ ડામરનો નવો રોડ બનાવવામાં આવ્યો હતો. રોડને વધુ મજબૂત અને લિસ્સો બનાવવા માટે તેના પર ડામરનું ખાસ પડ પાથરવામાં આવ્યું હતું. પરંતુ, ઉનાળાની શરૂઆતમાં જ તાપમાન વધતા આ ડામર પીગળીને



સપાટી પર આવી ગયો છે.આકાશમાંથી વરસતી ગરમીના કારણે ડામર પીગળતા રોડ પરથી પસાર થતા રાહદારીઓના ચંપલ રોડ પર ચોંટી રહ્યા છે. એટલું જ નહીં, રસ્તા પર ઉડતી ધૂળની રજકણો અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો કચરો પણ આ પીગળેલા ડામર પર ચોંટી જતાં નવો બનેલો રોડ અત્યારથી જ બિસ્માર દેખાવા લાગ્યો છે. વાહનચાલકોને પણ લપસણા બનેલા માર્ગ પર વાહન ચલાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.સામાન્ય રીતે મે માસની કાળઝાળ ગરમીમાં આવી ઘટનાઓ બનતી હોય છે, પરંતુ આ વર્ષે માર્ચના પ્રારંભે જ ડામર પીગળવાની શરૂઆત થતા શહેરીજનો આશ્ચર્યમાં મુકાયા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે ગરમીની સાથે સાથે રોડ બનાવવામાં વપરાયેલા મટીરિયલની ગુણવત્તા પણ આ માટે જવાબદાર હોઈ શકે છે. અત્યારથી જ જો આવી સ્થિતિ હોય, તો એપ્રિલ અને મે માસમાં અમદાવાદના રસ્તાઓની હાલત કેવી થશે તેને લઈને અત્યારથી જ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જેતપુર સીટી પોલીસે ગણતરીના કલાકોમાં બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો : બે મોટરસાયકલ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ

• સુરેશ ભાલીયા જેતપુર,

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર તથા જેતપુર ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક રોહિતસિંહ ડોડીયા દ્વારા મિલકત વિરૂદ્ધના ગુનાઓ અટકાવવા અને વણશોધાયેલા ગુનાઓ શોધી કાઢવા આપેલ કડક સૂચના અન્વયે જેતપુર સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરવામાં આવી હતી, જે દરમિયાન ગત તા. ૦૭.૦૩ ના રોજ જેતપુરના જૂના પાંચ પીપળા રોડ, અમૃત ડેરી એજન્સી સામે પાર્ક કરેલ હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ રજીસ્ટર નંબર જીજે ૦૩ સીકે ૨૬૮૧ જેની કિંમત રૂા. ૩૦,૦૦૦/- હતી તે કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયા અંગેની ફરિયાદ જેતપુર સીટી પોલીસ સ્ટેશને નોંધાઈ હતી, જેના આધારે પોલીસે શહેરના વિવિધ વિસ્તારોમાં લાગેલા સીસીટીવી કેમેરા અને ખાસ કરીને જેટ આઈ પ્રોજેક્ટ હેઠળના કેમેરાના ફૂટેજ ચેક કરી ટેકનિકલ તેમજ હ્યુમન રિસોર્સિસના માધ્યમથી તપાસ શરૂ કરી હતી ત્યારે સર્વેલન્સ ટીમને મળેલી ખાનગી અને ચોક્કસ બાતમીના આધારે જેતપુર-નકલંક રોડ પરથી શંકાસ્પદ હાલતમાં પસાર થતા ત્રણ શખ્સો (૧) અંકિત દિનેશભાઈ સોલંકી (રહે. ૧૦૦ વાર પ્લોટ, ભેંસાણ), (૨) સાગર મનસુખભાઈ સાગઠીયા (રહે. વાડલા ગીર, તા. તાલાલા) અને (૩) હિમાલીત ઉર્ફે શીવુ પરશુત્તમભાઈ લીંબણી (રહે. ૧૦૦ વાર પ્લોટ, ભેંસાણ) ને અટકાવી પૂછપરછ કરતા તેઓ પાસેથી ચોરાયેલું સ્પ્લેન્ડર પ્લસ મળી આવ્યું હતું અને વધુ તપાસમાં અન્ય એક બાઈક જે બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયું હતું તે પણ મળી આવતા પોલીસે કુલ રૂા. ૮૦,૦૦૦/- ની કિંમતના બે મોટરસાયકલ કબજે કર્યા છે, જેમાં આરોપી રાજ નવઘણભાઈ માંગરોળીયા (રહે. ભેંસાણ) નું નામ પણ ખુલ્યું છે.

# કૃષિ વિજ્ઞાન કેંદ્ર ખાતે ફળમાખીનું વિસ્તારવ્યાપી નિયંત્રણ અંગે ખેડુત જાગ્રુતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



નવસારી કૃષિ યુનિવર્સિટીના માનનીય વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો. હેમંત શર્મા અને કૃષિ વિજ્ઞાન કેંદ્ર, નવસારીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડો. સુમિત સાલુકેનાં માર્ગદર્શન હેઠળ ચાલતા કે.વી.કે., નવસારી દ્વારા તેમજ કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિધ્યાલય, નક્યુ, નવસારીના સહયોગથી નવસારી જિલ્લાના આજુબાજુના ગામોના ખેડુતો માટે તારીખ: ૦૯/૦૩/૨૦૨૬ના રોજ ફળમાખીનું વિસ્તારવ્યાપી નિયંત્રણ અંગે એક દિવસીય ખેડુત જાગ્રુતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સાથે હાજર રહેલા તમામ ખેડૂતભાઈઓ તથા બહેનો આંબા, ચીકુ તેમજ અન્ય પાકોમાં પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધે તે માટેની જાગૃતિ આવે અને સેન્દ્રિય કાર્બન જમીનમાં વધે તેમજ પોષક

## લોકોને 6 કિલોમીટરનું અંતર બચશે

# દહેગામ-નરોડા મેઈન રોડ પરનો રાયપુરનો ક્ષતિગ્રસ્ત બ્રિજ 8 મહિના બાદ ખુલ્લો મુકાયો

• ાંધીનગર

ગાંધીનગર : દહેગામ-નરોડા મેઈન રોડ પર રાયપુર ખાતેથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલના બ્રિજનું સમારકામ પૂર્ણ થતા આખરે મંગળવારે બપોરે તેને તમામ પ્રકારના વાહનોની અવરજવર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. છેલ્લા 8 મહિનાથી આ મહત્વપૂર્ણ બ્રિજ બંધ હોવાને કારણે હાલાકી ભોગવી રહેલા વાહનચાલકો અને સ્થાનિક રહીશોને આ નિર્ણયથી રાહત મળી છે.થોડા સમય અગાઉ રાયપુર પાસેના આ બ્રિજની એક તરફની સાઈડની પેરાફીટ (રક્ષણાત્મક દીવાલ) તૂટી ગઈ હતી. સુરક્ષાના કારણોસર કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે જિલ્લા કલેકટર દ્વારા તાત્કાલિક



અસરથી જાહેરનામું બહાર પાડી બ્રિજ પરનો વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો હતો. બ્રિજના સમારકામની જવાબદારી નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ (ગાંધીનગર)હસ્તકના કપડવંજ સબ ડિવિઝન દ્વારા સંભાળવામાં આવી હતી. જોકે, સમારકામની પ્રક્રિયા લાંબો સમય ચાલતા આશરે આઠ મહિના સુધી બ્રિજ બંધ રહ્યો હતો. આ દરમિયાનદહેગામ-અમદાવાદ અવરજવર કરતા વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી હતી. નાના-મોટા વાહનોને 4 થી 6 કિલોમીટર જેટલો લાંબો રૂટ કાપીને જવું પડતું હતું. ઉપરાંત બ્રિજ બંધ કરવામાં આવતા સ્થાનિક ધંધા-રોજગાર અને નોકરીયાત વર્ગ વિદ્યાર્થી વર્ગ તેમજ મુસાફરો પર તેની સીધી અસર પડી રહી હતી . મંગળવારે બપોરે નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં નર્મદા મૈયાની પૂજા- વિધિ કર્યા બા દ બ્રિજને વિધિવત રીતે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. બ્રિજ શરૂ થ તા જ વાહનોની અવરજવર પૂર્વવત થઈ છે. બ્રિજ શરૂ થતાં લોકોને હવે 6 કિલોમીટરનું અંતર બચશે. દહેગા મ એસટી ડેપોના મેનેજર રીના બેન દરજીએ કહ્યું કે નર્મદા કેનાલ પરનો બ્રિજ શરૂ થયો હોવાની જાણ અમારી વડી કચેરી ખાતે કરી દેવામાં આવી છે .

# તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત રૂ.૫,૪૧,૩૮૬ના ૧૦ ગુમ મોબાઈલ ફોન અરજદારને પરત કરતી માધવપુર પોલીસ

• ગોસા(ઘેડ) તા.૧૧

માધવપુર પોલીસ પોલીસ સ્ટેશનમાં વિસ્તારમાંથી ગુમ થયેલ મોબાઈલ નંગ-૧૦ તેની કિંમત રૂ રૂ..૫,૪૧,૩૮૬/- ના શોધી કાઢી અરજદારોને તેરા તુજકો અભિયાન અંતર્ગત મૂળ માલિકને પરત આપવામાં આવ્યા

જૂનાગઢ રેન્જ નાયબ પોલીસ મહા નિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા પોરબંદર જીલ્લામાં ગુમ/ચોરી થયેલ મોબાલઈ ફોન શોધી કાઢવા અંગેની ખાસ સુચના આપેલ

જે અંગે રાણાવાવ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવાલ સી.સુતરીયાના માર્ગદર્શન હેઠળ માધવપુર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર કે. એન. ઠાકરીયાનાઓની રાહબરી હેઠળ માધવપુર પોલીસ સ્ટેશન ના સ્ટાફ ના માણસોને ખાસ સુચના આપેલ હોય જે અન્વયે પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.ડી.નિનામા તથા માધવપુર પોલીસ સ્ટેશન ના સ્ટાફ માણસો દ્વારા માધવપુર વિસ્તારમાં ગુમ થયેલ કુલ ૧૦ મોબાઈલ જેની કિંમત રૂ.૫,૪૧,૩૮૬ ના શોધી કાઢી અરજદારોને રૂબરૂમાં સોંપવામાં આવ્યા. ગુમ થયેલ મોબાઈલ અંગે અરજદારો દ્વારા કરવામાં આવતી અરજી અન્વયે સરકાર દ્વારા વિકસાવવા માં આવેલ સંસાર સારથી સી.ઈ.આઈ.આર. પોર્ટલ દ્વારા




અરજદારો અનુક્રમે (૧)7499 નો મોબાઈલ(૩)નવનીતરાય ગુણવંતરાય જોશી OPPO RENO ST કિંમત રૂ.29999 નો મોબાઈલ (૩)કાજલ બેન શૈલેષભાઈ ભુવાનો OPPO A3X કિંમત રૂ.13500 નો મોબાઈલ (૪) અશોકભાઈ જોશી નો વન પ્લસ સીઈર લાઈટ કિંમત રૂ.19499નો મોબાઈલ (૫) કરણ ભોજાભાઈ ઓડેદરાનો સેમસંગ ફોલ્ડ 5 ગેલેક્સી મોબાઈલ કિંમત રૂ. ૧,૫૫૦૦૦(૬),ઉમંગ તોગડીયા એપલ આઈફોન 17-પ્રો કિંમત રૂ ૧૩૫૦૦૦ નો મોબાઈલ,(૭) ઉમંગ તોગડીયાનો એપલ આઈફોન 17-પ્રો કિંમત રૂ. ૧,૩૫૦૦૦નો મોબાઈલ ,(૮) સોમીબેન હીરાભાઈ વાઢેરનો OPPO A3,કિંમત રૂ. 13,999નો મોબાઈલ,(૯) કરગટિયા હેમંત ભાઈ હરમણભાઈનો OPPO A74 કિંમત રૂ. 17,990નો મોબાઈલ,(૧૦)ચૌહાણ નથુભાઈ પુંજાભાઈ નો સેમસંગ F15 રૂ. 13,900 નો આમ કુલ મોબાઈલ ૧૦ કિંમત રૂ.૫,૪૧,૩૮૬ ના શોધી કાઢી તેરા તુજકો અર્પણ અંતર્ગત પરત સોંપેલ છે. આ કામગીરી કરનાર અધિ કર્મચારીઓમા માધવપુર પો.સ્ટે. ના પો.ઈન્સ. કે.એન. ઠાકરીયા તથા પો.સબ.ઈન્સ. આર.ડી.નિનામા તથા પો.હેડ. કોન્સ. સી.એચ. સોલંકી, એ. એમ.ચુડાસમા તથા એ.વી. દેગામા,પો. કોન્સ.નિલેશભાઈ માનસિંહભાઈ ડોડીયા તથા આઈ.ટી એક્ષપર્ટ મનિષભાઈ રાયચુરા દ્વારા કરવામાં આવેલ હતી.

**સોના-ચાંદી** કોમોડિટી વાયદાઓમાં રૂ.23948.25 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.146343.48 કરોડનું ટર્નઓવર

# સોનાના વાયદામાં રૂ.1100 અને ચાંદીના વાયદામાં રૂ.6900નો ઘટાડોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.558નો ઉછાળો

## સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 11882.25 કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 40200 પોઈન્ટના સ્તરે

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.170292.82 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.23948.25 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.146343.48 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો 40200 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.5877.12 કરોડનું થયું હતું.




કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 11882.25 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.163149ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.163149 અને નીચામાં રૂ.161977ના સ્તરને સ્પર્શી, રૂ.163303ના આગલા બંધ સામે રૂ.1100 ઘટી રૂ.162203ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો 8 ગ્રામદીઠ રૂ.612 ઘટી રૂ.132241 થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો 1 ગ્રામદીઠ રૂ.81 ઘટી રૂ.16628 થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.1121 ઘટી રૂ.162155ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.163465ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.163800 અને નીચામાં રૂ.162700ના મથાળે અથડાઈ, રૂ.163778ના આગલા બંધ સામે રૂ.908 ઘટી રૂ.162870 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.276988ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.276999 અને નીચામાં રૂ.270551ના મથાળે અથડાઈ, રૂ.277850ના આગલા બંધ સામે રૂ.6900 ઘટી રૂ.270950ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.6835 ઘટી રૂ.275815ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.6950 ઘટી રૂ.275802ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 2138.92 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.8.15 ઘટી રૂ.1199.8ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો રૂ.1.35 ઘટી રૂ.324.6ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.4.7 વધી રૂ.341.95ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો 20 પૈસા વધી રૂ.188.65ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 9972.89 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4148ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4259 અને નીચામાં રૂ.4107ના મથાળે અથડાઈ, રૂ.133 વધી રૂ.4249 થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.7717ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.8224 અને નીચામાં રૂ.7596ના મથાળે અથડાઈ, રૂ.7421ના આગલા બંધ સામે રૂ.558 વધી રૂ.7979ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.555 વધી રૂ.7979ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.8.9 વધી રૂ.285 થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.8.7 વધી રૂ.285.1ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.985ના ભાવે ખૂલી, રૂ.27 વધી રૂ.1000ના સ્તરે પહોંચ્યો હતો. કોટન માર્ચ વાયદો રૂ.500 ઘટી રૂ.25500ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.2528ના ભાવે ખૂલી, રૂ.22 ઘટી રૂ.2525ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. 6605.67 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. 5276.58 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. 1360.05 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. 472.01 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. 3.70 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. 297.59 કરોડનાં કામકાજ થયાં હતાં.

"FTK-આધારિત પાણીની ગુણવત્તા દેખરેખમાં શ્રેષ્ઠતા દર્શાવતી મહિલા" તરીકે શ્રીમતી સંગીતાબેનની પસંદગી

# ડાંગનું ગૌરવ: રાષ્ટ્રપતિના હસ્તે વઘઈના શ્રીમતી સંગીતાબેન દેશમુખનું બહુમાન

**રાષ્ટ્રપતિ** રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના અધ્યક્ષ સ્થાને નવી દિલ્હીમાં યોજાયો 'જલ મહોત્સવ ૨૦૨૬'

• આહવા /ડાંગ

ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય દ્વારા નવી દિલ્હી ખાતે આયોજિત 'જલ મહોત્સવ-૨૦૨૬' માં ડાંગ જિલ્લાએ રાષ્ટ્રીય ફલક પર ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી છે. ડાંગના વઘઈ તાલુકાના ઘોડવહળ ગામની પાણી સમિતિના સભ્ય શ્રીમતી સંગીતાબેન અશોકભાઈ દેશમુખને આજરોજ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે પ્રશંસા પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારોમાં 'જલ જીવન મિશન' હેઠળ શુદ્ધ પાણી પૂરું પાડવાના અભિયાનમાં શ્રીમતી સંગીતાબેને "FTK આધારિત પાણીની ગુણવત્તાની દેખરેખ" માં



ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યાં છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, 'ભારતમાં પાણી માત્ર મૂળભૂત સુવિધા નથી, પણ આપણી સંસ્કૃતિ અને આજીવિકા સાથે જોડાયેલું છે. એક સમયે મહિલાઓએ પાણી માટે સંઘર્ષ કરવો પડતો હતો, પરંતુ આજે 'જલ જીવન મિશન' દ્વારા દરેક ઘરમાં સ્વચ્છ પાણી પહોંચ્યું છે.' તેમણે જળ સંરક્ષણમાં સેલ્ફ-હેલ્પ ગ્રુપ્સ અને મહિલાઓની ભૂમિકાને બિરદાવતા 'જલ મહોત્સવ'ને એક જન આંદોલન ગણાવ્યું હતું.

નોંધનીય છે કે, ડાંગ જિલ્લાની ભૌગોલિક પરીસ્થિતી ડુંગરાળ છે. ડાંગ જિલ્લામાં ૩૧૧ ગામોમાં કુલ ૨૭૩૯૪૯ લોકોની વસ્તિ છે. જિલ્લામાં સ્વજલધારા કાર્યક્રમ/રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ/જલ જીવન મિશન કાર્યક્રમ/ગ્રામીણ વિસ્તારોમાં લોકભાગીદારીથી અને પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ વિતરણ વ્યવસ્થાની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. જેમાં ગામની પીવાના પાણીની યોજનાની મરામત અને નિભાવણી ગ્રામપંચાયત/પાણી સમિતિની અને ગામલોકોની સામેલગીરી અને સક્રિયતાથી સંચાલન કરવામાં આવે છે.

ડાંગ જિલ્લામાં શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે જિલ્લાના મુખ્ય સોર્સ કુવા, હેન્ડપંપ તથા બોરના પીવાના પાણીના સેમ્પલ લઈ ફીલ્ડ ટેસ્ટ કીટ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. જે અન્વયે દરેક ગામોમાં આંગણવાડી બહેનોને ફીલ્ડ ટેસ્ટ કીટથી પીવાના પાણીની ચકાસણી કરવા માટેની તાલીમ આપવામાં આવે છે. તેમજ આંગણવાડી બહેનો દ્વારા પીવાના પાણીના મુખ્ય સોર્સના સેમ્પલ લઈ પીવાના પાણીની ચકાસણી કરવામાં આવે છે.

# સીમલીયા-અમદાવાદ એસ.ટી બસ અચાનક બંધ, મુસાફરોમાં ઉગ્ર રોષ

## બે વર્ષથી ચાલતી બસ સેવા બંધ થતા વિદ્યાર્થીઓ અને મુસાફરો પર મુશ્કેલીનો પહાડ




• મહીસાગર....

મહીસાગર જિલ્લામાં એસ.ટી વિભાગની કામગીરી સામે મુસાફરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. લુણાવાડા એસ.ટી વિભાગ દ્વારા બે વર્ષ પહેલાં શરૂ કરાયેલ સીમલીયા થી અમદાવાદ જતી એસ.ટી બસ સેવા અચાનક બંધ કરી દેવામાં આવતા મુસાફરો તથા સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષનો માહોલ ઉભો થયો છે.

માહિતી મુજબ, સીમલીયા ગામથી દરરોજ સવારે લગભગ 7 વાગ્યે અમદાવાદ જતી બસ મોટી સંખ્યામાં મુસાફરો માટે જીવનદોરી સમાન બની ગઈ હતી. ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ તથા અન્ય કામસર બહારગામ જનાર લોકોને આ બસ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહી હતી.

સ્થાનિકો જણાવે છે કે સીમલીયાથી લુણાવાડા જવા માટે સવારના 6 વાગ્યા પછીથી 9 વાગ્યા સુધી કોઈ બસની સુવિધા ઉપલબ્ધ નથી, જેના કારણે લોકો ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં સીમલીયા-અમદાવાદ બસ સેવા મહત્વપૂર્ણ વિકલ્પ હતી.

પરંતુ એસ.ટી તંત્ર દ્વારા આ બસ સેવા એકાએક બંધ કરી દેવામાં આવતા મુસાફરોમાં ભારે અસંતોષ ફેલાયો છે. સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા અનેક વખત લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ સકારાત્મક પગલું લેવામાં આવ્યું નથી.

હવે ગ્રામજનો તથા મુસાફરો દ્વારા સીમલીયા થી અમદાવાદ જતી બસ સેવા તાત્કાલિક ફરી શરૂ કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે

# ડાંગ પોલીસની મોટી સફળતા: અઢી વર્ષથી નાસતા-ફરતા પ્રોહિબિશનના આરોપીને વલસાડથી ઝડપી પાડતી SOG ટીમ

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ કાર્યરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ને લાંબા સમયથી પોલીસને થાપ આપી રહેલા એક વોન્ટેડ આરોપીને પકડવામાં મહત્વની સફળતા મળી છે. પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા અઢી વર્ષથી નાસતા-ફરતા આરોપી મયુરભાઈ મહેશભાઈ હળપતીને એસ.ઓ.જી.ની ટીમે વલસાડ જિલ્લાના વાઘલદરા ખાતેથી દબોચી લીધો છે.

સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ (IPS) દ્વારા જિલ્લામાં નાસતા-ફરતા અને વોન્ટેડ આરોપીઓને પકડવા માટે ખાસ સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના અનુસંધાને ડાંગ-આહવા પોલીસ અધિક્ષક પૂજા યાદવ, નાયબ પોલીસ અધિક્ષક જે.એચ. સરવૈયા, કે.આર. ડિમરી અને જનેશ્વર નલવાયાના સીધા માર્ગદર્શન હેઠળ SOG પી.એસ.આઈ. એમ.જી. શેખ અને તેમની ટીમ વોન્ટેડ આરોપીઓની શોધખોળમાં હતી.

તપાસ દરમિયાન એસ.ઓ.જી. ટીમને હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સ દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે, આહવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વર્ષ ૨૦૨૩ના પ્રોહિબિશનના ગુનાનો મુખ્ય આરોપી મયુર હળપતી (રહે. નાની દમણ) હાલ વલસાડ જિલ્લાના વાઘલદરા ગામે આવ્યો છે. બાતમીમાં આરોપીના કપડાંના વર્ણન સહિતની સચોટ માહિતી મળતા પોલીસે તાત્કાલિક વોચ ગોઠવી હતી. બાતમી મુજબની જગ્યાએ પહોંચેલી પોલીસે વાઘલદરા બસ સ્ટેશન પાસે વર્ણન મુજબના શખ્સને જોતા તેની પૂછપરછ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં જ આરોપીએ આહવા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ), ૮૧ અને ૯૮(૨) મુજબના ગુનામાં સંડોવાયેલ હોવાની કબૂલાત આપી હતી. પોલીસે આરોપીની અટકાયત કરી તેને ડાંગ-આહવા લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાલાસિનોરમાં 1.43 કરોડના વિદેશી દારૂનો નાશ: 35,556 બોટલો પર રોલર ફેરવાયો



• કાનજી ધામોત

મહીસાગર જિલ્લાના બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહિબિશનના વિવિધ ગુનાઓમાં જપ્ત કરાયેલા વિદેશી દારૂના વિશાળ જથ્થાનો આજે વહીવટી તંત્ર અને પોલીસના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં જાહેર નાશ કરવામાં આવ્યો હતો. અંદાજે 1,43,28,971 કિંમતની કુલ 35,556 દારૂની બોટલો પર રોલર ફેરવી તેને જમીનદોસ્ત કરવામાં આવી હતી.આ કાર્યવાહી મહીસાગર જિલ્લા પોલીસ વડા સફીન હસનના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. વર્ષ 2026 દરમિયાન પ્રોહિબિશન હેઠળ પકડાયેલા મુદ્દામાલનો નિકાલ કરવા માટે આપવામાં આવેલી સૂચના અનુસાર આ કાર્યવાહી કરવામાં આવી હતી.

બેસ્ટ પ્રેક્ટિસ માટે પસંદગી શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના હસ્તે દિલ્હીમાં રાષ્ટ્રીય એવોર્ડથી સન્માન

# પોરબંદરની શિક્ષિકા દેશના ટોચના ૪૦ શિક્ષકોમાં સ્થાન : શિક્ષકોનું ગૌરવ વધાર્યું

• ગોસા(ઘેડ) તા.૧૧

૫ મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ શિક્ષક દિન નિમિતે દૈનિક ભાસ્કર પેપર દ્વારા ભારત દેશમાંથી ત્રણ જજની કમિટી દ્વારા ટોટલ ૩૮ હજાર શિક્ષકોની આવેલી બેસ્ટ પ્રેક્ટિસમાંથી ૪૦ શિક્ષકોની બેસ્ટ પ્રેક્ટિસ પસંદ થયેલ હતી. જેમાં ગુજરાત રાજ્યમાંથી પોરબંદર જીલ્લાની શ્રી બિલડી સીમ શાળા - ૨ ના શિક્ષક હર્ષાબેન પઢિયારની પસંદગી થયેલ હતી. જે અનુસંધાને આજ રોજ દિલ્હી મુકામે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન ના હસ્તે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. હર્ષાબેન શાળામાં કરેલ કામગીરીમાં બાળકોમાં પુસ્તકો પ્રત્યે પ્રેમ જગાડ્યો અને તેમને ઈન્ટરનેટનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની યુક્તિઓ શીખવી. હર્ષાબેન ૨૦૨૪ થી અમરેલી જિલ્લાની વિવિધ શાળાઓમાં શિક્ષણ આપી




રહ્યા હતા. અને ૨૦૧૦ થી પોરબંદર જીલ્લામાં શિક્ષણ આપી રહ્યા છે. છેલ્લા ૧૩ વર્ષથી તેમનું કાર્યસ્થળ બિલડી સીમ શાળા - ૨ છે. તેમણે રમત અને રમતો દ્વારા બાળકોમાં અભ્યાસ પ્રત્યે રસ કેળવ્યો છે. તેમણે બાળકોમાં પુસ્તકો અને ઈન્ટરનેટનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવાની કળા બાળકોને શીખવી છે, સાથે સાથે બાળકોને વ્યસનોથી પણ બચાવ્યા છે. બાળકોને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવા બદલ તેમને રાષ્ટ્રીય બાળ રક્ષક પુરસ્કાર પણ મળ્યો છે. તેમણે શાળામાં રસ કેળવવા અને તેમને શિક્ષણમાં જોડવા માટે માતાપિતાનો પણ સંપર્ક કર્યો છે. શિક્ષણ ઉપરાંત, તેમણે ગણિત, વાંચન, નિબંધ લેખન, નાટક, રમતગમત, યોગ, સામાન્ય જ્ઞાન, વક્તૃત્વ કૌશલ્ય વિકાસ, પોશાક અને ભાષા ખૂણો, વૃક્ષારોપણ અને પ્રાદેશિક ઓળખ માટે બહુપક્ષીય પ્રયાસો કર્યા છે. બાળકો સમકાલીન વિષયો પર તેમના મંતવ્યો વ્યકત કરતી બાળ વાર્તાઓ, કવિતાઓ અને લેખો લખી રહ્યા છે. તેઓ ઓનલાઈન સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યા છે અને ઈનામો અને પ્રમાણપત્રો જીતી રહ્યા છે. તેમની વાર્તાઓ અને કવિતાઓ અખબારોમાં પ્રકાશિત થઈ રહી છે. તેમના કાર્ય માટે, તેમને નારી રત્ન સન્માન , ઈનોવેટિવ ટીચર એવોર્ડ-૨૦૨૩ , આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એવોર્ડ-૨૦૨૪ , ગુજરાત સરકારનો શ્રેષ્ઠ જીલ્લા શિક્ષક એવોર્ડ , રાષ્ટ્રીય બાળ રક્ષક એવોર્ડ , કોરોના સમય ગાળા દરમિયાન શ્રેષ્ઠ કાર્ય માટે એવોર્ડ, શાળા સ્તરે નવીનતા માટે વિવિધ એવોર્ડ અને ગ્રીન ગ્લોબલ એવોર્ડ પણ મળ્યા છે.

# બોટાદ શહેરમાં શાકમાર્કેટ વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા સામે જિલ્લા ટ્રાફિક PSI એ.એમ.રાવલ ની કડક કાર્યવાહી

### રોડ ઉપરના લારી-ગલ્લા હટાવ્યા,રોડ ઉપર પાર્ક કરેલ વાહનો ડીટેઈન કરી દંડ ફટકાર્યો

• બોટાદ

બોટાદ શહેરમાં શાકમાર્કેટ વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા સામે જિલ્લા ટ્રાફિક PSI એ.એમ.રાવલ ની કડક કાર્યવાહી,રોડ ઉપરના લારી-ગલ્લા હટાવ્યા,રોડ ઉપર પાર્ક કરેલ વાહનો ડીટેઈન કરી દંડ ફટકાર્યો. બોટાદ શહેરમાં શાકમાર્કેટ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો સમાન બની હતી.લોકોની વારંવાર રજૂઆતને લઈને બોટાદ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા આ ટ્રાફિકની સમસ્યા સામે લાલ આંખ કરી છે. બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માની સૂચના હેઠળ બોટાદ જિલ્લા ટ્રાફિક PSI એ.એમ. રાવલ અને PSI ચૌધરી તેમજ ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા બોટાદ શહેરમાં શાકમાર્કેટ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લા ટ્રાફિકના જાંબાજ અને કડક અધિકારી તરીકેની છાપ ધરાવતા મહિલા PSI એ.એમ.રાવલ અને ટ્રાફિક પોલીસની ટીમ દ્વારા બોટાદ શહેરના શાકમાર્કેટ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા સામે કડક કાર્યવાહી કરતા રોડ પર અડચણરૂપ લારી-ગલ્લા હટાવવામાં આવ્યા સાથે જ આડેધડ રોડ પર વાહન પાર્કિંગ કરનારા વાહનચાલકો વિરુદ્ધ પણ કડક કાર્યવાહી કરીને દંડ ફટકારવામાં આવ્યો છે જેને લઈને બોટાદ શહેરમાં રોડ પર લારી-ગલ્લા રાખી ટ્રાફિકમાં અવરોધ ઊભો કરનારા વિરૂધ્ધ જિલ્લા ટ્રાફિક PSI એ.એમ. રાવલ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવતા ફાફડાટ ફેલાયો છે. સાથે જ રોડ ઉપર વાહનો પાર્કિંગ કરનારા વાહનચાલકોમાં પણ ફફડાટ ફેલાયો છે.બોટાદ જિલ્લા ટ્રાફિક શાખાના જાંબાજ મહિલા PSI એ.એમ રાવલે જણાવ્યું છે આગામી દિવસોમાં પણ ટ્રાફિકની સમસ્યા સામે આ પ્રકારની જ કડક કામગીરી કરવામાં આવશે કોઈની પણ શેહ શરમ રાખ્યા વગર કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે..

બાઈટ:એ.એમ.રાવલ(બોટાદ જીલ્લા ટ્રાફિક PSI)

## તીર્થધામ ચાણોદ ખાતે કુતરા ના આતંક

હડકાયા કૂતરૂએ છ જેટલાં વ્યક્તિઓને બચકા ભર્યાચાણોદ પીએસસી સહિત વડોદરા ખાતે એસએસજીમાં તબીબી સેવા લીધી. કુતરાઓની વસ્તી અંકુશમાં લેવા તંત્ર સત્વરે પગલા લેવા માંગ ચાણોદ રખડતાં આખલા ઓ પશુઓની સંખ્યા વધી રહી છે રસ્તા વચ્ચે અડીંગ જમાવતા હોય છેડભોઈ તાલુકાના તીર્થધામ ચાણોદ ખાતે રખડતાં કૂતરાઓનો આતંક દિવસે દિવસે વધતો જોવા મળી રહ્યો છે થોડા સમય પહેલા પણ રખડતાં હડકાયા કુતરાએ યાત્રિક સહિત સ્થાનિકોને બચકા ભર્યા હતા. ત્યાં ગતરોજ ચાણોદ શેષનારાયણ ટેકરા વિસ્તારમાં એક સ્થાનિક રહીશ અલ્પેશભાઈ માછી ને કુતરાએ પગમાં બચકા ભર્યા હતા જેઓને ચાણોદ સરકારી આરોગ્ય કેન્દ્ર એ સારવાર લીધા બાદ વડોદરા એસએસજી હોસ્પિટલ માં સારવાર લીધી હતી આ ઉપરાતં ચાણોદ બસ સ્ટેન્ડ પાસેથી નવા માંડવાના એક રહીશ ને બાઈક પર જતાં બસકા ભર્યા હતા આ ઉપરાંત અન્ય ચાર જેટલા ને પણ કુતરાએ બચકા ભર્યા હોવાનું જાણવા મળી રહ્યું છે ચાણોદ સરકારી આરોગ્ય કેન્દ્ર ખાતે હડકાયા કુતરૂ કરતાંડતા સારવાર માટે આવેલ હોવાનું સરકારી આરોગ્ય કેન્દ્ર ના સૂત્રો પાસેથી જાણવા મળ્યું ત્યારે તીર્થધામ ચાણોદ ખાતે બહારથી અનેક શ્રદ્ધાળુ આવતાં હોય તેમ જ સ્થાનિક નગરજનો તેમજ ચાણોદ ખાતે ખરીદી કરવામાં પંથકમાંથી ગ્રામજનો ઉપરાંત અભ્યાસ માટે વિદ્યાર્થીઓની અવરજવર રહેતી હોય .

**કોમનવેલ્થ સુધીમાં ટ્રાફિક ઘટાડવા** આગામી સમયમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે અને દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા વધી રહી છે

# લક્ઝરી-ST બસોની એન્ટ્રી સાવ બંધ થશે:લોકોએ AMTS-BRTS અને મેટ્રોનો ઉપયોગ કરવો પડશે

### અમદાવાદમાં ભારે લક્ઝરી અને એસટી બસો એસજી હાઈવે અને એસપી રિંગ રોડ સુધી જ આવશે

• અમદાવાદ

સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આગામી સમયમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે અને દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. જેને ધ્યાનમાં રાખી શહેરમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા અને શહેરીજનો વધુમાં વધુ જાહેર પરિવહનની સેવાનો ઉપોયગ કરે તે માટે આગામી વર્ષ 2030માં યોજાનાર કોમનવેલ્થ સુધી લક્ઝરી બસો અને ગુજરાત ST નિગમની બસો શહેરની બહાર દોડાવવામાં આવશે.

અમદાવાદમાં ભારે લક્ઝરી અને એસટી બસો એસજી હાઈવે અને એસપી રિંગ રોડ સુધી જ આવશે. હાઈવેથી જાહેર પરિવહન સેવા AMTS, BRTS અને મેટ્રોનો ઉપયોગ થાય તે પ્રકારનું આયોજન સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે.




અમદાવાદમાં જાહેર એક્ઝિબિશન ’AmdavadNXT’ના ઉદ્ઘાટન પ્રસંગમાં રાજ્ય સરકારના શહેરી વિકાસ મંત્રી અને અસારવાના ભાજપ ધારાસભ્ય દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, આગામી વર્ષ 2030માં અમદાવાદમાં કોમનવેલ્થ યોજાવાની છે, ત્યારે મહત્વનો પ્રોજેક્ટ રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે મળીને કરી રહી છે. શહેરમાં જાહેર પરિવહનની AMTS, BRTS અને મેટ્રો દોડી રહી છે.

આ પ્રકારના આયોજનથી શહેરમાં ટ્રાફિક હળવો થયા તેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજે આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. લોકો AMTS અને BRTS તેમજ મેટ્રોનો વધુમાં વધુ ઉપોયગ કરે તેવી મારી અપીલ છે. શહેરમાં દિન પ્રતિદિન વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. એક ઘરમાં ચાર લોકો રહેતા હોય અને ચારે વાહનોનો ઉપયોગ થાય તો ટ્રાફિક સમસ્યા વધુ થાય. જેથી લોકો જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરશે તો ટ્રાફિક ઘટાડી શકાશે. અમદાવાદ મેટ્રોસિટી છે જેથી અન્ય મેટ્રોસિટીની જેમ પ્લાનથી જો પરિવહન સેવા ચાલશે તો અમદાવાદમાં ટ્રાફિક સમસ્યા ખૂબ ઘટાડી શકાશે.

વર્ષ 2023માં કોમનવેલ્થ ગેમ્સ આવવાની છે ત્યારે અનેક પ્રતિનિધિઓ અન્ય દેશમાંથી આવશે. ત્યારે અમદાવાદ શહેરની સારી ઓળખ લઈને જશે. રોડ-રસ્તા ફૂટપાથ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વમાં અમદાવાદનું નામ રોશન કરીએ જેના માટે લોકો સરકાર અને AMCને સપોર્ટ કરે એવી અપીલ છે. સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે 21થી 23 ફેબ્રુઆરી ત્રણ દિવસ દરમિયાન રિવરફ્રન્ટ હાઉસ ખાતે 10 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી જાહેર પરિવહન સેવા પર એક્ઝિબિઝન યોજાયું છે. આ એક્ઝિબિશન તમામ નાગરિકો માટે ખુલ્લુ રહેશે. આ પહેલનો મુખ્ય હેતુ શહેરમાં જાહેર પરિવહનને મજબૂત બનાવી સર્વસમાવેશક, જલવાયુ-સહનક્ષમ અને લોકો-કેન્દ્રિત મોબિલિટી અંગે શહેરવ્યાપી ચર્ચા થશે.સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાયેલા એક્ઝિબિશનના ઉદ્ઘાટન પ્રસંગે અમદાવાદને 2036ની ઓલિમ્પિક્સ માટે તૈયાર કરવાના ભવ્ય વિઝનની રૂપરેખા રજૂ કરાઈ હતી. આગામી 25થી 50 વર્ષના આયોજન સાથે સેકન્ડ રિંગ રોડ, લોજિસ્ટિક પાર્ક અને સાબરમતી રિવરફ્રન્ટનું વિસ્તરણ અમદાવાદને વિશ્વસ્તરીય ’લિવબલ સિટી’ બનાવશે. તેમણે રિંગ રોડ પર ટ્રાફિક ઘટાડવા કનેક્ટર વાહનોના ઉપયોગ અને મેટ્રો સ્ટેશનો પર પાર્કિંગ સુવિધા વધારવા પર ભાર મુકાયો છે.અમદાવાદના મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 2070 સુધીના ’નેટ ઝીરો’ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા AMC કટિબદ્ધ છે.

### વઢવાણા પોતાની ઈકો-ટુરિઝ્મ અને રામસર સાઈટ’ તરીકેની પ્રતિષ્ઠા ગુમાવી દેશે

# ઐતિહાસિક વઢવાણા વેટલેન્ડ ગંદકીના ગરકાવ ગાયકવાડી શાસનનું ધરોહર સમાન તળાવ તંત્રની ઘોર બેદરકારીનો ભોગ બન્યું

**ઐતિહાસિક વઢવાણા તળાવ** શાસનની યાદ અપાવતું ઐતિહાસિક વઢવાણા તળાવ આજે વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે પોતાની ઓળખ ગુમાવી

• ફકીરા ખત્રી ડભોઈ

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આવેલું અને ગાયકવાડી શાસનની યાદ અપાવતું ઐતિહાસિક વઢવાણા તળાવ આજે વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે પોતાની ઓળખ ગુમાવી રહ્યું છે. આશરે 16 કિલોમીટરના ઘેરાવામાં ફેલાયેલું આ વિશાળ તળાવ, જે ક્યારેક પક્ષીઓ માટે સ્વર્ગ ગણાતું હતું, તે આજે ગંદકી, લીલ અને ઝાડી-ઝાખરાનું સામ્રાજ્ય બની ગયું છેગંદકી અને ઝાડી-ઝાખરાનું સામ્રાજ્ય સમગ્ર મધ્ય ગુજરાતમાં જેની ગણના મહત્વના વેટલેન્ડ તરીકે થાય છે, તે વઢવાણા તળાવના કિનારાઓ હાલ કચરાના ઢગલાથી ઉભરાઈ રહ્યા છે. તળાવના પાણીમાં અસંખ્ય પ્રમાણમાં



લીલ જામી ગઈ છે અને કિનારાની આસપાસ જંગલી વનસ્પતિઓ તેમજ કાંટાળા ઝાડી-ઝાખરા ઉગી નીકળ્યા છે. સફાઈના અભાવે તળાવનું કુદરતી સૌંદર્ય હણાઈ રહ્યું છે.વિદેશી મહેમાનોની સંખ્યામાં ચિંતાજન ક ઘટાડો

વઢવાણા તળાવ દર વર્ષે હજારો કિલોમીટર દૂરથી આવતા દેશ-વિદેશના યાયાવર પક્ષીઓ માટે આશ્રયસ્થાન છે. જોકે, આ વર્ષે ગંદકી અને યોગ્ય જાળવણીના અભાવે પક્ષીઓની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. પક્ષી પ્રેમીઓમાં પણ આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે, કારણ કે પ્રદૂષિત વાતાવરણ પક્ષીઓના વસવાટ માટે જોખમી સાબિત થઈ રહ્યું છેતંત્રની બેદરકારી: વોચમેન અને પગીઓ છતાં દશા ઠેરની ઠેર તળાવની દેખરેખ અને સુરક્ષા માટે તંત્ર દ્વારા વોચમેન તેમજ પગીઓની નિમણૂક કરવામાં આવી છે તેમ છતાં, જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે સફાઈનો અભાવ: પગીઓ અને સ્ટાફ હાજર હોવા છતાં નિયમિત સફાઈ કરવામાં આવતી નથી જાળવણીમાં ઉદાસીનતા: જાડી-ઝાખરાના કારણે પ્રવાસીઓને પક્ષી દર્શનમાં પણ મુશ્કેલી પડી રહી છે નજરઅંદાજ થતી ફરિયાદો: સ્થાનિકો અને પર્યટકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર હજુ પણ ઘસઘસાટ ઊંઘી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

નિષ્કર્ષ: ગાયકવાડી રાજાઓએ પ્રજા અને પ્રકૃતિ માટે બનાવેલું આ અમૂલ્ય નજરાણું જો આવી જ રીતે અવગણવામાં આવશે, તો વઢવાણા પોતાની ઈકો-ટુરિઝ્મ અને રામસર સાઈટ’ તરીકેની પ્રતિષ્ઠા ગુમાવી દેશે.

# અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા સગર્ભા માતાઓને માતૃશક્તિ પોષણ કીટ વિતરણ કર્યું

### 6 હજાર શ્રી વધામણાં કીટ અને 12 હજાર સગર્ભા માતાઓને પૌષ્ટિક આહાર કીટ આપશે

• બનાસકાંઠા.... અંબાજી

1 એપ્રિલ 2026 થી 31 માર્ચ 2027 સુધી 18,000 કીટનું વિતરણ, 6 હજાર શ્રી વધામણાં કીટ અને 12 હજાર સગર્ભા માતાઓને પૌષ્ટિક આહાર કીટ આપશે બનાસકાંઠા જિલ્લા કલેકટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલના અધ્યક્ષસ્થાને અંબાજીના ચાચર ચોક ખાતે ’માતૃશક્તિ પોષણ કીટ’ અને ’શ્રી શક્તિ વધામણા કીટ’ વિતરણ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સરકાર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે બનાસકાંઠા જિલ્લાના દાંતા, હડાદ અને અમીરગઢ તાલુકાની સગર્ભા માતાઓ અને નવજાત દીકરીઓના આરોગ્યની જાળવણી માટે આ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પોલીસ વડા સહિતના મહાનુભાવોના હસ્તે આદિજાતિ વિસ્તારની બહેનો અને માતાઓને કીટનું વિતરણ કરીને ઝુંબેશનો પ્રારંભ કરાયો હતો સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્યને લઈને કલેકટર




કચેરી ખાતે નિયમિત બેઠકો યોજાય છે. આ વિસ્તારની બહેનો અને માતાઓને પૂરતું પોષણ મળી રહે તે હેતુથી પોષણ કીટો તૈયાર કરવામાં આવી છે.’માતૃશક્તિ સર્વ જીવનનો આધાર છે’ના મંત્ર સાથે સગર્ભા માતાઓ માટે ’માતૃશક્તિ પોષણ કીટ’ અને નવજાત દીકરીઓ માટે ’શ્રી શક્તિ વધામણા કીટ’ તૈયાર કરાઈ છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સગર્ભા માતાઓને પોષણ પૂરું પાડી તંદુરસ્ત બાળકનો જન્મ સુનિશ્ચિત કરવાનો અને નવજાત દીકરીઓના આરોગ્યની કાળજી રાખવાનો છે. આગામી 1 એપ્રિલ 2026 થી 31 માર્ચ 2027 સુધી આદિજાતિ તાલુકાઓમાં 12 હજાર સગર્ભા બહેનોને ’માતૃશક્તિ પોષણ કીટ’ અને 6 હજાર બહેનોને ’શ્રી શક્તિ વધામણા કીટ’ અર્પણ કરવામાં આવશે. મંદિર ટ્રસ્ટ દ્વારા કુલ 18,000 કીટ તૈયાર કરાશે, જેનું વિતરણ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવશે. ’માતૃશક્તિ પોષણ કીટ’માં ઘઉંનો લોટ, શેકેલા ચણા, ગોળ, મગ, ઘી અને પ્રોટીન પાવડર જેવી પૌષ્ટિક વસ્તુઓનો સમાવેશ થાય છે.

# રાણપુરમાં આજે જૈન આચાર્ય પ્રબોધચંદ્રસૂરિજી મહારાજનું આગમન

### ચકાચક દાદાના આગમનને લઈ જૈન સમાજમાં ઉત્સાહનો માહોલ

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં આવતીકાલે જૈન સમાજના હૃદય સમ્રાટ પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજય પ્રબોધચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબ (ચકાચક દાદા)નું આગમન થશે.આ પ્રસંગે જૈન સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.તેઓ જૈન શાસન સમ્રાટ પરમ પૂજ્ય આચાર્ય ભગવાન નેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના વિજય નેમી-વિજ્ઞાન કસ્તુરસૂરિજી મહારાજ સાહેબના પટ્ટધર છે. મહાન તપસ્વી સમ્રાટ પરમ પૂજ્ય આચાર્ય દેવ વિજય મુકુંદચંદ્રસૂરિશ્વર મહારાજ સાહેબના તત્પટ્ટધર અને જીવદયાપ્રેમી પરમ પૂજ્ય આચાર્ય દેવ વિજય પ્રમોદચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબ આદીઠાણા તથા સાધ્વીજી ભગવંતો સહિત સાધુ-ભગવંતો પણ રાણપુર પધારશે.આવતીકાલે સવારે 6:30 કલાકે ચકાચક મહારાજ સાહેબનું આગમન થશે. રાણપુરમાં ગીબરોડ પર આવેલી એ.ડી. શેઠ હોસ્પિટલ ખાતેથી વાજતે-ગાજતે ભવ્ય સામૈયું કાઢવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો ઉમટી પડશે.વ્યાખ્યાન બાદ ઉપસ્થિત સૌ લોકો માટે મોટા ઉપાશ્રય ખાતે નવકારશીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ પવિત્ર પ્રસંગને લઈને સમગ્ર જૈન સમાજમાં અનેરો ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે. ત્યારબાદ મહારાજ સાહેબ રાણપુર પાંજરાપોળ ખાતે પધારી અબોલ પશુઓને માંગલિક સંભળાવશે.ત્યાંથી વાજતે-ગાજતે મોટા દેરાસર થઈને રતનચોક સાંકળીબાઈ ઉપાશ્રય ખાતે મહારાજ સાહેબ બિરાજમાન થશે. ઉપાશ્રય ખાતે માંગલિક અને વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો ઉમટી પડશે. વ્યાખ્યાન બાદ ઉપસ્થિત સૌ લોકો માટે મોટા ઉપાશ્રય ખાતે નવકારશીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ પવિત્ર પ્રસંગને લઈને સમગ્ર જૈન સમાજમાં અનેરો ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે..

રીપોર્ટર:વિપુલ લુહાર,રાણપુર

## શિવકથા, ગંગા આરતી અને લોક ડાયરા થી ગુંજશે દિવ્યધામ વલારડી




બાબરા તાલુકાના પવિત્ર તીર્થસ્થળ દિવ્યધામ વલારડી ખાતે તા. ૧૯ માર્ચ ૨૦૨૬ થી ૨૭ માર્ચ ૨૦૨૬ દરમિયાન “શક્તિના સાનિધ્યમાં શિવનો મહિમા” શિવકથા મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં પૂજ્ય શ્રી ગીરીબાપુના શ્રી મુખેથી શિવકથા નું રસપાન દરરોજ બપોરે ૩:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી થશે.આ શિવકથાને સફળ બનાવવા માટે દિવ્યધામ વલારડી દ્વારા સ્થળ પર તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. કથા સ્થળે વિશાળ કથા મંડપ, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, ભોજન પ્રસાદ પીવાનું પાણી, સ્વચ્છતા તેમજ સુરક્ષા જેવી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.શિવકથા દરમ્યાન વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હરિદ્વારના પરંપરાગત બ્રાહ્મણો દ્વારા દિવ્ય ગંગા આરતી, ભજન સંધ્યા તેમજ ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા લોક ડાયરા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

### સિવિલમાં શાહરૂખને ટોઈલેટ કરાવ્યું ને 21 લાખનું સોનું નીકળ્યું

# અબુ ધાબીથી આવેલા પેસેન્જરના શરીર માંથી 135 ગ્રામ સોનાની ત્રણ કેપ્સ્યુલ મળી

• અમદાવાદ

અબુ ધાબીથી અમદાવાદ આવેલી એર અરેબિયા ફ્લાઈટમાં આવેલા શાહરૂખ નામના પેસેન્જરના શરીરમાંથી 21 લાખથી વધુની કિંમતની સોનાની કેપ્સ્યુલ કસ્ટમ વિભાગના એર ઈન્ટલિજન્ટ યુનિટ દ્વારા કબજે કરવામાં આવી છે. આ અગાઉ યુગાન્ડાની મહિલાના શરીરમાં છુપાવેલી હેરોઈન ભરેલી 79 કેપ્સ્યુલ કબજે કરવામાં આવી હતી. આ કેસમાં તાજેતરમાં જ કોર્ટ દ્વારા મહિલા આરોપીને વીસ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ત્યાં વળી આવો જ કેસ કસ્ટમ વિભાગના અધિકારીઓએ પકડી પાડ્યો છે. 19 ફેબ્રુઆરી 2026ના રોજ અમદાવાદ કસ્ટમ્સના AIU અધિકારીઓએ પ્રોફાઈલિંગના આધારે ભારતીય પાસપોર્ટ ધરાવતા અને એર અરેબિયા ફ્લાઈટ નં. 3L 111 દ્વારા અબુ ધાબીથી અમદાવાદ આવી રહેલા શાહરૂખ નામના એક પેસેન્જરને અટકાવ્યો હતો. તેની પૂછપરછમાં પેસેન્જરે કબૂલ્યું છે કે તેણે ગળીને તેના શરીરમાં સોનાને કેપસ્યુલ છુપાવી હતી.

ત્યારબાદ તેને 19મી ફેબ્રુઆરીના રોજ જ અમદાવાદના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ શરીરમાં છુપાયેલા પદાર્થો શોધી શકાય તે માટે મુસાફરને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો.

સિવિલ હોસ્પિટલમાં, મળ પસાર કરાવતી વખતે ડૉક્ટરને મુસાફરના શરીરમાંથી પીળા રંગની 3 નળાકાર કેપ્સ્યુલ અને 1 ગોળાકાર આકારના સ્ટીલ કલરનો બોલ છુપાવેલો જોવા મળ્યો. સિવિલ હોસ્પિટલ, અમદાવાદે 21 ફેબ્રુઆરીના રોજ મેડિકલ રિપોર્ટ દ્વારા આ છુપાવેલા માલની માહિતી આપી અને મુસાફરને ડિસ્ચાર્જ કર્યો હતો.

ત્યાર બાદ પેસેન્જરના શરીરમાંથી મલેલા માલનું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને પ્રમાણપત્ર રજૂ કર્યું. જેમાં પ્રમાણિત કરવામાં આવ્યું કે 3 ત્રણ નળાકાર આકારના કેપ્સ્યુલની ધાતુ 135.200 ગ્રામ વજનની સોનાની છે, જેની શુદ્ધતા 999.0 /24 કેરટની છે, તેની બજાર કિંમત રૂ. 21 લાખ 89 હજાર 564 થાય છે અને ટેરિફ મૂલ્ય રૂ. 20 લાખ 17 હજાર 801 છે.જ્યારે ચોથી ગોળાકાર કેપ્સ્યુલ ફેરસ ધાતુનું બનેલી હોવાનું જાણવા મળ્યું હતું. તેથી, કસ્ટમ્સ એક્ટ, 1962ની જોગવાઈઓ હેઠળ તેને જપ્ત કરવામાં આવ્યું હતું કારણ કે તેને કસ્ટમ્સને જાહેર કર્યા વિના શરીરમાં છુપાવીને ભારતમાં દાણચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ અંગેની વધુ તપાસ ચાલુ છે. 9 ફેબ્રુઆરી, 2026ના રોજ અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે દુબઈથી આવેલા એક શખસ પાસેથી કુલ 96 લાખ રૂપિયાનું સોનું ઝડપ્યું હતું. આ શખસે દાણચોરી માટે ચાલાકીપૂર્વક તેના અન્ડરવેરમાં 45 લાખની કિંમતનું સોનું પેસ્ટ સ્વરૂપે છુપાવ્યું હતું, જે જોતાં પહેલી નજરે સામાન્ય કાપડ જેવું જ દેખાતું હતું, પરંતુ કસ્ટમ્સ વિભાગને એરપોર્ટ પર શખસની શંકાસ્પદ હિલચાલના આધારે તેની તપાસ કરતાં આ અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો હતો અને અધિકારીઓ પણ સોનાને છુપાવવાની આ પદ્ધતિ અને સંપૂર્ણ સોનાનું અંડરવેર જોઈને દંગ રહી ગયા હતા.

# AC કમ્પ્રેસરમાં બ્લાસ્ટ બાદ આગથી અફરાતફરી આંગડિયા પેઢીમાં આગથી સામાન બળીને ખાખ

### લાખોની રોકડનો આબાદ બચાવ: એક જ દિવસમાં 7 આગના બનાવો

• સુરત

સુરત શહેરમાં છેલ્લા બે દિવસથી આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. વધતા જતા તાપમાનની સાથે જ શહેરમાં આગના બનાવોમાં પણ ચિંતાજનક ઉછાળો જોવા મળ્યો છે. આજે શહેરના વ્યસ્ત ગણાતા મહિધરપુરા વિસ્તારમાં આવેલી એક જાણીતી આંગડિયા પેઢીમાં એસીના કોમ્પ્રેસરમાં બ્લાસ્ટ થતા ભીષણ આગ ફાટી નીકળી હતી. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. મળતી માહિતી પ્રમાણે, મહિધરપુરા ખાતે આવેલી SP આંગડિયા પેઢીમાં આજે સામાન્ય દિવસની જેમ કામકાજ ચાલી રહ્યું હતું. આ દરમિયાન અચાનક એસીના કોમ્પ્રેસરમાં ધડાકા સાથે બ્લાસ્ટ થયો હતો અને જોતજોતામાં ઓફિસમાં આગ પ્રસરી ગઈ હતી. આગ લાગતા જ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘટના સમયે ઓફિસમાં બે કર્મચારીઓ હાજર હતા, જેઓ સમયસૂચકતા વાપરીને તુરંત બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો હતો. આગની જાણ થતા જ સુરત ફાયર વિભાગની ટીમો હરકતમાં આવી હતી. ત્રણ અલગ-અલગ ફાયર સ્ટેશનની કુલ 4 ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.આગ એટલી પ્રચંડ હતી કે ઓફિસમાં રહેલું ફર્નિચર, પંખા અને તમામ ઈલેક્ટ્રિક વાયરિંગ બળીને ખાખ થઈ ગયું હતું. જોકે, રાહતની વાત એ રહી કે આંગડિયા પેઢીમાં રાખવામાં આવેલી રોકડ રકમ સળગતા બચી ગઈ હતી. ફાયર વિભાગ અને હાજર લોકોની મદદથી 1.10 લાખની રોકડ સહી-સલામત બહાર કાઢી માલિકને પરત સોંપવામાં આવી હતી.સુરતમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે, જેના કારણે ઈલેક્ટ્રિક ઉપકરણો પર લોડ વધતા શોર્ટ સર્કિટ અને બ્લાસ્ટની ઘટનાઓ વધી છે. આજે વહેલી સવારથી સાંજ પાંચ વાગ્યા સુધીમાં જ સુરત શહેરમાં અલગ-અલગ જગ્યાએ આગના કુલ 7 બનાવો નોંધાયા છે, જે વહીવટી તંત્ર અને નાગરિકો માટે ચિંતાનો વિષય છે. હાલમાં મહિધરપુરાની ઘટનામાં આગ લાગવાનું પ્રાથમિક કારણ એસી બ્લાસ્ટ માનવામાં આવે છે, પરંતુ ફાયર વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગોથાણબ્રિજ પર બે ટ્રક વચ્ચે થઈ જોરદાર ટક્કર:કેબિન દબાઈ જતાં ડ્રાઈવર બરોબરનો ફસાયો; ફાયર બ્રિગેડે પતરા કાપી બહાર કાઢ્યો

• સુરત

સુરત શહેરના કોસાડ ફાયર સ્ટેશન હેઠળ આવતા ગોથાણબ્રિજ પર આજે વહેલી સવારે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. બે ટ્રકો વચ્ચે થયેલી આ ટક્કરમાં એક ટ્રકનો ચાલક કેબિનમાં ખરાબ રીતે ફસાઈ ગયો હતો, જેને ફાયર વિભાગની ટીમે ભારે જહેમત બાદ સલામત રીતે બહાર કાઢ્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, આ અકસ્માત આજ રોજ સર્જાયો હતો. અમરોલીથી રંગોલી ચોકડી તરફ જતા ગોથાણબ્રિજ પર એક ટ્રકની પાછળ બીજી ટ્રક (નંબર: GJ 05 GV 1777) ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, પાછળની ટ્રકનો આગળનો ભાગ કચડાઈ ગયો હતો અને ડ્રાઈવર કેબિનમાં જ ફસાઈ ગયો હતો.

**ઉગ્ર બોલાચાલી** 'ડરપોક છો ડરપોક, ભાગેડુ છો ભાગેડુ!', મેયર માવાણીએ મૂઠીઓ વાળી

# સામાન્યસભા બાદ ભાજપ-આપ વચ્ચે બથંબથી ને ખેંચાખેંચીથી મનપા ઓફિસ સમરાંગણ બની

### ભાજપ અને આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો વચ્ચે ભારે હોબાળો અને ઉગ્ર બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા

• સુરત

સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા પૂર્ણ થયા બાદ ભાજપ અને આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો વચ્ચે ભારે હોબાળો અને ઉગ્ર બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા. આ ગરમાગરમી દરમિયાન 'આપ'ના કોર્પોરેટર મહેશ અણઘણનું લેપટોપ તૂટી જતાં મામલો વધુ બિચકાયો હતો, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ભાજપના કોર્પોરેટરોએ આ લેપટોપ તોડ્યું છે કારણ કે તેની ડિસ્પ્લે પર ભાજપની નિષ્ફળતાઓ દર્શાવવામાં આવી હતી. સ્થિતિ એટલી હદે વણસી હતી કે 'આપ'ના કુંદન કોઠીયા અને ભાજપના ઉર્વશીબેન વચ્ચે હાથપાઈ થતા રહી ગઈ હતી, જ્યારે ભાજપના કોર્પોરેટર વૃજેશ ઉનડકટ અને કૃણાલ સેલરે વળતો આક્ષેપ કર્યો હતો કે કુંદન કોઠીયાએ ભાજપના સભ્યો માટે અભદ્ર ભાષાનો પ્રયોગ કરતા વિવાદ વધ્યો હતો. અંતે સિક્યુરિટી ગાર્ડ્સ દ્વારા વચ્ચે પડીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સામાન્ય સભા બાદ સુરત મહાનગરપાલિકાની કચેરીમાં યુદ્ધ જેવો માહોલ જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટીની મહિલા કોર્પોરેટર રચના હિરપરાએ ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટરને કહ્યું હતું કે, 'તમારાથી કશું થાય નહીં; ડરપોક છો ડરપોક, ભાગેડુ છો ભાગેડુ! પહેલા મેયર દક્ષેશ માવાણી ભાગ્યા હતા, હવે તમે લોકો ભાગો છો. હવે તમને ડર લાગે છે, જવાબ દેવો અઘરો લાગે છે.'

આ દરમિયાન એકતરફ 'હાય રે ભાજપ હાય હાય'ના નારા લાગી રહ્યા હતાં, તો બીજી બાજુ ભાજપના કોર્પોરેટરો



'આપિયા હાય હાય'ના નારા લગાવતા હતા. વિરોધ ચાલી રહ્યો હતો તે દરમિયાન મેયર દક્ષેશ માવાણી બહાર આવ્યા ત્યારે આમ આદમી પાર્ટીના તમામ કોર્પોરેટરોએ તેમને કહ્યું કે, 'તમને લેપટોપ બતાવ્યું તો એમાં શું સમસ્યા થઈ ગઈ? એમાં પાંચ વર્ષનો લેખાજોખા હતો.''આપ'ના તમામ કોર્પોરેટરોએ મેયરને ઘેરી લીધા હતા, જેના કારણે મેયર માર્શલના સુરક્ષા ઘેરા વચ્ચે બહાર નીકળતા નજરે પડ્યા હતા. આ ખેંચતાણ વચ્ચે વિપક્ષના નેતા પાયલ સાકરીયા ભાજપના કોર્પોરેટર વૈશાલીને 'ડરપોક' કહીને સંબોધે છે. જ્યારે મહિલા માર્શલો આપના મહિલા કોર્પોરેટરોને બળપૂર્વક હટાવવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતાં. સુરત મહાનગરપાલિકાની વર્તમાન ટર્મની છેલ્લી સામાન્ય સભામાં એક ઐતિહાસિક નિર્ણય લેતા મનપાના મુખ્યાલય 'મુઘલસરાઈ'નું નામ બદલીને હવે 'તાપી ભવન' અને આસપાસના વિસ્તારનું નામ 'તાપીપુરા' રાખવાની દરખાસ્ત સર્વાનુમતે મંજૂર કરવામાં આવી છે. મેયર દક્ષેશ માવાણી દ્વારા રજૂ કરવામાં આવેલી આ દરખાસ્તને શાસક અને વિપક્ષ બંનેના નગરસેવકોએ 'સનાતન ધર્મની જય' ના નારા અને બેન્ચ થપથપાવીને ઉત્સાહભેર વધાવી લીધી હતી. સુરત શહેરના ગૌરવશાળી સાંસ્કૃતિક વારસા અને તાપી નદીના મહત્વને ઉજાગર કરવાના હેતુથી લેવાયેલા આ નિર્ણયથી સાત વર્ષ જૂની માંગણી સંતોષાઈ છે, જેમાં અગાઉ ભાજપના નગરસેવક વિજય ચોમાલે આ નામ બદલવાની રજૂઆત કરી હતી. સુરતના ઐતિહાસિક વારસા અને તાપી નદીના મહિમાને ઉજાગર કરવા માટે સુરત મહાનગરપાલિકાના મેયર દક્ષેશ માવાણી દ્વારા એક મહત્વપૂર્ણ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ દરખાસ્તમાં મહાનગરપાલિકાની મુખ્ય વહીવટી કચેરી (હેડ ક્વાર્ટર) અને તેની આસપાસના 'મુગલીસરા' વિસ્તારનું નામ બદલવા માટે ઠરાવવામાં આવ્યું છે.મેયરની પ્રથમ દરખાસ્ત મુજબ, સુરતના સેન્ટ્રલ ઝોનમાં આવેલો અને વર્ષોથી 'મુગલીસરા' તરીકે પ્રચલિત વિસ્તાર હવે 'શ્રી તાપી પુરા' તરીકે ઓળખાશે. આ નિર્ણય પાછળ તાપી નદીની પવિત્રતા અને પૌરાણિક ગ્રંથ 'શ્રી તાપી મહાપુરાણ'નો સંદર્ભ લેવામાં આવ્યો છે. તાપી નદીને સૂર્યપુત્રી અને શનિદેવની બહેન માનવામાં આવે છે, જે સુરતની જાહોજલાલીનો મુખ્ય સ્ત્રોત રહી છે.

### આધેડને હનીટ્રેપમાં ફસાવી 1.50 કરોડની ખંડણી વસૂલી

# યુવતી સાથેનો નિર્વસ્ત્ર વીડિયો ઉતાર્યો, 3 મિત્રોએ બ્લેકમેલ કરી 1kg સોનું અને 5kg ચાંદી પડાવ્યું

**બ્લેકમેઈલ** આરોપીઓએ ફરિયાદીને બારડોલી-પલસાણા હાઈવે પર બોલાવી અજાણી યુવતી સાથે ભેટો કરાવ્યો

• સુરત

સુરત શહેરના અઠવાલાઈન્સ વિસ્તારમાં રહેતા એક આધેડને પ્રેમજાળમાં ફસાવી, નિર્વસ્ત્ર વીડિયો બનાવી બ્લેકમેઈલ કરવાનો સનસનીખેજ કેસ સામે આવ્યો છે. ત્રણ પરિચિતોએ જ આધેડને બારડોલી-પલસાણા હાઈવે પર લઈ જઈ યુવતી સાથેનો વીડિયો ઉતારી લીધો હતો. આ વીડિયોના આધારે બળાત્કારના કેસમાં ફસાવવાની ધમકી આપી આરોપીઓએ 39 લાખની એફડી તોડાવી, 1 કિલો અને 300 ગ્રામ સોનું અને 5 કિલો ચાંદી પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે.

અઠવાલાઈન્સ વિસ્તારમાં રહેતા આધેડને તેમના જ ઓળખીતા મેહુલ જડિયા, વિનોદ મનાની અને યુસુફ



ચોકસીએ વિશ્વાસમાં લીધા હતા. અઢી વર્ષ પહેલાં આ ત્રણેય આરોપીઓએ ફરિયાદીને બહાના હેઠળ બારડોલી-પલસાણા હાઈવે પર લઈ ગયા હતા. ત્યાં પૂર્વનિર્ધારિત કાવતરા મુજબ એક અજાણી યુવતીને બોલાવવામાં આવી હતી. આ યુવતી સાથે ફરિયાદીનો નિર્વસ્ત્ર વીડિયો ઉતારી લેવામાં આવ્યો હતો, જે બાદ શરૂ થયો હતો બ્લેકમેઈલિંગનો આખો ખેલ.વીડિયો વાઈરલ કરવાની અને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીથી ફરિયાદી ફફડી ઉઠ્યા હતા. આ તકનો લાભ લઈ આરોપીઓએ અસલી ખેલ શરૂ કર્યો. ફરિયાદીએ પોતાના પિતાના નામે રહેલી 39 લાખની ફિક્સ ડિપોઝિટ તોડાવીને આરોપીઓના હવાલે કરી દીધી હતી. એટલું જ નહીં આરોપીઓએ ફરિયાદીની પત્ની, દાદી અને પુત્રવધૂના અંદાજે 130 તોલા (1 કિલો 300 ગ્રામ) સોનાના દાગીના અને 5 કિલો ચાંદી પણ બળજબરીથી પડાવી લીધ હતા. આરોપીઓ અત્યંત શાતિર હતા. પરિવારને શંકા ન જાય તે માટે તેમણે એક માસ્ટર પ્લાન ઘડ્યો હતો. તેમણે ફરિયાદી પાસેથી પડાવેલા અસલી દાગીનાના ફોટોગ્રાફસના આધારે આબેહુબ દેખાતા નકલી (ડુપ્લિકેટ) દાગીના બનાવ્યા હતા. આરોપીઓએ આ નકલી દાગીના ફરિયાદીને આપીને બેંકના લોકરમાં મુકાવી દીધા હતા, જેથી ઘરમાં જ્યારે પણ દાગીનાની વાત નીકળે ત્યારે લોકરમાં દાગીના સુરક્ષિત હોવાનો ભ્રમ જળવાઈ રહે. આરોપીઓએ યુવતી સાથે ફરિયાદીનો નિર્વસ્ત્ર વીડિયો ઉતારી લીધો હતો. પુત્રને જાણ થતા મામલો પોલીસ મથકે પહોંચ્યો આ સમગ્ર ઘટના અઢી વર્ષ સુધી છૂપી રહી હતી. જોકે, તાજેતરમાં ફરિયાદીના પુત્રને આ આખી કરતૂતની જાણ થઈ હતી. પુત્ર જ્યારે આરોપીઓનો સંપર્ક કરી પૂછપરછ કરી, ત્યારે આરોપીઓએ તેને અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આખરે મામલો હદ બહાર જતાં પુત્રએ અઠવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ખંડણી અને ગુનાહિત કાવતરાની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ તેજ કરી છે. પોલીસે મુખ્ય બે આરોપીઓની ધરપકડ ફરિયાદ નોંધાતા જ અઠવા પોલીસ હરકતમાં આવી ગઈ હતી.

# ચોરી કેસમાં એક વર્ષથી નાસતો ફરતો આરોપી ધોળકાથી ઝડપાયો

### ભેસ્તાન કન્સ્ટ્રક્શન સાઈટના 6 લાખના સામાન ભરેલું ટ્રેક્ટર ચોરી ભાગ્યો 'તો

• સુરત

સુરતના ભેસ્તાન વિસ્તારમાં બિલ્ડરના વિશ્વાસનો ભંગ કરી, કિંમતી સામાન ભરેલું આખું ટ્રેક્ટર લઈને ફરાર થઈ જનાર રીઢા આરોપીને સુરત ક્રાઈમ બ્રાંચે દબોચી લીધો છે. માર્ચ 2025માં બનેલી આ ઘટનામાં લાખો રૂપિયાની ચોરી કરી આરોપી અમદાવાદના ધોળકા પાસે છુપાયો હતો. પોલીસને થાપ આપવા તે મજૂરી કામ કરતો હતો, પરંતુ ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે તેની ધરપકડ કરી છે.આ ઘટનાની વિગત એવી છે કે, ભેસ્તાન રેલ્વે સ્ટેશન પાસે આવેલ ઉમ્મીદનગર ખાતે અંકિત લક્ષ્મણભાઈ મિયાણીની કન્સ્ટ્રક્શન સાઈટ ચાલી રહી હતી. અહીં મજૂરી કામ કરતા બે સગા ભાઈઓ તારીકુલ અને અનિકુલ રેહાન પર માલિકને ભરોસો હતો. જોકે, 24/03/2025 ના રોજ આ બંને ભાઈઓએ કાવતરું રચી સાઈટ પર પડેલું ટ્રેક્ટર, જેમાં કન્સ્ટ્રક્શનનો કિંમતી સામાન ફિટ કરેલો હતો, તે




લઈને રાતોરાત સુરત છોડી ભાગી ગયા હતા. આ ટ્રેક્ટર અને સામાનની કુલ કિંમત 6,12,033 જેટલી થવા જાય છે.સુરત શહેર ક્રાઈમ બ્રાંચની નાસતા ફરતા સ્કોડની ટીમ પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેમને ચોક્કસ બાતમી મળી હતી કે ટ્રેક્ટર ચોરીનો મુખ્ય આરોપી તારીકુલ હેનારા અમદાવાદના ધોળકા વિસ્તારમાં છુપાયો છે. બાતમીદારના જણાવ્યા મુજબ, આરોપી ધોળકાના અંબિકા સર્કલ પાસે એક નવી બની રહેલી બિલ્ડિંગની સાઈટ પર મજૂરી કામ કરી રહ્યો હતો. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે તાત્કાલિક ધોળકા પહોંચી વોચ ગોઠવી હતી અને આરોપી તારીકુલ (ઉંમર 31) ને કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો. ભેસ્તાન પોલીસ મથકે BNS 2023ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયા બાદ પોલીસ તપાસમાં આરોપીનો સગો ભાઈ અનિકુલ રેહાન અગાઉ પકડાઈ ગયો હતો. જોકે, મુખ્ય સૂત્રધાર ગણાતો તારીકુલ પોતાની ધરપકડ ટાળવા માટે સતત સ્થળ બદલી રહ્યો હતો.

# સંજીવકુમાર ઓડિટોરિયમને 23 કરોડના ખર્ચે રિનોવેટ કરાશે:11 વર્ષ પહેલાં 20 કરોડમાં બન્યું હતું

• સુરત

ડાયમંડ સિટી તરીકે ઓળખાતું સુરત માત્ર વેપાર જ નહીં, પણ કલા અને સંસ્કૃતિ માટે પણ જાણીતું છે. સુરતના પાલ વિસ્તારમાં આવેલું અને શહેરની શાન ગણાતું સંજીવકુમાર ઓડિટોરિયમ ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આ આધુનિક ઓડિટોરિયમના રિનોવેશન માટે 23.41 કરોડની સામાન્ય સભામાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ ઓડિટોરિયમ 2014મા 20 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું હતું, હવે 23.41 કરોડના ખર્ચે રિનોવેટ કરવામાં આવશે. છેલ્લા કેટલાક સમયથી આ ભવનની હાલત ચિંતાજનક બની હતી. પાલિકાના સત્તાવાર દસ્તાવેજો મુજબ, 17 નવેમ્બર, 2024ના રોજ પ્રેક્ષાગૃહના પાછળના ભાગની ફોલ્સ સીલિંગ તૂટી પડવાની ઘટના બની હતી. ત્યારબાદ 10 માર્ચ, 2025ના રોજ સ્ટેજ પાસે છતની ગ્લાસવૂલની સીટો પણ નીચે પડી હતી. આ ઉપરાંત, ટેરેસ પરના પતરામાં કાણાં પડી જવાથી ચોમાસા દરમિયાન પાણીનું લીકેજ થતું હતું, જેના કારણે સીલિંગ અને ફર્નિચરને મોટું નુકસાન પહોંચ્યું હતું. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને કન્સલ્ટન્ટ શ્રી વી-ક્રિએટ દ્વારા આખું ઓડિટોરિયમ નવેસરથી તૈયાર કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. નવી દરખાસ્ત મુજબના ખર્ચની વિગતો જોઈએ તો, સૌથી વધુ રકમ સિવિલ વર્ક માટે 7.09 કરોડ ફાળવવામાં આવી છે, જ્યારે ઈન્ટિરિયર વર્ક માટે 5.07 કરોડનો અંદાજ રાખવામાં આવ્યો છે. પ્રેક્ષકોની સુવિધા માટે નવી ખુરશી નાખવા પાછળ 83.80 લાખ અને સમગ્ર ભવનને ઠંડુ રાખતી એચવીએસી (એસી) સિસ્ટમ પાછળ 1.33 કરોડ ખર્ચવામાં આવશે. આ ઉપરાંત, સ્ટેજ લાઈટિંગ માટે 86.69 લાખ, સ્ટેજ ડ્રેપરી માટે 46.90 લાખ અને અત્યાધુનિક ઓડિયો સિસ્ટમ માટે 37.10 લાખની ફાળવણી કરવામાં આવી છે.

# 30 લાખ મેટ્રિક ટન કચરાના નિકાલ માટે ટેન્ડર પ્રક્રિયાને મંજૂરી:ખજોદમાં કચરાના ડુંગરો ખડકાતા રોકવા પાલિકાનું 277 કરોડનું માસ્ટર પ્લાનિંગ

• સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા જાળવી રાખવા અને ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર કચરાના ડુંગરો થતા અટકાવવા માટે એક મોટું અને આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-2016'ને અનુરૂપ આગામી 3 વર્ષ માટે અંદાજે 30 લાખ મેટ્રિક ટન ઘનકચરાના વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસિંગ કરવા માટે 277.26 કરોડના અંદાજોને સ્થાયી સમિતિ દ્વારા મંજૂરીની મહોર મારી દેવામાં આવી છે.હાલમાં ખજોદ સાઈટ પર કચરાના નિકાલની કામગીરી જે એજન્સી સંભાળી રહી છે તે વિવાદોમાં ઘેરાયેલી છે. જો ભવિષ્યમાં આ એજન્સી કામગીરી બંધ કરે અથવા ટેકનિકલ કારણોસર અટકી પડે, તો આખું સુરત શહેર કચરાના ઢગલામાં ફેરવાઈ શકે છે. આ ગંભીર કટોકટીને ટાળવા માટે મનપા કમિશનર અને સ્થાયી સમિતિએ એડવાન્સ પ્લાનિંગ પર ભાર મૂક્યો છે. વિવાદી એજન્સીના ભરોસે બેસી રહેવાને બદલે મનપાએ નવું ટેન્ડર બહાર પાડવાની તૈયારી કરી લીધી છે. આ પ્રોજેક્ટ હેઠળ માત્ર કચરો એકઠો જ નહીં કરવામાં આવે, પરંતુ તેનું સાયન્ટિફિક પ્રોસેસિંગ કરવામાં આવશે. આનાથી જમીન પ્રદૂષણ અને દુર્ગંધની સમસ્યામાં ઘટાડો થશે. પાલિકાનો ઉદ્દેશ્ય ખજોદ સાઈટને ડમ્પિંગ ગ્રાઉન્ડમાંથી મુક્ત કરી તેને ગ્રીન બેલ્ટ તરીકે વિકસાવવાનો છે.

### 3 સુરતી યુવકે કસ્ટમને થાપ આપી 125 કિલો જથ્થો એક્સપોર્ટ કર્યો

# 3 કંપની ને એલોવેરા પાવડરના નામે મોતનો ખેલ:એનેસ્થેસિયા પાવડરનું નશા માટે વેચાણ

• સુરત

ગુજરાત ATS દ્વારા સુરતના ત્રણ યુવાનોની ધરપકડ સાથે એક આંતરરાષ્ટ્રીય સ્તરના ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ યુવકો એનેસ્થેસીયામાં વપરાતા 'એટોમીડેટ' નામના કેમિકલને એલોવેરા પાવડર અને અન્ય નામો હેઠળ વિદેશોમાં તસ્કરી કરતા હતાં. જેમાં ત્રણેય યુવકોએ મળીને કસ્ટમને ગોથે ચડાવીને 125 કિલો જથ્થો વિદેશમાં એક્સપોર્ટ કર્યો હતો. તેની અંદાજે કિંમત 6 કરોડની આસપાસ થાય છે. 3 કંપની ખોલીને એલોવેરા પાવડરના નામે મોતનો ખેલ ખેલ્યો.ATS દ્વારા જપ્ત કરવામાં આવેલા મોબાઈલ ફોન્સમાંથી મળેલી વોટ્સએપ ચેટમાં સાબિત થયું છે કે આ નેટવર્ક મલેશિયા અને થાઈલેન્ડના નાર્કો કાર્ટેલ્સ સાથે જોડાયેલું હતું. આરોપીઓ મુંબઈ એરપોર્ટના એર-કાર્ગો મારફતે પ્રતિબંધિત પદાર્થોની હેરાફેરી કરતા હતાં. ગુજરાત ATSને બાતમી મળી હતી કે, મુંબઈ એરપોર્ટથી 'એટોમીડેટ' પાવડરનો જથ્થો થાઈલેન્ડ મલેશિયા સિંગાપુર સહિતના દેશોમાં ખોટા બિલ અને ખોટા કસ્ટમ ક્લિયરન્સના કાગળો બનાવીને એલોવેરા પાવડર નામથી ખોટું લેબલ લગાવીને એક્સપોર્ટ કરવામાં આવે છે. જેથી ATSએ ગુનો નોંધી નિકુંજ ગઢિયા નામના એક આરોપીની સુરતથી ધરપકડ કરી હતી. જે બાદ તપાસમાં બે યુવકના નામ ખુલ્યા હતાં. ATSએ સુરતના ચેતન વાવડીયા અને ભૌતિક પદમણીની પણ ધરપકડ કરી હતી.કતારગામ વિસ્તારના રહેવાસી નિકુંજ હરેશભાઈ ગઢીયાની પૂછપરછમાં જાણવા મળ્યું કે, તેણે 'DWN બાયોસાયન્સ' અને 'ન્યુટ્રલ ફાર્મા' જેવી કંપનીઓ બનાવી હતી. ઈન્ડિયા માર્ટ પર રજીસ્ટ્રેશન કરાવી તે મલેશિયાના ગ્રાહકોના સંપર્કમાં આવ્યો હતો. આરોપી એટોમીડેટ પાવડરને એલોવેરા પાવડરના ખોટા લેબલ લગાવી એક્સપોર્ટ કરતો હતો. તેણે સ્વીકાર્યું છે કે અત્યાર સુધીમાં તેણે આશરે 50 કિલો જેટલો એટોમીડેટ પાવડર આ રીતે વિદેશ મોકલ્યો છે, જેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડોમાં થાય છે. નિકુંજ ગઢીયાના CMF by Nothing મોબાઈલમાંથી મળેલી વોટ્સએપ ચેટમાં તારીખ 23 ફેબ્રુઆરી, 2026ના રોજ 'TH ETM' નામથી સેવ થયેલા મલેશિયાના નંબર પર 4 કિલોના બોક્સનો ફોટો મોકલવામાં આવ્યો હતો. આ સાથે ટ્રેકિંગ નંબર 37301788425 પણ શેર કરાયો હતો. આ ચેટમાં 'Mr. Chua' નામના વ્યક્તિનો ઉલ્લેખ છે, જે મલેશિયાના નાર્કો કાર્ટેલનો સભ્ય હોવાનું મનાય છે. આ ડેટા પરથી સ્પષ્ટ થાય છે કે આરોપીઓ માત્ર માલ મોકલતા નહોતા, પરંતુ તેની ડિલિવરી સુધી સતત મોનિટરિંગ કરતા હતા. આ કોમ્પ્લેક્સમાં કંપની બનાવીને કાળો કારોબાર ચલાવતા હતાં.

**કાર્યકર્તાનો અસંતોષ** સંગઠન પ્રભારી અનિરુધ્ધ દવે રાજકોટની મુલાકાતે, ત્રિ-પાંખિયા જંગ વચ્ચે પણ તમામ વોર્ડમાં ભાજપનો વિજય નિશ્ચિત છે

# સ્થાનિક સ્વરાજ ચૂંટણી પહેલા અલગ અલગ શ્રેણીના કાર્યકર્તા સાથે કરશે બેઠક

## પ્રદેશ ભાજપના મહામંત્રી અને રાજકોટના પ્રભારી અનિરુધ્ધ દવે આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતા અને રાજકોટમાં તેઓ તમામ શ્રેણીના કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે બેઠક યોજી ચૂંટણી લક્ષી માર્ગદર્શન પણ આપવાના છે

• રાજકોટ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે તમામ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પ્રદેશ ભાજપના મહામંત્રી અને રાજકોટના પ્રભારી અનિરુધ્ધ દવે આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતા અને રાજકોટમાં તેઓ તમામ શ્રેણીના કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે બેઠક યોજી ચૂંટણી લક્ષી માર્ગદર્શન પણ આપવાના છે. આમ આદમી પાર્ટી દ્વારા દરેક બેઠક પર ચૂંટણી લડવાની જાહેરાત બાદ ત્રિપાંખિયો જંગ થવાનો છે ત્યારે રાજકોટ મહાનગર પાલિકા ચૂંટણીમાં તમામ 18 વોર્ડમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપનો ભવ્ય વિજય થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે રાજકોટ કમલમ ખાતે પ્રભારીના આગમન પૂર્વે ઉપસ્થિત કાર્યકર્તાઓમા નવા સંગઠન માળખા અને હોદેદારોની







નિમણુંકને લઈ ક્યાંક નારાજગી અને રોષ જરૂર જોવા મળ્યો હતો જો કે ખુલીને કોઈ વિરોધ ન કરી શકતા હોવાથી આગામી ચૂંટણીમાં પાયાના કાર્યકર્તાનો અસંતોષ કેટલી અને કેવી અસર પહોંચાડશે તે જોવું મહત્વનું રહેશે. રાજકોટ શહેર ભાજપના પ્રભારી અનિરુધ્ધભાઈ દવે આજે રાજકોટની મુલાકાતે આવી પહોંચ્યા છે. સવારે રાજકોટ પહોચતાની સાથે 150 ફૂટ રિંગ રોડ પર શીતલ પાર્ક ચોકથી કમલમ કાર્યાલય સુધી યુવા મોરચા દ્વારા ખુલ્લી જીપમાં બાઈક રેલી યોજી તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ સત્કાર સમારંભ, આ પછી મહાનગર પાલિકાના પદાધિકારીઓ અને કોર્પોરેટરો સાથે બેઠક યોજવામાં આવશે આ પછી પ્રદેશ ભાજપના હોદેદારો, શહેર સંગઠનના હોદેદારો, અલગ અલગ મોરચાના પ્રમુખ અને મહામંત્રી સાથે બેઠક યોજી છેલ્લે તમામ 18 વોર્ડના પ્રમુખ, મહામંત્રી અને પ્રભારી સાથે બેઠક યોજવામાં આવશે. આ દરમિયાન તેમના દ્વારા તમામ આગેવાનો અને કાર્યકર્તાને ચૂંટણી લક્ષી માર્ગદર્શન આપવામાં આવશે.

અનિરુધ્ધ દવેએ મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, તેઓ રાજકોટના પ્રભારી બન્યા બાદ આજે પ્રથમ વખત રાજકોટની મુલાકાતે આવ્યા છે. રાજકોટમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. આ પછી તમામ શ્રેણીના આગેવાનો અને કાર્યકર્તા સાથે બેઠક યોજવામાં આવશે. રાજકોટમાં પણ આગામી સમયમાં ચૂંટણી આવી રહી છે ત્યારે ચૂંટણી લક્ષી માર્ગદર્શન પણ આપવામાં આવશે અને આગામી ચૂંટણીમાં તમામ 18 વોર્ડમાં ભાજપનો ભવ્ય વિજય થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત આગામી ચૂંટણીમાં આમ આદમી પાર્ટી પણ તમામ વોર્ડની અંદર ચૂંટણીમાં ઝંપલાવવાની જાહેરાત કરતા ત્રિ-પાંખિયો જંગ થવાથી કેટલી અસર થશે પૂછતાં તેમને વિશ્વના લોકપ્રિય નેતા નરેન્દ્રભાઈ મોદી છે માટે તેમના નેતૃત્વમાં ભાજપનો ભવ્ય વિજય ગુજરાતની તમામ ચૂંટણીઓમાં નિશ્ચિત ગણાવ્યો હતો.

રાજકોટ શહેર ભાજપ દ્વારા સવારે 9 વાગ્યે તમામ કાર્યકર્તાને બોલાવવામાં આવ્યા હતા જો કે પ્રભારી 10 વાગ્યા બાદ આવતા લગભગ એકાદ કલાક સુધી રાજકોટ કમલમની અંદર અને બહાર અલગ અલગ ખૂણે નવા સંગઠન માળખાને લઈ નારાજગી અને રોષ જોવા મળતો હતો. કોંગ્રેસમાંથી આવી અને ભાજપના નેતા બનેલા નેતાઓથી ભાજપના પાયાના કાર્યકર્તાઓમાં આ વખતે ભારે નારાજગી અને રોષ જોવા મળ્યો હતો જો કે ભાજપ શિસ્ત બદ્ધ પાર્ટી કહેવામાં આવતી હોવાથી પ્રભારી આવતાની સાથે તમામ કાર્યકર્તા સ્વાગતમાં જોડાઈ ગયા હતા. જો કે હવે પાયાના કાર્યકર્તાઓની નરાજગી અને રોષ આવતી ચૂંટણીમાં કેટલી અને કેવી રીતે જોવા મળશે તે જોવું મહત્વનું રહેશે.

’જે કરે તે ભરે’ કહીને મેયરનો કશુંક ખોટું થયાનો ઈશારો

# ભાસ્કરને કહ્યું, પરિવાર મોટો થાય ત્યારે થોડા મનદુ:ખ થતા હોય, પણ હું તેને મહત્વ આપતી નથી

**રાજકોટ મેયર** જોકે ‘ જે કરે તે ભરે‘ કહીને તેમની સાથે કશુંક ખોટું થયાનો ઈશારો કર્યો હતો

• રાજકોટ

રાજકોટ મહાપાલિકાના બીજી ટર્મના અઢી વર્ષના મેયર તરીકે નયનાબેન પેઢડીયાનો કાર્યકાળ આજે પૂર્ણ થયો છે. અવિરત વિકાસની મશાલ, ગતિશીલ રાજકોટના સુત્રોને સાકાર કરતા તેમણે શહેરને સ્વચ્છ, રળીયામણું, રહેવા લાયક અને માણવા લાયક બનાવવા માટે શહેરીજનો અને રાજ્ય સરકારનો સહકાર બદલ આભાર માન્યો છે. આ તકે મેયરે દિવ્યભાસ્કરની સાથે ખાસ વાતચીત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ભાજપમાં કોઈ આંતરિક વિવાદ નથી. પરિવાર જ્યારે મોટો થાય ત્યારે થોડા મનદુ:ખ થતા હોય છે, પણ હું તેને મહત્વ આપતી નથી. જોકે ‘જે કરે તે ભરે‘ કહીને તેમની સાથે કશુંક ખોટું થયાનો ઈશારો કર્યો હતો. રાજકોટ મેયર નયનાબેન પેઢડીયાએ તેમના કાર્યકાળના અનુભવો અને વિવાદો અંગે જણાવ્યું હતું કે, આ બાબતે હું સ્પષ્ટતા કરું છું કે જ્યારે હું પ્રયાગરાજ ગઈ હતી ત્યારે પણ મ્યુ. કમિશ્નરનો હુકમ મારી સાથે હતો. મેં જરૂરી પરવાનગી લીધી હતી અને તેનો ચાર્જ પણ ભરી દીધો હતો. ત્યારે જૂની વાતો વાગોળવી કદાચ કોઈને ગમતી હશે, પણ મેં આ અંગે અગાઉ પણ ખુલાસો કરી દીધો છે.

મેયરે વધુમાં કહ્યું હતું કે, જ્યાં સુધી સૂચિત બાંધકામની વાત છે, તો રાજકોટમાં ઘણી સોસાયટીઓ સૂચિતમાં છે. હું આ વિવાદમાં પડવા માંગતી નથી. આપણને આપણા હકનું જે મળ્યું છે તેમાં જ કામ કર્યું છે અને એક પણ ઈંચ જગ્યા દબાવેલી નથી, જે સૌ જાણે છે. નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરવું એ જ મારી ભૂમિકા રહી છે.



મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, જાહેર જીવનમાં લોકો સાથે રહેવું મને ગમે છે, અને ક્યારેક કોઈને આવા મુદ્દા ઉછાળવાનું મન થતું હોય છે, ભાજપમાં કોઈ આંતરિક વિખવાદ જેવી વાત નથી. પરિવાર જ્યારે મોટો થતો હોય ત્યારે થોડા મનદુ:ખ થતા હોય છે, પણ હું આવી બાબતોને મહત્વ આપતી નથી. જોકે મારું માનવું છે કે “જે કરે તે ભરે”. આવું કહીને તેમણે પોતાને જાણીજોઈને વિવાદમાં સંડોવી દેવાયા હોવાનો શારો કર્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, દરમિયાન શહેરમાં રોડ-રસ્તાની સાથે સાથે નવા પુલ, આરોગ્ય કેન્દ્રો તેમજ નવી વોર્ડ ઓફિસો, બગીચા જેવી અનેકવિધ સુવિધાઓ રાજકોટને અમે ભેટ આપી છે. રાજકોટ જ્યારે દિવસે દિવસે મોટું થતું જાય છે ત્યારે રાજકોટનો વિકાસની દ્રષ્ટિએ પણ ત્રીજો ક્રમાંક આવ્યો છે. આગામી સમયમાં અન્ય મહાનગરપાલિકા ભળવાની હોય એટલે ગુજરાતની અંદર મહાનગરપાલિકાઓની સંખ્યામાં વધારો થવાનો છે. મારું અઢી વર્ષનું શાસન ખૂબ સારું રહ્યું અને કામ કરવાની પણ ખૂબ મજા આવી. લોકોનો પણ એટલો જ સાથ અને સહકાર મળેલો છે. રાજકોટની પ્રિય જનતાનો પણ હું એટલો જ આભાર માનું છું કે અમારા કાર્યકાળ દરમિયાન અમારાથી જે પણ કામ થયા છે તે કામ અમે જ ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરીને સોંપેલા છે. મેયર નયનાબેન પેઢડીયાએ પોતાના કાર્યકાળમાં કરેલા કામો અને પ્રમાણિક ઈરાદાઓ અંગે સંતોષ વ્યકત કરતા જણાવ્યું હતું કે, રાજકોટ આજે માત્ર સૌરાષ્ટ્રનું જ નહીં, પણ સમગ્ર ગુજરાતનું અગ્રેસર ’ગ્રોથ એન્જિન’ બની રહ્યું છે. ભાજપ શાસનનો આ અઢી વર્ષનો સમયગાળો રાજકોટની કાયાપલટ કરનારો રહ્યો છે. જેમાં 2020માં મોટા મૌવા, મુંજકા, ઘંટેશ્વર, માધાપર (મનહરપુર-1 સહિત)ના ગામો રાજકોટમાં ભળ્યા અને રાજકોટનું ક્ષેત્રફળ વધીને 161.86 ચો.કિ.મી. થયું છે.

ગુજરાતમાં ગેસના બાટલાની બૂમરાણ:ચા-ફરસાણના ભાવ વધશે

# રાજકોટની એજન્સીમાં 3 દિવસનો જ સ્ટોક, ૯00 રૂપિયાનો બાટલો 3000માં મળે છે

• અમદાવાદ

ઈરાન સાથે અમેરિકા-ઈઝરાયના ચાલી રહેલા યુદ્ધની અસર દુનિયાભરમાં દેખાવા લાગી છે. ગુજરાતમાં કોમર્શિયલ સિલિન્ડરનો ઉપયોગ કરતા રેસ્ટોરન્ટ અને લારીવાળાઓની મુશ્કેલીમાં પણ રાતોરાત વધારો થયો છે. ગુજરાત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના મતે કોમર્શિયલ ગેસ સિલિન્ડરની સપ્લાય ખોરવાતા જે રેસ્ટોરન્ટ પાસે પાઈપ ગેસની સુવિધા નથી તેઓની મુશ્કેલી વધી છે.

કેટરર્સ સંચાલકોએ પણ પોતાના ઓર્ડર પૂરા કરવા મુશ્કેલ બની શકે છે. ગેસ સપ્લાયની તંગી સર્જાવાને લઈ સ્થાનિકોએ અગાઉથી ગેસના બાટલા ઓનલાઈન બુક કરાવી દીધા હતા. જે બાદ આજે સવારથી અલગ અલગ શહેરોમાં ગેસ એજન્સી બહાર ગેસના બાટલા લેવા લોકોની લાઈનો લાગી છે. જોકે રાજ્ય સરકારે કોમર્શિયલ સિલિન્ડરની સપ્લાય બરોબર હોવાની હૈયાધારણા આપી છે. કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો પુરવઠો ખોરવાતા હોટલ-રેસ્ટોરન્ટ પર અસરઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલી



રહેલા યુદ્ધની હવે ગુજરાતમાં અસર દેખાવાની શરૂ થઈ ગઈ છે. વાસ્તવમાં ગુજરાતના અનેક શહેરોમાં કોમર્શિયલ સિલિન્ડરનો પુરવઠો ખોરવાઈ ગયો છે. જેની સીધી અસર હોટલ, રેસ્ટોરન્ટ, કેટરર્સ તેમજ ફરસાણના કારખાનાઓ પર પડી રહી છે. જો કે અન્ય રાજ્યમાં કોમર્શિયલ સિલિન્ડરની સપ્લાય પર રોક લગાવી દેવામાં આવતા ઘણા બધા હોટલ બંધ થઈ ગયા છે. જો કે હવે અમદાવાદમાં પણ આવી સ્થિતિ માત્ર બે દિવસમાં સર્જાય તો પણ નવાઈ નથી. હોટલ સંચાલકોના જણાવ્યા અનુસાર કોઈને પણ અંદાજ ન હતો કે સપ્લાય બંધ થઈ જશે જેથી કોઈએ પણ સ્ટોક કરી રાખ્યો નથી. જરૂર હોય તે પ્રમાણે લોકો મંગાવીને ઉપયોગ કરતા હતા. જેથી હવે અચાનક સપ્લાય બંધ થઈ જતા હોટલ સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

# રાજકોટ મનપાનું અંતિમ જનરલ બોર્ડ તોફાની બન્યું:ફ્લાવર બેડના દંડના હપ્તા માટે અરજન્ટ દરખાસ્ત લવાતા વિપક્ષનો હોબાળો

• રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન 5 વર્ષની ટર્મ પૂર્ણ થવાન હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે આજે યોજાયેલું અંતિમ અને ખાસ જનરલ બોર્ડ ધારણા મુજબ જ અત્યંત તોફાની રહ્યું હતું. 11 માર્ચના રોજ વર્તમાન પદાધિકારીઓની મુદત પૂરી થઈ રહી હોવાથી ઉતાવળે બોલાવવામાં આવેલા આ ખાસ બોર્ડમાં વિરોધપક્ષે ભ્રષ્ટાચાર, પક્ષપાત અને નિયમ વિરુદ્ધ કામગીરીના ગંભીર આક્ષેપો સાથે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. ખાસ કરીને બહુમાળી ઈમારતોમાં ફ્લાવર બેડના નામે થયેલા ગેરકાયદે બાંધકામોને રેગ્યુલરાઈઝ કરવા માટેના દંડની કરોડો રૂપિયાની રકમમાં હપ્તા કરી આપવાની દરખાસ્ત અને સત્તાધારી પક્ષના પદાધિકારીઓ દ્વારા કરવામાં આવેલા કથિત ગેરકાયદે બાંધકામોના મુદ્દે રાજકારણ ચરમસીમાએ પહોંચ્યું હતું. વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠીયાએ ’મેયર બાદ સ્ટેન્ડિંગ ચેરમેનનું ગેરકાયદે બાંધકામ’ લખેલા બેનરો દર્શાવી આક્રમક દેખાવો કર્યા હતા. રાજકોટમાં બિલ્ડરો માટે આજે બોર્ડમાં સૌથી મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ સત્તા મંડળ અને કેબિનેટના ખાસ કિસ્સામાં લેવાયેલા નિર્ણયના અનુસંધાને રાજકોટ મહાપાલિકા દ્વારા નવી હપ્તા પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. અત્યાર સુધી બહુમાળી ઈમારતોમાં ફલાવર બેડના નામે કરાયેલા ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા માટે બિલ્ડરોએ કરોડો રૂપિયાનો દંડ એકસાથે ભરવો પડતો હતો, જે ભરવામાં અનેક બિલ્ડરો પાછીપાની કરી રહ્યા હતા. આ પરિસ્થિતિમાં બિલ્ડરોને આર્થિક રાહત આપવા માટે નવા નાણાકીય વર્ષના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત મુજબ હપ્તા પદ્ધતિની જોગવાઈ કરવામાં આવી છે. સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, જો કોઈ બિલ્ડરે 50 લાખ સુધીનો BU (બી.યુ.) ચાર્જ ભરવાનો હોય.

# સ્પર્મ વ્હેલની ઉલ્ટી અમદાવાદથી રાજકોટ લઈને વેચાણ અર્થે આવ્યા ’તા, રૂ.10 હજાર કમિશનમાં ડીલ કરી ’તી

• રાજકોટ

રાજકોટમાંથી ફરી એક વખત 46.20 લાખની સ્પર્મ વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) સાથે બે શખ્સોને શહેર SOG પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં અમદાવાદના બે શખ્સો વ્હેલ માછલીની ઉલ્ટી અમદાવાદના જ આરીફ નામના શખ્સ પાસેથી લઈ અને એસટી બસ મારફત રાજકોટ વેચાણ અર્થે આવ્યા હતાં. રાજકોટમાં ગ્રાહકની શોધમાં રહી આ એમ્બરગ્રિસનો જથ્થો વેચે તે પહેલા જ રાત્રીના સમયે શહેર SOG પોલીસે બન્ને શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં બન્ને શખ્સોએ કબૂલાત આપી હતી કે, અમદાવાદના આરીફ નામના શખ્સે આ જથ્થો વેચવા માટે આપ્યો હતો અને વેચાણ પર રૂપિયા 10,000 કમિશન આપશે તેવું જણાવ્યું હતું. જેથી પોલીસે અમદાવાદના આરીફ નામના શખ્સની શોધખોળ હાથ ધરી છે. રાજકોટ શહેર SOG દ્વારા એમ્બરગ્રીસ એટલે કે વ્હેલ માછલીની ઉલ્ટી સાથે બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. જેની પાસેથી પોલીસે રૂપિયા 46.20 લાખની કિંમતનો એમ્બરગ્રીસનો જથ્થો ઝડપી પાડ્યો છે. ઝડપાયેલા આરોપીના નામ સુમિત શ્રીકાંત ધુમલ (ઉ.વ.37) અને મયુર મહેન્દ્રભાઈ ભાવસાર (ઉ.વ.19) છે જે મૂળ અમદાવાદના વતની હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પકડાયેલ આરોપી વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બગ્રીસ) અમદાવાદના આરીફ નામના શખ્સ પાસેથી લઈ વેચાણ માટે એસટી બસ મારફત રાજકોટ આવ્યા હતા. રાજકોટમાં ગ્રાહકોની શોધખોળ કરે તે પહેલા ચોક્કસ બાતમીના આધારે SOG દ્વારા બન્ને આરોપીઓને એમ્બરગ્રીસના 0.462 કિલોગ્રામ જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યા છે.

રજૂઆત સાંભળ્યા વિના ’ગેટ આઉટ’ કહી કાઢી મૂક્યાનો આક્ષેપ; અધિકારીએ કહ્યું- ’ગેરવર્તન બદલ સસ્પેન્ડ કરાયા’

# રાજકોટમાં આરોગ્ય અધિકારી અને મહિલા કર્મચારી સામસામે

• રાજકોટ

રાજકોટના વિજયપ્લોટ ખાતેના આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા એક હંગામી મહિલા કર્મચારી દ્વારા આરોગ્ય અધિકારી પર ગંભીર આરોપ લગાવાયો છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, તેમની રજૂઆત સાંભળ્યા વિના જ તેમને ’ગેટ આઉટ’ કહીને ઓફિસમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા. બીજી તરફ, આરોગ્ય અધિકારીએ આ આક્ષેપોને નકારતા જણાવ્યું હતું કે, મહિલા કર્મચારીએ તેમની સાથે અસભ્ય વર્તન કર્યું હતું અને નોકરીની જરૂર ન હોવાનું કહેતા તેમને સસ્પેન્ડ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

વિજયપ્લોટ આરોગ્ય કેન્દ્રમાં એપ્રેન્ટિસ તરીકે કોન્ટ્રાકટ પર ફરજ બજાવતા ડાંગર મીરા ગોવિંદભાઈએ પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, તેઓ છેલ્લા 10 મહિનાથી અહીં પ્રામાણિકતાથી કામ કરી રહ્યા છે. તેમના નોડલ ANM સાથે થયેલી સામાન્ય બોલાચાલી બાદ તેની સામે ખોટી ફરિયાદ કરવામાં આવી હતી. પોતે તમામ પ્રકારના કામ કરે છે, જેમાં કચરા-પોતા અને બાથરૂમ સાફ કરવા જેવી કામગીરીનો પણ સમાવેશ થાય છે. છતાં તેમની સામે કામ નહીં કરતા હોવાની ખોટી રજૂઆત કરવામાં આવી હતી. અને બે મહિના બાકી છે એ પણ પુરા થવા નહીં દેવાની ધમકી આપવામાં આવતા પોતે પણ નોડલ કિરણબેનને ફિક્સ પગારમાં પાંચને બદલે 6 વર્ષ કરવા પડશે તેવું કહ્યું હતું.

વધુમાં મીરાબેને જણાવ્યું કે, સમગ્ર મામલે તેમના નોડલ કિરણબેન દ્વારા ફરિયાદ કરવામાં આવતા તેમને MO સાહેબ (આરોગ્ય અધિકારી) દ્વારા બોલાવવામાં આવ્યા હતા. જેને લઈને તેઓ ગઈકાલે પોતાની રજૂઆત કરવા ગયા હતા, પરંતુ તેમની વાત સાંભળવાના બદલે સીધું જ ’ગેટ આઉટ’ કહીને તેમને ત્યાંથી વિદાય કરી દીધી હતી. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, અહીં અન્ય મહિલા કર્મચારીઓનું પણ શોષણ કરવામાં આવે છે અને તેમને મીડિયા સમક્ષ જતા રોકવામાં આવે છે. મીરાબેને કહ્યું કે, તેમને રૂ. 7700 પગાર મળે છે, પરંતુ કામના બદલામાં માનસિક ત્રાસ આપવામાં આવે છે.

આ અંગે આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, શિસ્તભંગ અને અસભ્ય વર્તનને સાંખી લેવામાં આવશે નહીં. મહિલા કર્મચારીને જ્યારે તેમની કામગીરી બાબતે પૂછપરછ કરવા બોલાવવામાં આવ્યા ત્યારે તેમણે ઉદ્ધત વર્તન કર્યું હતું. અધિકારીના જણાવ્યા અનુસાર, કર્મચારીએ પોતે જ નોકરી કરવાની અનિચ્છા વ્યક્ત કરી હતી, જેના પગલે નિયમોનુસાર કાર્યવાહી કરીને તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હાલમાં આ મામલો શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે અને બંને પક્ષો પોતાની વાત પર મક્કમ છે. આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ સ્પષ્ટતા કરી છે. જેમાં તેઓએ જણાવ્યું કે, 9 માર્ચ 2026ના રોજ બપોરે 1:20 કલાકે વિજય પ્લોટ આરોગ્ય કેન્દ્રના ફીમેલ હેલ્થ સુપરવાઈઝર કિરણબેન ચૌહાણ દ્વારા એપ્રેન્ટિસ મીરાબેન ડાંગર વિરુદ્ધ એક લેખિત ફરિયાદ આપવામાં આવી હતી. કિરણબેને ટેલિફોનિક રીતે જાણ કરી હતી કે, મીરાબેન દ્વારા તેમને ધમકી આપવામાં આવી છે. સુપરવાઈઝર કિરણબેનનો રોલ તમામ સ્ટાફ પાસેથી કામગીરી લેવાનો હોય છે. તેમણે જ્યારે મીરાબેન ડાંગરને ડ્રેસિંગ કરવાની કામગીરી સોંપી ત્યારે મીરાબેને ઉશ્કેરાઈ જઈને તેમને ‘જોઈ લેવાની’ ધમકી આપી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# જસપ્રીત બુમરાહ T-20 ઓછી, વનડે વધુ રમશે 2027 વનડે વર્લ્ડ કપની તૈયારી પર રહેશે ફોકસ

### ટીમ મેનેજમેન્ટ અને સિલેક્ટર્સ તેમના વર્કલોડને ધ્યાનમાં રાખીને આ રણનીતિ બનાવી રહ્યા છે

• મુંબઈ



ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ હવે ટી-20 સિરીઝ ઓછી રમશે. તેઓ 2027 વર્લ્ડ કપ સુધી વધુ વનડે મેચ રમશે. ટીમ મેનેજમેન્ટ અને સિલેક્ટર્સ તેમના વર્કલોડને ધ્યાનમાં રાખીને આ રણનીતિ બનાવી રહ્યા છે. જેથી 2027 વર્લ્ડ કપ માટે તેમની તૈયારી વધુ સારી થઈ શકે.ન્યૂઝ એજન્સી PTIએ BCCIના સૂત્રોને ટાંકીને લખ્યું છે કે આગામી સમયમાં દ્વિપક્ષીય T20 સિરીઝમાં બુમરાહને ઓછી તકો આપવામાં આવી શકે છે. બુમરાહે 19 નવેમ્બર 2023 પછી કોઈ વનડે મેચ રમી નથી. છેલ્લી વાર તેઓ વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વનડે ક્રિકેટ રમવા ઉતર્યા હતા.

ઓક્ટોબર-નવેમ્બર 2027 સુધી T20 ઈન્ટરનેશનલ ટીમને ઓછી પ્રાથમિકતાવાળો ફોર્મેટ માનવામાં આવી રહ્યો છે. આ જ સમયગાળા દરમિયાન જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતીય ટીમની કપ્તાની સૂર્યકુમાર યાદવ કરી શકે છે.

હવે ICCની આગામી ટુર્નામેન્ટ 2027નો વનડે વર્લ્ડકપ હશે. તે જ વર્ષે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ પણ રમાશે. 2028માં આગામી ટી-20 વર્લ્ડ કપ, ઓલિમ્પિક ગેમ્સ અને ચેમ્પિયન્સ ટ્રોફી શેડ્યૂલ છે.IPL પછી સિલેક્શન કમિટી, સેન્ટર ઓફ એક્સલન્સ અને ટીમ મેનેજમેન્ટ મળીને આગળની રણનીતિ નક્કી કરશે. IPLમાં બુમરાહ મુંબઈ ઈન્ડિયન્સના પેસ અટેકની આગેવાની કરશે.

19 નવેમ્બર 2023ના રોજ ઑસ્ટ્રેલિયા સામે રમાયેલી વનડે વર્લ્ડ કપ ફાઈનલ પછી બુમરાહે 42 ઈન્ટરનેશનલ મેચ રમી છે. જેમાં 21 ટેસ્ટ અને 21 T20 ઈન્ટરનેશનલ સામેલ છે.

ભારતની મોટી ટુર્નામેન્ટની ઝુંબેશમાં બુમરાહની ફિટનેસ ખૂબ જ મહત્ત્વની રહે છે. આવી સ્થિતિમાં, તેની મેચો અને ફોર્મેટને લઈને ઘણી સાવચેતી રાખવામાં આવશે.

બુમરાહ પાછલા ટી-20 વર્લ્ડ કપના ટોપ વિકેટ ટેકર રહ્યા છે. તેમણે 14 વિકેટ ઝડપી. તેઓ અમદાવાદમાં ન્યુઝીલેન્ડ સામે પ્લેયર ઓફ ધ ફાઈનલ પણ પસંદ કરાયા હતા.

નિધન

### બાસિત અલીએ કહ્યું- કાશ આવા 2-3 ખેલાડી પાકિસ્તાનમાં હોત;

# વર્લ્ડ કપ ફાઈનલમાં અભિષેક શર્માની ફિફટીથી PAK પ્લેયર ફેન બન્યા: આમિરે તેને 'સ્લોગર' કહ્યો હતો

### પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર બાસિત અલીએ ભારતીય યુવા ઓપનર અભિષેક શર્મા પર કરવામાં આવેલી ટિપ્પણી

• મુંબઈ




પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર બાસિત અલીએ ભારતીય યુવા ઓપનર અભિષેક શર્મા પર કરવામાં આવેલી ટિપ્પણીને લઈને મોહમ્મદ આમિરની ટીકા કરી. તેમણે કહ્યું કે આમિરે આવા નિવેદનો આપવાનું ટાળવું જોઈએ. આમિરે T20 વર્લ્ડ કપ દરમિયાન ખરાબ ફોર્મ પછી અભિષેકને સ્લોગર કહ્યો હતો. T20 વર્લ્ડ કપ 2026ની ફાઈનલમાં અભિષેકે શાનદાર વાપસી કરી. ન્યૂઝીલેન્ડ સામે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં તેણે ઝડપી અડધી સદી ફટકારીને ભારતને ઝડપી શરૂઆત અપાવી. આ પછી ભારતે ન્યૂઝીલેન્ડને 96 રનથી હરાવીને ત્રીજી વખત T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો.

જોકે, ટુર્નામેન્ટની શરૂઆત અભિષેક માટે સારી રહી ન હતી. ડાબા હાથના આ ઓપનરે શરૂઆતની ત્રણ મેચમાં સતત ત્રણ વખત ઝીરો પર આઉટ થઈને નિરાશ કર્યા હતા. આ દરમિયાન આમિરે તેની ટીકા કરતા તેને સ્લોગર કહ્યો હતો.

પૂર્વ ક્રિકેટર બાસિત અલીએ એક ટીવી શો દરમિયાન કહ્યું કે, જો કોઈ ખેલાડીએ ત્રણ વખત ઝીરો પણ બનાવ્યા હોય તો તેનાથી તેનો ક્લાસ ખતમ નથી થઈ જતો. ફોર્મ અસ્થાયી હોય છે, પરંતુ ક્લાસ હંમેશા રહે છે. તેમણે કહ્યું કે અભિષેક જેવા ખેલાડીને આવા નામ આપવા યોગ્ય નથી અને કાશ પાકિસ્તાનની ટીમમાં પણ આવા બે ત્રણ ખેલાડી હોત.

ચેમ્પિયન બન્યા પછી અભિષેક શર્મા ભાવુક જોવા મળ્યો હતો. તેણે કહ્યું હતું કે, 'ઈમાનદારીથી કહું તો એક સમયે મને પોતાને શંકા થવા લાગી હતી કારણ કે આ મારા માટે સરળ ટુર્નામેન્ટ નહોતી. મેં પહેલા ક્યારેય આવો અનુભવ કર્યો નહોતો, આ મારો પહેલો વર્લ્ડ કપ હતો.

અભિષેકે જણાવ્યું કે મુશ્કેલ સમયમાં ટીમના માહોલે તેને તૂટવા દીધો નહીં. ફાઈનલ પછી અભિષેક શર્માએ પણ ટુર્નામેન્ટના મુશ્કેલ તબક્કા વિશે વાત કરી. તેણે કહ્યું કે ખરાબ પ્રદર્શન દરમિયાન ટીમ મેનેજમેન્ટે તેમના પર વિશ્વાસ જાળવી રાખ્યો.

અભિષેકે જણાવ્યું કે કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને હેડ કોચ ગૌતમ ગંભીરે સતત તેનો ઉત્સાહ વધાર્યો. ટીમના વિશ્વાસે જ તેને મુશ્કેલ સમયમાંથી બહાર આવવામાં મદદ કરી. ટીમના બધા સાથી મને એમ જ કહેતા હતા કે તું એક મોટી મેચ જીતાડીશ. મેં ફક્ત મારી પ્રક્રિયા પર ધ્યાન આપ્યું.ભારતે ન્યૂઝીલેન્ડને હરાવીને ત્રીજી વખત T20 વર્લ્ડ કપનો ખિતાબ પોતાના નામે કર્યો. આ પહેલા ટીમ ઈન્ડિયાએ 2007માં મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપમાં પહેલો અને 2024માં રોહિત શર્માની કેપ્ટનશીપમાં બીજો T20 વર્લ્ડ કપ જીત્યો હતો.

### મેથ્યુ હેડન ગુજરાત ટાઈટન્સના નવા બેટિંગ કોચ બન્યા

# ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર 2026 સીઝન માટે ટીમ સાથે જોડાયા, મેથ્યુ વેડ બહાર થવાની શક્યતા

### ફ્રેન્ચાઇઝીના ડાયરેક્ટર ઓફ ક્રિકેટ વિક્રમ સોલંકીએ કહ્યું કે હેડનનો અનુભવ ટીમ માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે

• ભોપાલ



IPL 2026 પહેલાં ગુજરાત ટાઈટન્સે પોતાની કોચિંગ ટીમમાં ફેરફાર કર્યો છે. ફ્રેન્ચાઈઝીએ મંગળવારે ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર મેથ્યુ હેડનને ટીમના નવા બેટિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા. હેડન બે વખત વનડે વર્લ્ડકપ વિજેતા છે અને તેમના સમયના સૌથી આક્રમક બેટ્સમેનોમાંના એક ગણાય છે.ગુજરાત ટાઈટન્સે સોશિયલ મીડિયા દ્વારા આ નિર્ણયની જાણકારી આપી. હેડનની નિમણૂક એવા સમયે થઈ છે જ્યારે ટીમ પોતાની બેટિંગ યુનિટને નવેસરથી તૈયાર કરવાનો પ્રયાસ કરી રહી છે.

ફ્રેન્ચાઈઝીના ડાયરેક્ટર ઓફ ક્રિકેટ વિક્રમ સોલંકીએ કહ્યું કે હેડનનો અનુભવ ટીમ માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે.હેડનની નિમણૂક અંગે વાત કરતા સોલંકીએ કહ્યું,'મેથ્યુ હેડનનું અમારી ટીમ સાથે જોડાણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેમનો જે અનુભવ રહ્યો છે અને યુવાનોને નિખારવાની તેમની જે ક્ષમતા છે, તેનાથી અમારી ટીમને પોતાની એક અલગ ઓળખ બનાવવામાં મદદ મળશે. આગામી સિઝન માટે તેઓ અમારી બેટિંગ લાઈનઅપને મજબૂત કરશે.'

હેડન બોલ્યા- અમે ગુજરાત ટાઈટન્સમાં બેટિંગનો નવો સ્ટાન્ડર્ડ સેટ કરીશું પોતાની નવી જવાબદારી પર મેથ્યુ હેડને કહ્યું, 'સારી બેટિંગ તે હોય છે જે સામેવાળી ટીમ પર દબાણ બનાવે, પરંતુ મહાન બેટિંગ તે હોય છે જે આખી રમત પર પોતાનો કબજો કરી લે. ગુજરાત ટાઈટન્સમાં અમે બેટિંગનો આ જ સ્ટાન્ડર્ડ સેટ કરવા માંગીએ છીએ.'

હેડનને તેમની આક્રમક બેટિંગ અને પાવરપ્લેમાં પ્રભુત્વ જમાવવા માટે ઓળખવામાં આવે છે, જે T20 ફોર્મેટની સૌથી મોટી જરૂરિયાત છે. મેથ્યુ વેડના કોચિંગ સ્ટાફમાંથી બહાર થવાની ચર્ચા

હેડનના આગમન બાદ કોચિંગ સ્ટાફમાં વધુ એક મોટા ફેરફારના સંકેતો મળ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, ઓસ્ટ્રેલિયાના પૂર્વ વિકેટકીપર મેથ્યુ વેડ આ વર્ષે ગુજરાત ટાઈટન્સના કોચિંગ સ્ટાફનો ભાગ નહીં હોય. જોકે, ફ્રેન્ચાઈઝીએ હજુ સુધી વેડ અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી, પરંતુ હેડનની એન્ટ્રી બાદ વેડની વિદાય લગભગ નિશ્ચિત માનવામાં આવી રહી છે.

મેથ્યુ હેડનની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ખૂબ જ શાનદાર રહી છે. તેમણે ઓસ્ટ્રેલિયા માટે ત્રણેય ફોર્મેટમાં કુલ 273 મેચ રમી છે, જેમાં તેમના નામે 15,000થી વધુ રન નોંધાયેલા છે. ICCની ઘણી મોટી ટુર્નામેન્ટ્સ જીતાડવામાં તેમની મહત્વની ભૂમિકા રહી છે. હેડનનો IPL સાથે પણ જૂનો સંબંધ છે. તેઓ ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) માટે 32 મેચ રમી ચૂક્યા છે. ટીમ ઈન્ડિયા પર રૂપિયાનો વરસાદ:BCCI 131 કરોડ આપશે, ખેલાડીઓ, સ્ટાફ અને સિલેક્ટર્સને અભિનંદન પાઠવ્યા, ભારત ત્રીજી વખત T20 વર્લ્ડ ચેમ્પિયન

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ T20 વર્લ્ડકપ 2026 જીતવા બદલ ટીમ ઈન્ડિયા માટે 131 કરોડ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે. ભારતે રવિવારે ફાઈનલમાં ન્યુઝીલેન્ડને હરાવીને આ ખિતાબ પોતાના નામે કર્યો.

# ભારત વુમન્સ ફૂટબોલ એશિયન કપમાંથી બહાર :ચાઈનીઝ તાઈપેએ 3-1 થી હરાવ્યું

• સિડની




ભારત વુમન્સ ફૂટબોલ એશિયન કપમાંથી બહાર થઈ ગયું છે. મંગળવારે એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન (AFC)ની છેલ્લી ગ્રુપ મેચમાં ભારતને ચાઈનીઝ તાઈપેઈ સામે 1-3 થી હારનો સામનો કરવો પડ્યો. આ સાથે જ ટીમનો ટુર્નામેન્ટમાં પ્રવાસ સમાપ્ત થઈ ગયો. આ મેચમાં જીત ભારત માટે ખૂબ જ જરૂરી હતી, કારણ કે આગલા રાઉન્ડમાં પહોંચવા માટે તેને ઓછામાં ઓછા બે ગોલના અંતરથી જીત નોંધાવવાની હતી. મુકાબલા દરમિયાન ભારતીય કેપ્ટન સ્વીટી દેવી અને ગોલકીપર પંથોઈ ઈજાગ્રસ્ત થઈ ગઈ, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા.

સિડનીમાં રમાયેલી આ મેચમાં ભારતે લાંબા સમય સુધી બોલ પર નિયંત્રણ રાખ્યું અને ઘણી તકો પણ બનાવી, પરંતુ અંતિમ ભાગમાં ટીમ ગોલ કરવામાં નિષ્ફળ રહી. આ જ કારણોસર ટીમને હારનો સામનો કરવો પડ્યો અને ટુર્નામેન્ટમાંથી બહાર થવું પડ્યું. ભારત આ પહેલા ગ્રુપ સ્ટેજમાં વિયેતનામ અને જાપાન સામે પણ હારી ચૂક્યું હતું. બોલ માટે એકબીજા સાથે ટકરાતી ભારત અને ચાઈનીઝ તાઈપેની ખેલાડીઓ. મેચની 12મી મિનિટે ચાઈનીઝ તાઈપેએ લીડ મેળવી લીધી. સંજુના ખરાબ બેક પાસ બાદ જે ડબલ્યુ ચેને બોલ વાય એચ સૂને પાસ કર્યો, જેમણે ખાલી ગોલપોસ્ટમાં બોલ નાખી દીધો. ભારતે 39મી મિનિટે વાપસી કરી. મનીષા કલ્યાણે લગભગ 30 યાર્ડ દૂરથી જોરદાર શોટ મારીને ગોલ કર્યો અને સ્કોર 1-1 કરી દીધો.

પહેલા હાફના વધારાના સમયમાં ચાઈનીઝ તાઈપેને પેનલ્ટી મળી. વાય સૂનો શોટ પોસ્ટ સાથે અથડાયો અને ગોલકીપર પંથોઈને અડીને બોલ ગોલમાં જતો રહ્યો. આનાથી તાઈપેએ 2-1ની લીડ મેળવી લીધી. બીજા હાફમાં ભારતે બરાબરી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ 77મી મિનિટે યુ ચિન ચેને ત્રીજો ગોલ કરીને મેચ લગભગ નક્કી કરી દીધી. મેચની 83મી મિનિટે ગોલકીપર એલાંગબામ પંથોઈ ચાનુ એટેકિંગ રોકવા આગળ વધી.

# 'બુમરાહ સ્લો બોલ ફેંકતા મારાથી શીખ્યો, શેન વૉર્ન પણ ચોંકી ગયો હતો..'



જસપ્રીત બુમરાહની ઘાતક સ્લોઅર બોલિંગને લઈને પાકિસ્તાની મૂળના યુએઈના બોલર ઝહૂર ખાનનો એક દાવો અત્યારે સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. ઝહૂર ખાનના જણાવ્યા અનુસાર, બુમરાહે તેની પાસેથી જ એક જ પ્રકારના એક્શન અને ગ્રીપ સાથે સ્લોઅર બોલ ફેંકવાની કળા શીખી હતી. ઝહૂરે દાવો કર્યો છે કે જ્યારે તેણે આ રીતે બોલિંગ કરી હતી, ત્યારે દિગ્ગજ સ્પિનર શેન વૉર્ન પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને તેને ક્રિકેટ જગતની એક નવી જ શોધ ગણાવી હતી.સેમ એક્શનમાં સ્લોઅર બોલ જોઈને સ્ટાર બોલર ચોંક્યો ઝહૂર ખાનના જણાવ્યા અનુસાર, આ કિસ્સો યુએઈમાં રમાયેલી આઈપીએલ(IPL) દરમિયાનનો છે. અબુ ધાબીમાં રમાયેલી એક મેચમાં જ્યારે ટ્રેન્ટ બોલ્ટ અને બુમરાહ સામે બેટ્સમેનો રનનો વરસાદ કરી રહ્યા હતા, ત્યારે ઝહીર ખાન અને રોબિન સિંહ સાથે આ બાબતે ચર્ચા થઈ હતી. તે સમયે ઝહીર ખાને રોહિત શર્મા અને બુમરાહને ઝહૂરનો સ્લોઅર બોલિંગ કરતો વીડિયો બતાવ્યો હતો. સમાન એક્શન અને ગ્રીપ સાથે સ્લોઅર બોલ ફેંકવાની આ કળા જોઈને બુમરાહ પણ દંગ રહી ગયો હતો.વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયાને 131 કરોડનું ઈનામ મળતાં હરભજન સિંહ ચોંક્યો., BCCIને આપી સલાહ

ઝહૂર ખાનના જણાવ્યા અનુસાર, જ્યારે તેણે પ્રેક્ટિસ સેશન દરમિયાન બોલિંગ કરી ત્યારે શેન વૉર્ન અને માહેલા જયવર્ધને પણ તેની આ પ્રતિભાના વખાણ કર્યા હતા. ઝહૂરનો દાવો છે કે બુમરાહે તેની પાસેથી આ ખાસ ગ્રીપ વિશે જાણકારી મેળવી હતી.

### વર્લ્ડકપ જીતીને ઘર પરત ફરેલા ક્રિકેટરોનું ભવ્ય સ્વાગત:સૂર્યા બોલ્યા- અમારો આગામી લક્ષ્ય ઓલિમ્પિક ગોલ્ડ, ઈશાન બાળકો સાથે ક્રિકેટ રમ્યો



T-20 વર્લ્ડ કપ જીત્યા પછી ભારતીય ખેલાડીઓ પોતપોતાના ઘરે પહોંચી રહ્યા છે. જ્યાં બધાનું ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે. મુંબઈમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવ, પટનામાં ઈશાન કિશન અને દિલ્હીમાં હેડ કોચ ગૌતમ ગંભીરનું ઢોલ-નગારા સાથે ભવ્ય સ્વાગત થયું.મુંબઈમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવે કહ્યું- 'અમારો આગામી લક્ષ્ય છે - 2028માં ભારત માટે ઓલિમ્પિક ગોલ્ડ જીતવો. તે જ વર્ષે T20 વર્લ્ડ કપ પણ હશે, તેથી અમે T20 હેટ્રિક બનાવવાનો પૂરો પ્રયાસ કરીશું.'

### ખેલાડીઓ, સ્ટાફ અને સિલેક્ટર્સને અભિનંદન પાઠવ્યા

# ટીમ ઈન્ડિયા પર રૂપિયાનો વરસાદ :BCCI 131 કરોડ આપશે, , ભારત ત્રીજી વખત T20 વર્લ્ડ ચેમ્પિયન



ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ T20 વર્લ્ડકપ 2026 જીતવાબદલ ટીમ ઈન્ડિયા માટે 131 કરોડ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે. ભારતે રવિવારે ફાઈનલમાં ન્યુઝીલેન્ડને હરાવીને આ ખિતાબ પોતાના નામે કર્યો.અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલ મેચમાં ભારતે શાનદાર પ્રદર્શન કરતા ન્યુઝીલેન્ડને હરાવી ટ્રોફી જીતી લીધી. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ પોતાનો ખિતાબ જાળવી રાખ્યો અને T20 વર્લ્ડકપના ઈતિહાસમાં સતત બે વાર ટ્રોફી જીતનારી પ્રથમ ટીમ બની ગઈ.BCCI એ ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ અને સિલેક્ટર્સને આ ઐતિહાસિક સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે. બોર્ડે આશા વ્યક્ત કરી કે ટીમ ભવિષ્યમાં પણ આ જ રીતે શાનદાર પ્રદર્શન કરીને દેશનું નામ રોશન કરતી રહેશે. રિપોર્ટ અનુસાર, T20 વર્લ્ડકપ 2026 જીત્યા બાદ ભારતીય ટીમને 3 મિલિયન ડોલર (લગભગ 27.5 કરોડ રૂપિયા)ની ઈનામી રકમ મળી. જ્યારે, રનર-અપ ન્યુઝીલેન્ડને 1.6 મિલિયન ડોલર (લગભગ 14.7 કરોડ રૂપિયા) આપવામાં આવ્યા. જોકે, આ વખતે ICCએ પ્રાઈઝ મનીની સત્તાવાર જાહેરાત કરી ન હતી, જ્યારે સામાન્ય રીતે દરેક ટુર્નામેન્ટમાં તેની માહિતી અગાઉથી જ આપી દેવામાં આવે છે.ભારતીય ટીમ 2024 પછી 2026માં પણ ચેમ્પિયન બની અને T20 વર્લ્ડકપનો ખિતાબ ડિફેન્ડ કરનારી પ્રથમ ટીમ બની ગઈ. આ સાથે જ ભારત ત્રણ T20 વર્લ્ડકપ (2007, 2024 અને 2026) જીતનારી દુનિયાની પ્રથમ ટીમ પણ બની. અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં જીત સાથે ભારતે પ્રથમ વખત પોતાના ઘરઆંગણે T20 વર્લ્ડકપ ટ્રોફી પણ જીતી. આ પહેલા ટીમે 2007માં સાઉથ આફ્રિકા અને 2024માં વેસ્ટ ઈન્ડીઝમાં ખિતાબ જીત્યો હતો. હવે ભારતના નામે ત્રણ T20 વર્લ્ડકપ ટ્રોફી થઈ ગઈ છે, જ્યારે વેસ્ટ ઈન્ડીઝ અને ઈંગ્લેન્ડ બે-બે વાર જ આ ખિતાબ જીતી શક્યા છે.

મેકર્સે કહ્યું- 'અમે સ્પર્ધા નહી, સપોર્ટમાં માનીએ છીએ'

# યશની 'ટોક્સિક' સામે વરુણ ધવન નમ્યો!:'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ની રિલીઝ ફરી પાછળ ઠેલવી

## સિનેમાઘરોમાં આવવાની હતી, પરંતુ હવે તેને એક અઠવાડિયું આગળ વધારીને 12 જૂન 2026ના રોજ રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે

બોલિવૂડ એક્ટર વરુણ ધવનની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ની રિલીઝ ડેટ ફરી એકવાર બદલવામાં આવી છે. પહેલા આ ફિલ્મ 5 જૂન 2026ના રોજ સિનેમાઘરોમાં આવવાની હતી, પરંતુ હવે તેને એક અઠવાડિયું આગળ વધારીને 12 જૂન 2026ના રોજ રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મેકર્સે આ પગલું બોક્સ ઓફિસ પર 'KGF' સ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક' સાથે સંભવિત ટક્કર ટાળવા માટે ભર્યું છે.









'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' ફિલ્મમાં વરુણ ધવન, પૂજા હેગડે અને મૃણાલ ઠાકુર મુખ્ય ભૂમિકામાં છે. 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ના મેકર્સે નવી રિલીઝ ડેટ રિવીલ કરી

વાસ્તવમાં, રણવીર સિંહની બ્લોકબસ્ટર ફિલ્મ 'ધુરંધર'ના બીજા ભાગ 'ધુરંધર: ધ રિવેન્જ' સાથેની ટક્કર ટાળવા સાઉથ સ્ટાર યશની પાન-ઈન્ડિયા ફિલ્મ 'ટોક્સિક' હવે 4 જૂન 2026ના રોજ રિલીઝ થવા જઈ રહી છે. આવી સ્થિતિમાં, વરુણ ધવનની ફિલ્મનું 5 જૂને આવવું સીધો ક્લેશ ઊભો કરી રહ્યું હતું. આને ધ્યાનમાં રાખીને, ફિલ્મના નિર્માતા રમેશ તૌરાની અને તેમની ટીમે રિલીઝ ડેટ બદલવાનો નિર્ણય લીધો. પ્રોડક્શન હાઉસે લાંબી નોંધ લખીને ફિલ્મ રિલીઝની તારીખ આગળ વધારવા અંગે ખુલાસો આપ્યો. પ્રોડક્શન હાઉસે લાંબી નોંધ લખીને ફિલ્મ રિલીઝની તારીખ આગળ વધારવા અંગે ખુલાસો આપ્યો. 'મેકર્સ એકબીજાને ટેકો આપે, ન કે બિનજરૂરી સ્પર્ધા ઊભી કરે'

ફિલ્મના નિર્માતાઓ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે, ''હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ની રિલીઝ ડેટ ઘણા મહિનાઓ પહેલા 5 જૂન નક્કી કરવામાં આવી હતી. જોકે, તાજેતરના વિકાસ અને ઈન્ડસ્ટ્રીના માહોલને જોતા અમને લાગ્યું કે રિલીઝ ડેટ આગળ વધારવી વધુ સારી રહેશે.' નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, 'ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે હંમેશા સારું હોય છે, જ્યારે ફિલ્મ નિર્માતાઓ એકબીજાને ટેકો આપે, ન કે એક જ દિવસે ફિલ્મો રિલીઝ કરીને બિનજરૂરી સ્પર્ધા ઊભી કરે. આ જ વિચાર સાથે ફિલ્મને એક અઠવાડિયું આગળ ખસેડવામાં આવી.'

'ટોક્સિક: એ ફેરી ટેલ ફોર ગ્રોન-અપ્સ' હવે 4 જૂને રિલીઝ થશે.'ટોક્સિક: એ ફેરી ટેલ ફોર ગ્રોન-અપ્સ' હવે 4 જૂને રિલીઝ થશે. જોકે નિવેદનમાં 'ટોક્સિક'નું નામ સીધું લેવામાં આવ્યું ન હતું, પરંતુ 'વગર કારણે સ્પર્ધા' અને 'એકબીજાને સપોર્ટ કરવા' જેવા શબ્દોથી સ્પષ્ટ સંકેત મળે છે કે બંને ફિલ્મો વચ્ચે ક્લેશ ટાળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.આ બીજી વાર છે જ્યારે આ ફિલ્મની રિલીઝ ડેટ બદલવામાં આવી છે. શરૂઆતમાં તેને 10 એપ્રિલ 2026ના રોજ રિલીઝ કરવાની હતી, પરંતુ બાદમાં તેને 5 જૂન કરી દેવામાં આવી હતી અને હવે નવી તારીખ 12 જૂન નક્કી કરવામાં આવી છે.

'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' ફિલ્મનું ડિરેક્શન ડેવિડ ધવન કરી રહ્યા છે. 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' ફિલ્મનું ડિરેક્શન ડેવિડ ધવન કરી રહ્યા છે. ડેવિડ ધવનના ડિરેક્શનમાં બનેલી આ રોમેન્ટિક-કોમેડી ફિલ્મ વરુણ ધવન અને તેના પિતાની વધુ એક સાથેની ફિલ્મ છે. આમાં વરુણ સાથે મૃણાલ ઠાકુર, પૂજા હેગડે, મનીષ પોલ, જિમ્મી શેરગિલ, મૌની રોય, કુબ્રા સૈત અને રાકેશ બેદી જેવા કલાકારો જોવા મળશે.

ફિલ્મના ટાઈટલની પ્રેરણા 1999ની ફિલ્મ 'બીવી નંબર 1'ના લોકપ્રિય ગીતમાંથી લેવામાં આવી છે. મેકર્સ તેને એક હળવી-ફૂલવી મનોરંજક રોમેન્ટિક કોમેડી તરીકે દર્શકો સમક્ષ રજૂ કરવાની તૈયારીમાં છે.

---

અનીત પડ્ડાની લિડ એક્ટ્રેસ તરીકેની ડેબ્યૂ ફિલ્મ 'સૈયારા' 2025ની સુપરહિટ ફિલ્મ રહી હતી

# મધુબાલાની બાયોપિકમાં અનિત પડ્ડાની એન્ટ્રી?:કિયારા બાદ 'સૈયારા' સ્ટારના નામની ચર્ચાએ જોર પકડ્યું



હિન્દી સિનેમાની સૌથી સુંદર એક્ટ્રેસિસમાંના એક લેજેન્ડરી એક્ટ્રેસ મધુબાલાના જીવન પર બનનારી બાયોપિકને લઈને છેલ્લા કેટલાક સમયથી સતત ચર્ચાઓ થઈ રહી છે. તાજેતરમાં સોશિયલ મીડિયા અને કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ફિલ્મમાં મધુબાલાનું પાત્ર 'સૈયારા' સ્ટાર અનિત પડ્ડા ભજવવાની છે. જોકે ઈન્ડસ્ટ્રી સૂત્રોએ આ અંગે સ્પષ્ટતા કરી છે.

અનીત પડ્ડાની લિડ એક્ટ્રેસ તરીકેની ડેબ્યૂ ફિલ્મ 'સૈયારા' 2025ની સુપરહિટ ફિલ્મ રહી હતી. ઈન્ડસ્ટ્રી સોર્સ મુજબ, અનિત પડ્ડાને મધુબાલાની બાયોપિક સાથે જોડવું સંપૂર્ણપણે ખોટું છે. સૂત્રએ સ્પષ્ટ કહ્યું, 'અનિત પડ્ડાને લઈને જે સમાચારો ચાલી રહ્યા છે, તેમાં સહેજ પણ સચ્ચાઈ નથી. તેને આ પ્રોજેક્ટ માટે કાસ્ટ કરવામાં આવી હોવાની વાત માત્ર અફવા છે. હાલમાં આ ફિલ્મની કાસ્ટિંગને લઈને કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી.' અનીત પડ્ડા ટૂંક સમયમાં 'ન્યાય' અને 'શક્તિ શાલિની' ફિલ્મમાં જોવા મળશે.ખરેખરમાં, મધુબાલાની બાયોપિકને લઈને સમયાંતરે અલગ-અલગ એક્ટ્રેસિસના નામ સામે આવતા રહ્યા છે. તેમની ફિલ્મ 'મુગલ-એ-આઝમ' આજે પણ હિન્દી સિનેમાની સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મોમાં સામેલ છે. આ જ કારણોસર, તેમના જીવન પર બનનારી બાયોપિકને લઈને દર્શકોમાં ખાસ ઉત્સુકતા જોવા મળી રહી છે. ફિલ્મ પ્રેમીઓ એ જાણવા માટે ઉત્સાહિત છે કે આખરે મોટા પડદા પર મધુબાલાનું પાત્ર કોણ ભજવશે. હાલમાં, ઈન્ડસ્ટ્રીના સૂત્રોના નિવેદન પછી એટલું સ્પષ્ટ થઈ ગયું છે કે અનીત પડ્ડાનું નામ આ ફિલ્મ સાથે જોડવું માત્ર એક અફવા છે. મેકર્સ યોગ્ય સમય આવ્યે જ ફિલ્મની કાસ્ટિંગ અને અન્ય માહિતીની સત્તાવાર જાહેરાત કરશે. આ પહેલા આ ભૂમિકા માટે દીપિકા પાદુકોણ, કંગના રનૌત, માધુરી દીક્ષિત અને કિયારા અડવાણી જેવા નામ પણ ચર્ચામાં રહી ચૂક્યા છે. જોકે, આમાંથી કોઈ પણ નામની સત્તાવાર પુષ્ટિ થઈ ન હતી. તાજેતરમાં અનીત પડ્ડાનું નામ સામે આવ્યા બાદ આ ચર્ચા ફરી એકવાર તેજ બની ગઈ હતી.મધુબાલા ભારતીય સિનેમાની સૌથી સુંદર અને પ્રતિભાશાળી એક્ટ્રેસિસ ગણાય છે. તેમણે પોતાની કારકિર્દીમાં ઘણી યાદગાર ફિલ્મોમાં કામ કર્યું અને પોતાની અભિનય કૌશલ્યની સાથે-સાથે પોતાની સુંદરતા માટે પણ જાણીતી બન્યા. તેમની ફિલ્મ 'મુગલ-એ-આઝમ' આજે પણ હિન્દી સિનેમાની સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મોમાં સામેલ છે. આ જ કારણોસર, તેમના જીવન પર બનનારી બાયોપિકને લઈને દર્શકોમાં ખાસ ઉત્સુકતા જોવા મળી રહી છે. ફિલ્મ પ્રેમીઓ એ જાણવા માટે ઉત્સાહિત છે કે આખરે મોટા પડદા પર મધુબાલાનું પાત્ર કોણ ભજવશે. હાલમાં, ઈન્ડસ્ટ્રીના સૂત્રોના નિવેદન પછી એટલું સ્પષ્ટ થઈ ગયું છે કે અનીત પડ્ડાનું નામ આ ફિલ્મ સાથે જોડવું માત્ર એક અફવા છે. મેકર્સ યોગ્ય સમય આવ્યે જ ફિલ્મની કાસ્ટિંગ અને અન્ય માહિતીની સત્તાવાર જાહેરાત કરશે.

---

બળજબરીથી પતિએ ઈસ્લામ કબૂલ કરાવ્યો, મારાથી ચાર બાળકો કર્યા

# લવ જેહાદની જાળમાં ફસાઈ રૂપસુંદરી!:10 વર્ષ બાદ સયાલી સુર્વેની લાચારી સાથે ધર્મવાપસી

'મિસ ઈન્ડિયા અર્થ 2019' રહી ચૂકેલી લોકપ્રિય મોડલ સયાલી સુર્વેએ પતિ પર જબરદસ્તી ધર્મ પરિવર્તન કરાવવા અને શારીરિક-માનસિક શોષણ કરવાના અનેક ગંભીર આરોપો લગાવ્યા છે. મોડલે પ્રેસ કોન્ફરન્સ દ્વારા આ તમામ આરોપોનો ખુલાસો કર્યો છે. તે છેલ્લા 10 વર્ષથી આ સ્થિતિમાં હતી, જોકે હવે તેણે હિન્દુ સંગઠનોની મદદથી પતિથી છુટકારો મેળવીને ફરીથી હિન્દુ ધર્મ અપનાવી લીધો છે. આ માટે તેણે હવન અને શુદ્ધિકરણ કરાવ્યું છે.પ્રેસ કોન્ફરન્સમાં સયાલીએ જણાવ્યું કે તેણે લાંબા સમય સુધી આતિફ તાસે સાથે રિલેશનશિપમાં રહ્યા પછી વર્ષ 2019માં તેની સાથે લગ્ન કર્યા હતા. સયાલીનો પરિવાર આ સંબંધની વિરુદ્ધ હતો, તેમ છતાં તે પરિવારની વિરુદ્ધ ગઈ અને ઈસ્લામ કબૂલ કરીને લગ્ન કર્યા. ધર્મ બદલીને તેનું નામ અતીજા કરી દેવામાં આવ્યું હતું. વીડિયોમાં તેણે કહ્યું કે તેનો પતિ આતિફ જબરદસ્તી અને દબાણ કરીને તેની પાસે કડક ઈસ્લામિક વસ્તુઓ કરાવતો હતો. તે તેનું શોષણ પણ કરતો હતો. હિંદુ સંગઠનોની મદદથી સયાલી હવે ફરીથી હિંદુ બની ગઈ છે. આ પછી તેણે એક પ્રેસ કોન્ફરન્સ પણ કરી, જેમાં તેણે જણાવ્યું કે તેના લવ મેરેજ થયા હતા. લગ્ન માટે તેને ધર્મ બદલવો પડ્યો, ત્યારબાદ તેના નિકાહ થયા. મોડલનું કહેવું છે કે બાળક થયા પછી તેણે સંબંધમાં રહેવાનો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ



તેની સાથે આખો દિવસ ગાળાગાળી કરતો હતો અને કારણ વગર મારપીટ પણ થતી હતી.પ્રેસ કોન્ફરન્સમાં મોડલને પૂછવામાં આવ્યું કે શું આ લવ જેહાદનો મામલો છે, તો જવાબમાં તેણે કહ્યું, હા, બિલકુલ. લોકો કહે છે કે તે પોતાની મરજીથી લગ્ન કરવા ગઈ હતી. પણ જ્યારે હું ગઈ હતી, ત્યારે મને સમજ નહોતી. હું ભરોસાથી ગઈ હતી. એક સારો માણસ છે એમ સમજીને ગઈ હતી. આટલો મોટો નિર્ણય લીધો હતો. મોડલે એ પણ જણાવ્યું છે કે ઈસ્લામ કબૂલ કર્યા પછી પણ તે હિંદુ ધર્મનું પાલન કરતી હતી, પરંતુ પછી ખુલ્લેઆમ તેનો વિરોધ થવા લાગ્યો. ત્યાં તેને કહેવામાં આવ્યું કે ઈસ્લામ સામે બીજા ધર્મની કોઈ કિંમત નથી. તેને નમાઝ પઢવાનું શીખવવામાં આવ્યું, પરંતુ તેમ છતાં લોકો તેની સાથે માનવતાથી વર્તતા નહોતા. મોડેલે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું છે કે તેમણે મુંબઈમાં પતિ આતિફ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ત્યારથી તે પુણેમાં રહી રહ્યા છે. પોતાની અને બાળકોની સુરક્ષા માટે તે મુંબઈ જઈ રહી નથી. આવા સંજોગોમાં પોલીસ તેનું નિવેદન નોંધાવવા પુણે આવશે. લગ્ન પહેલા હું મોડલ હતી, એવિએશનમાં માસ્ટર્સ કર્યું છે. હું 20-21 વર્ષની હતી, જ્યારે મારા લગ્ન થયા. લગ્નથી લઈને આજ સુધી હું ગૃહિણી હતી. લગ્નથી તેને 4 બાળકો થયા, જેના નામ પણ મુસ્લિમ હતા. બાળકોના નામ આરિસ, ફાતિમા, ખાલિદ અને ગાઝી હતા. પરંતુ પોતે હિંદુ ધર્મમાં પાછા ફર્યા પછી મોડલે બાળકોના નામ પણ બદલીને હિંદુ કરી દીધા છે.

---

લાંબા સમય બાદ મલ્હાર-પૂજાની જોડી સાથે દેખાશે

# ગુજરાતી સિનેમામાં ફિલ્મોનો ધમધમાટ કોમેડી, રોમાન્સ અને સસ્પેન્સનો ત્રિવેણી સંગમ એક બાદ એક વહેશે



ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અત્યારે તેના સુવર્ણકાળમાંથી પસાર થઈ રહી છે. તાજેતરમાં જ કેટલીક મોટી ફિલ્મોની જાહેરાત અને પોસ્ટર રિલીઝ થતા ચાહકોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. આગામી સમયમાં રજૂ થનારી ફિલ્મોમાં જાણીતા કલાકારો અને દિગ્ગજ દિગ્દર્શકોની ફોજ જોવા મળશે.

'ભસતા - રમતા': મિત્ર ગઢવીની નવી કોમેડી રાઈડ

લોકપ્રિય અભિનેતા મિત્ર ગઢવી, તત્સત મુનશી અને શિવાની ભારદ્વાજ આગામી 28 ઓગસ્ટ, 2026ના રોજ પ્રેક્ષકોને હસાવવા માટે તૈયાર છે. 'ભસતા - રમતા' શીર્ષક સાથેની આ ફિલ્મ તેના અતરંગી નામ અને સ્ટાર કાસ્ટને કારણે અત્યારથી જ ચર્ચાનું કેન્દ્ર બની છે.

ધ્વનિ ગૌતમની 'રસિયો રૂપાળો રંગરેલિયો'

જાણીતા ડિરેક્ટર ધ્વનિ ગૌતમ ફરી એકવાર મનોરંજક ફિલ્મ લઈને આવી રહ્યા છે. નીતિશાળી પ્રોડક્શન્સ દ્વારા નિર્મિત ફિલ્મ 'રસિયો રૂપાળો રંગરેલિયો'નું સત્તાવાર પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. જો કલાકારોની વાત કરીએ તો ભાવીન ભાનુશાલી, ભરત ચાવડા, ધર્મેશ વ્યાસ, મિલોની જોન્સા, અશીમા વરદાન ધૂમ મચાવશે.

ફિલ્મના પોસ્ટરમાં કેસિનો વ્હીલ અને ગન જેવા એલિમેન્ટ્સ જોવા મળે છે, જે સૂચવે છે કે આ ફિલ્મ કોમેડીની સાથે સાથે 'કોમેડી કેઓસ' અને રોમાંચથી ભરપૂર હશે. ડિરેક્ટરે કેપ્શનમાં લખ્યું છે કે, 'વોર્નિંગ: લાફ્ટર લોડિંગ... કોમેડી કેઓસ ઓફિશિયલ લોન્ચ થઈ ગયું છે!'.

'ફાફડા જલેબી': મલ્હર ઠાકર અને પૂજા જોષી ફરી સાથે જોવા મળશે 'હું ઈકબાલ' અને 'ભ્રમ' જેવી સફળ ફિલ્મો આપનાર મેકર્સ હવે 'ફાફડા જલેબી' લઈને આવી રહ્યા છે. આ ફિલ્મમાં મલ્હર ઠાકર, પરીક્ષિત, અભિનય બેંકર અને પૂજા જોષી જેવા કલાકારો પોતાનો કમાલ દેખાડશે.

'કર્મના રહસ્યમ': રહસ્ય અને રોમાંચની દુનિયા

એપ્રિલ 2026માં એક મોટું રહસ્ય ખુલવા જઈ રહ્યું છે. આસિફ સિલાવત દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'કર્મના રહસ્યમ' નું પોસ્ટર રિલીઝ થયું છે. આ ફિલ્મમાં ઉત્સવ નાઈક, સપના, બંસી રાજપૂત અને અરવિંદ વેગડા સહિત કલાકારોની લાંબી યાદી જોવા મળશે.

---

ફ્લાઈટમાં બેસતા જ ધબકારા વધી ગયા

# ઉર્વશી રૌતેલાને ઉતાવળે કુવૈત છોડવું પડ્યું:મિડલ ઈસ્ટ તણાવ વચ્ચે એક્ટ્રેસ ભારત પરત ફરી



મિડલ ઈસ્ટમાં વધતા તણાવ વચ્ચે બોલિવૂડ એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા કુવૈતથી ભારત પરત ફરી છે. પરિસ્થિતિ બગડ્યા બાદ તેણે ઉતાવળમાં કુવૈત છોડી દીધું છે. એક્ટ્રેસે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, તે દરમિયાન તે ખૂબ ડરી ગઈ હતી અને તેની આંખોમાંથી આંસુ નીકળી પડ્યા હતા.ખરેખર, તાજેતરના દિવસોમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે વધતા લશ્કરી તણાવને કારણે મિડલ ઈસ્ટમાં સ્થિતિ તણાવપૂર્ણ બની રહી છે. ઘણી જગ્યાએ મિસાઈલ હુમલા અને સુરક્ષા એલર્ટના સમાચાર સામે આવી રહ્યા છે. આ દરમિયાન ઉર્વશી રૌતેલા પણ પોતાના એક પ્રોફેશનલ કામના સંબંધમાં કુવૈત ગઈ હતી, પરંતુ પરિસ્થિતિ અચાનક બગડ્યા બાદ તેને તરત જ ત્યાંથી નીકળવું પડ્યું.એક્ટ્રેસે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં જણાવ્યું કે, જ્યાં સુધી તે ફ્લાઈટમાં બેઠી, ત્યાં સુધી બધું બરાબર હતું, પરંતુ સીટ પર બેઠા પછી અચાનક તેને ગભરામણ થવા લાગી. તેણે લખ્યું કે, તેનું હૃદય ખૂબ ઝડપથી ધબકવા લાગ્યું અને અચાનક ડરની ભાવનાએ તેને ઘેરી લીધી. ઉર્વશીએ કહ્યું કે, તે સમયે તે પોતાને અસુરક્ષિત અને ચિંતિત અનુભવી રહી હતી, તેથી તેણે પોતાના ચાહકોને દુઆ કરવાની અપીલ પણ કરી.

રિપોર્ટ્સ અનુસાર, કુવૈત એરપોર્ટ પર તે સમયે માહોલ પણ ઘણો તણાવપૂર્ણ હતો. ઘણા વિદેશી નાગરિકો ઝડપથી દેશ છોડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સુરક્ષા તપાસ વધારી દેવામાં આવી હતી અને યાત્રીઓમાં ગભરામણ સ્પષ્ટ દેખાઈ રહી હતી. આ દરમિયાન ઉર્વશી પણ એરપોર્ટ પર ભાવુક થઈ ગઈ અને ફ્લાઈટમાં બેસતા પહેલા તેની આંખોમાં આંસુ આવી ગયા.જોકે, ઉર્વશી હવે સુરક્ષિત રીતે ભારત પરત ફરી છે. ભારતમાં પહોંચ્યા પછી, તેણે તેના ચાહકોને જણાવ્યું કે તે ઠીક છે. તેણે સ્થાનિક અધિકારીઓ અને એરપોર્ટ સ્ટાફનો પણ આભાર માન્યો, જેમણે મુશ્કેલ પરિસ્થિતિઓમાં મુસાફરોને મદદ કરી. ભારત પરત ફર્યા પછી, ઉર્વશીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ શેર કર્યો, જેમાં તે તેના ચાહકોને અપડેટ આપતી જોવા મળી. આ વીડિયો દ્વારા તેણે બધાને ખાતરી આપી કે હવે તે સુરક્ષિત છે.